'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર પરમાત્મા છે નિરાકાર

॥ ૧૩ ॥



પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પ્રભુ - જિનેશ્વર - ઈશ્વર - પરમેશ્વર - ભગવાન - God

રોજે રોજનું કામ કરો ઈશ્વરને સમર્પણ !

પ્રત્યેક કર્મ ભગવાન માટે જ કરવાનું કે સમર્પણ
કરવાનું સ્મરણનું સાતત્ય આપોઆપ જળવાઈ રહે છે.
ભગવાનના સ્મરણનું ભાવયુક્ત સાતત્ય એ
જીવનવિકાસની ખરી સાધનામાં અત્યંત આવશ્યક છે.
બધા ઉપાયો જીવનથી છૂટાં પડીને કરવા પડે છે, ત્યારે
ભાગવતનો માર્ગ જીવન દ્વારા જ જીવનવિકાસનો છે.
કંઈ જ કશું ખાસ કે નવું કરવાનું નથી.
તમે જેમ જીવો છો, તેમ જ જીવો, પરંતુ
તમારું બધું જ કામ પ્રભુને સતત સમર્પણ કરતાં જાઓ.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

# પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર પરમાત્મા છે નિરાકાર

॥૧૩॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ


પ્રભુ - જિનેશ્વર - ઈશ્વર - પરમેશ્વર - ભગવાન - God

- **PARAM BHADRANKAR PARMATMA CHHE NIRAKAAR**

  Personal Diaries comprising of thoughts regarding Search of God & His Grace.
  by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 13**

  Year 2025 • સંવત્ ૨૦૮૧ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra




પરમ કૃપાળુ પરમાત્મતત્ત્વ છે જ, એનો સ્વીકાર એટલે પ્રભુનો સ્વીકાર! પ્રભુનો સાક્ષાત્કાર પામેલા પુણ્યાત્માઓ આપણા માટે 'પ્રભુ છે જ!' એના દ્રષ્ટાંતરૂપ છે. એવા પ્રભુના કિંકર બનવું એટલે શુદ્ધ હૃદયે દાસાનુદાસ બનવું, પ્રભુની ઈચ્છાનુસાર સેવા કરી પ્રભુની ઈચ્છાને જ આપણી ઈચ્છા બનાવવાથી પોતાનો આત્મા, સર્વ જીવાત્મા અને પરમાત્મા! એ ત્રણેનો અભેદ જ સાધનાને સિદ્ધિ તરફ લઈ જાય છે.

પ્રભુ પ્રત્યે બહુમાન થવું, એ ય પ્રભુનો જ અનુગ્રહ છે. પ્રભુની નિગ્રહશક્તિથી કામ-ક્રોધ નાશ પામે અને અનુગ્રહશક્તિથી શીલ-સદાચાર મળે છે. પ્રભુનું નામ રટવામાત્રથી જ પ્રભુનું ધ્યાન ધરવાનું ફળ મળે છે. સર્વે ધર્મશાસ્ત્રો નામસ્મરણનો મહિમા વર્ણવે છે, કેમકે આપણો આત્મા વસ્તુતઃ ઈશ્વર છે, તેથી નામરટણ કરવાથી સ્વયં ઈશ્વર થવાય છે, એ વાત બુદ્ધિગમ્ય છે. આ ભાગમાં ભારતીબેને અથાગ પ્રયત્ન કરીને પ્રભુ, ઈશ્વર, ભગવાન, જિનેશ્વર વિષયક ચિંતનોને એકત્રિત કરી ખજાનો પૂરો પાડ્યો છે.

અમારા ઉપકારી દાદાગુરૂદેવ પ.પૂ.પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની અનુપ્રેક્ષાઓ હવે વિષયવાર નાના ભાગોમાં મળી રહેલ છે, તેમાં સુશ્રાવિકા માતુશ્રી **જયાબેન ચુનીલાલ દોઢીયા** પરિવાર એવં તેમના વિનેયી સુપુત્રરત્ન **પારસભાઈ**ની આર્થિક ઉદારતા તથા અમારા સુશ્રાવક દિપકભાઈના સુશ્રાવિકા વિશિષ્ટ પ્રજ્ઞાયુક્ત **ભારતીબેન**ની મહેનતનું ફળ પ્રત્યક્ષ અનુભવાય છે. આ ચિંતનો દ્વારા સૌ આત્મભાવમાં સ્થિર બની પ્રભુમય બનીએ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મારા ઉપકારીના ઉપકારીનો
# કરૂં હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

લંડન / હાલાર

પારસભાઈ ચુનીલાલ હોદીયા

V.V. Imp.

નરસિંહ મહેતાનું પ્રભાતિયું છે કે :

'ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે...
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે...!'
'મટુકીમાં નાંખીને હરિને વેચવા નીકળ્યાં'નો અર્થ:
સહસ્ત્રદળ કમળમાં વાસુદેવ ભગવાન મહ્યાં છે,
એમાં મહીનું તો માત્ર નામ છે.

આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ, તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહીં નીકળે છે, એવા સૂક્ષ્મ સ્વરૂપ - તેને સ્થૂળ કરીને ભક્તિ ગાઈ છે. મહીમટુકી = જ્યાંથી અમૃત ટપકે, ત્યાં સહસ્ત્રદળ કમળ છે, તેમાં આદિ પુરુષ ભગવાન વાસુદેવ બિરાજમાન છે. સત્પુરુષની ચિત્તવૃત્તિ રૂપી ગોપીને તેની પ્રાપ્તિ થતાં તે ઉલ્લાસમાં આવી જઈ ભાન ભૂલી માતા પ્રતિ કહે છે કે : 'આદિ પુરુષની આમને પ્રાપ્તિ થઈ અને એ જ એકમાત્ર પ્રાપ્ત કરવાલાયક છે, બીજું કશું પણ પ્રાપ્ત કરવા યોગ્ય નહિ, માટે તમે એ પ્રાપ્ત કરો!

## ઈશ્વરનો સાક્ષાત્કાર ॐ ૨૮-૮-૧૯૩૪

વિષયોની પ્રાપ્તિ માટે જેટલો પરિશ્રમ મનુષ્ય કરે છે, તેનો દશાંશ પરિશ્રમ પણ ઈશ્વરની પ્રાપ્તિ માટે મનુષ્યે કરવો પડતો નથી. ખરી વાત તો એ જ છે કે મનુષ્યને જેટલી ઈચ્છા વિષયો મેળવવાની છે, તેના આઠમા ભાગ જેટલી પણ જિજ્ઞાસા ઈશ્વરની પ્રાપ્તિ માટે નથી! સાધારણ મનુષ્ય તો ધર્મની વાતો કરવી અને શાસ્ત્રોની નિન્દા કરવી, એને જ પોતાનું કામ સમજે છે.

ઈશ્વર સાક્ષાત્કાર કોણે કોણે કર્યાનું જાણ્યામાં છે? મેવાડમાં મીરાંબાઈ, દક્ષિણમાં તુકારામ, સૌરાષ્ટ્રમાં નરસિંહ મહેતા, બંગાળમાં રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય મહાપ્રભુ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ વગેરે એમની જ વાત છે. જે પણ લોકો કહે છે કે ઈશ્વર સાક્ષાત્કાર થતો જ નથી અથવા તે એક માનસિક ભ્રમ, મનની એક કલ્પનામાત્ર છે, તે કાંઈપણ પરિશ્રમ કર્યા વિના ફોગટ અને ફોગટ બકવાદ કરવાવાળા છે.

ભગવાનની આજ્ઞા કઈ છે ? કેવી છે ?

'आ, समंतात् ज्ञायन्ते अनया इति आज्ञा ।'

જે વડે પ્રભુનું વચન, વર્તન અને વિચાર
સમગ્રપણે જાણી શકાય, તેનું નામ 'આજ્ઞા'.

ભગવાનની આજ્ઞાની આરાધના એટલે...
પ્રભુના વચનની, વિચારની તથા વર્તનની આરાધના.

જે આજ્ઞાનો આરાધક હોય, તે વચનનો - વિચારનો
અને વર્તનનો આરાધક હોય જ. વચન, વિચાર કે
વર્તનથી છૂટી પડેલી આજ્ઞા આજ્ઞારૂપે રહેતી જ નથી.

પ્રભુનું વર્તન સમગ્ર વિશ્વને,
અરે... એકેન્દ્રિય પર્યંતના જીવને હિતકારી છે.
ભગવાનનો વિચાર નિગોદ પર્યંત, અરે...
અભવ્યના જીવ પર્યંત સર્વને હિત કરવાનો છે.
'સર્વ જીવોને હિત થાવ' તેવું જ વચન,
તેવો જ વિચાર અને તેવું જ વર્તન કરવા માટે
ભગવાનની આજ્ઞા છે. 'ઇતિ શમ્ ।'

આજ્ઞા = વચન, વિચાર, વર્તનની સમગ્રતાનો સરવાળો.

આજ્ઞાના નામે ભગવાનના વચન, વિચાર કે વર્તનની
ઉપેક્ષા થાય, તો આજ્ઞા પ્રાણ વિનાનું કલેવર બને.

ભગવાનની મોટામાં મોટી આજ્ઞા શું છે ?

સુખ-દુઃખથી સર્વ જીવોને સમાનપણે જોવા સહિત
જે વસ્તુથી મને દુઃખ કે સુખ થાય,
તે વસ્તુથી બીજાને પણ તેમ જ થાય, એવું અનુભવવું.

ભગવાનની આજ્ઞાનું પાલન એ યથાર્થ મૂળ છે.
આજ્ઞાનું રહસ્યભૂત સૂત્ર વિશ્વબંધુત્વ છે.

આજ્ઞાના આરાધનથી આત્માને લાભ થશે એમ નહીં,
પરન્તુ એ આરાધન વિના આત્માનો નાશ થશે.

ભગવાન અને આત્મા જુદાં નથી.

પ્રભુની આજ્ઞાના પાલનથી આત્માની પ્રસન્નતા થાય છે.

જીવનમાં શુભ કર્મ પ્રભુની આજ્ઞાના પાલનરૂપે કરવું,
ફળની ઇચ્છાથી નહીં. ફળ તો આપણને અપરંપાર મળ્યું છે,
તેનો પ્રભુની આજ્ઞાપાલનમાં સદુપયોગ કરવો, તે કર્તવ્ય.

## ભગવાનની આજ્ઞા એ શું ચીજ છે?

ભગવાને એમ કહ્યું નહિ કે...

'તમારે આ પ્રમાણે વર્તવું કે આ પ્રમાણે ન વર્તવું' પણ
'સર્વનું દુઃખ દૂર થાઓ અને સૌને અત્યંત સુખ થાઓ'
આ વિશિષ્ટ ભાવ ભગવાનને જીવમાત્ર પ્રત્યે આવ્યો,
તે ચતુર્વિધ તીર્થનું પ્રવર્તન કરી જગતની અંદર
તે ભાવ વહેતો મૂક્યો, એનું નામ 'આજ્ઞાપ્રવર્તન'.
જેનામાં પાત્રતા હતી, તેણે તે ભાવ અપનાવ્યો તથા
સૌ જીવોના હિતનો ભાવ બધે ફેલાવ્યો, એનું જ નામ
આજ્ઞાનું પ્રવર્તન અને તેને બાળજીવો અનુસર્યા,
એટલે તેઓએ 'તેમની આજ્ઞા પાળી' એમ કહેવાય.
જ્યાં જ્યાં પણ જગતના હિતની ભાવના પ્રવર્તી રહી છે,
ત્યાં ત્યાં જાણે-અજાણે પ્રભુનું શાસન પ્રવર્તી રહ્યું છે.

ભગવાને વહેતાં મૂકેલા એ ભાવને
આજે આપણે આચાર્ય ભગવંતાદિ પાસેથી પામ્યા,
એ ભગવાને પ્રવર્તેલા તીર્થના પ્રભાવે છે.

પ્રભુની આજ્ઞા એ ધ્રુવ, નિત્ય અને શાશ્વત છે.

જો કર્મનો નિયમ ન્યાયપૂર્ણ છે,

તો ધર્મનો નિયમ સર્વને સુખકારી છે.

કર્મનો નિયમ પણ પ્રભુની આજ્ઞાને આધીન પ્રવર્તે છે.

શાસનની પ્રભાવનાનાં નામે પોતાની પ્રભાવના કરવી,

તે ભગવાનનો અને ભગવાનની આજ્ઞાનો દ્રોહ છે.

ભગવાને પ્રવર્તાવેલા કરૂણાભાવની પ્રભાવના

એ શાસનની સાચી પ્રભાવના છે.

પ્રભુની ભાવનાનાં પ્રચાર માટે સ્થપાયેલા તીર્થના પ્રભાવે આપણને શુભ લાભ આવ્યો, તેથી તથા પ્રભુની ભાવનામાં અને એ ભાવનાથી સ્થપાયેલા તીર્થમાં અને એ તીર્થના સ્થાપકમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે, માટે તેની ભક્તિ કરવા મને પ્રેરણા જાગે છે, તેમાં ભક્તિનો આનંદ છે. અન્યથા જગત મને ભક્ત માને છે, તેનો આનંદ છે, તે માનનો આનંદ છે, ત્યાં નમસ્કારભાવ નહીં હોવાથી શાસન નહીં, કિન્તુ શાસનના સ્થાને પોતાનો માન છે.

સર્વજ્ઞ વીતરાગ ભગવાન જેવો ચૈતન્ય સ્વભાવ જાણ્યો,
તેવા જ ભાવ અનુસાર વર્તવું, તે પ્રભુની આજ્ઞા છે
- એ મહાન સૂત્ર છે. અનંત કાળમાં પોતાને ભૂલીને
બાહ્ય બધું જ કર્યું, કિન્તુ તેને રોકવું જ રહ્યું.
'ઇણં પરમં નાણં પરમો ધમ્મો ઇણમેવ ક્રિયઃ પસિદ્ધો।
ઇણં પરમરહસ્સં ણિચ્છયસુદ્ધં જિણા બિંતિ ॥' અર્થાત્:
આ જ પરમ જ્ઞાન, પ્રસિદ્ધ ધર્મ, પરમ રહસ્ય તથા
શુદ્ધ નિશ્ચય છે, એમ શ્રી જિનેશ્વર પ્રભુ કહે છે.
ઘણાં મહાત્માઓને પ્રભુદર્શનની ઇચ્છા થાય છે, કિન્તુ
૫ જ મિનિટ માટે પણ જેઓ ધ્યાનસ્થ ન રહી શકે,
તેઓ પ્રભુનાં દર્શન કેવી રીતે કરી શકે?
એક પ્રભુને છોડીને બાકી કોઈ જગતની સાથે
પરિપૂર્ણ આત્મસમદર્શિત્વનો સંબંધ ધરાવી શકાતો નથી,
તેને જગતનો નિકટનો સ્નેહી કોઈ હોય,
તો જેઓ રાગ-દ્વેષથી સર્વદા પર થયેલા છે,
તે એક શ્રી વીતરાગ ભગવંત જ છે.

ઈશ્વરાર્પણ એટલે આજ્ઞાપાલન કરવું.

'આજ્ઞા' એટલે આત્મૌપમ્ય અહિંસા - સામ્ય.

તેનું પાલન એટલે હિંસાદિ પાપસ્થાનોનો ત્યાગ અને

અહિંસાદિ નિરવદ્ય ધર્મનું સેવન.

ઈશ્વરની આજ્ઞાનું ધ્યાન કરવા માટે

તેમના પિંડ, પદ, રૂપ અને ગુણનું ધ્યાન આવશ્યક છે.

પિંડ દ્રવ્યરૂપ છે, પદ નામરૂપ છે,

રૂપ આકૃતિરૂપ છે અને ગુણ ભાવરૂપ છે.

આ ચારે પ્રકારે પ્રભુનું ધ્યાન કરવાથી,

પ્રભુની આજ્ઞા ઉપર પ્રેમ થાય છે.

ભગવાનની આજ્ઞા ઉપર પ્રેમ કઈ રીતે આવે?

આજ્ઞાનો પ્રેમ સર્વ જીવોના પ્રેમમાં પરિણમે છે અને

સર્વ જીવોનો પ્રેમ ધર્મધ્યાનમાં પરિણમે છે.

પ્રેમના પાયા ઉપર સ્વાત્મદ્રવ્ય - ગુણ - પર્યાયનું ધ્યાન

થાય છે અને તે ધ્યાન પરમ સામ્યનો હેતુ થાય છે.

ભક્તનો સાચો પોકાર ભગવાનને વિવશ બનાવી મૂકે છે.

પ્રભુની આજ્ઞા ફક્ત બે પદમાં સમાઈ જાય:

એક આશ્રવને છોડવા અને બીજું સંવરને આદરવા.

'આશ્રવ ત્યાજ્ય છે, સંવર ઉપાદેય છે' આવી આજ્ઞા નિશ્ચલ, સુપ્રતિષ્ઠિત અને જીવલોકને હિતકારિણી છે. પરપીડા એ આશ્રવ છે, પરોપકાર એ સંવર છે. માટે જ પ્રભુની આજ્ઞા સર્વ જીવલોકને શુભ કરનારી છે. સર્વ પ્રયત્નથી આશ્રવ છોડવા - સંવર આદરવા યોગ્ય છે. માટે જ જેઓએ આશ્રવો તજી સંવરસ્વરૂપ બન્યા છે, તેઓનું જ શરણું સ્વીકારીને ધ્યાન ધરવા લાયક છે.

'કોઈ જીવને ન દુભવ' એ વીતરાગ પ્રભુની આજ્ઞા છે.

એનું પૂર્ણ પાલન એ જ પ્રભુનું પૂર્ણ ભજન.

'ભજન'નો મૂળ અર્થ છે આજ્ઞાનું પાલન.

આજ્ઞાનું પાલન એ ઉત્કૃષ્ટ ભક્તિ છે.

'आत्मनो मोक्षार्थं जगतो हिताय च ।'

અર્થાત્: આજ્ઞાનું પાલન આત્માના મોક્ષ અને જગતના જીવોના હિત માટે થાય છે, માટે ઉત્કૃષ્ટ કર્તવ્ય છે.

પ્રભુનું નામ અશુભ આસ્રવ રોકે છે, શુભ આસ્રવને
કરે છે, ઉપરાંત સંવર અને નિર્જરાનો હેતુ થાય છે.

એકાગ્રતા દ્વારા મનનાં બધા જ વિક્ષેપો જ્યારે
એકત્રિત થઈ જાય, ત્યારે પરમાનંદનો અનુભવ થાય છે.

અખંડ સુખ ઉપરાંત શાંતિની ચાવી તો
ઈશ્વરના દિવ્ય નામનો જપ જ છે.

આ ચાવીનો ઉપયોગ કરીને અખંડ સુખ મેળવો.

જીવનમાં ઉઠતી મુશ્કેલી - કષ્ટની ચર્ચા જ કરશો મા.
મનમાં પ્રભુચિંતન કરતાં કરતાં વીરની માફક વર્તજો.

તમે તમારી જાતને અલ્પ શા માટે માનો છો?
સાચું તો એ છે કે તમે પોતે જ દિવ્ય તત્ત્વ છો.

એક માત્ર પ્રભુનું જ વિશ્વમાં અસ્તિત્વ છે,
તે વિશાળ પણ છે અને મહાન પણ છે.

નામસ્મરણ અને પરમાત્મસ્મરણ -
એ બન્ને સૌથી સરળ અને સુલભ સાધન છે.

પરમાત્મા સિવાય જગતમાં બીજો કોઈ આધાર જ નથી.

પ્રભુના નામમાં શ્રદ્ધા રાખો અને સર્વ વસ્તુ સહજ થશે.

ૐ ઈશ્વર વારંવાર ઉચ્ચાર કરતાં
માનસિક જપ અધિક અસરકારક છે.
એકાગ્ર મનથી તપસ્યા, મંત્રજપ અને
યોગસાધના કરતાં રહેવાથી આપણામાં જ ઈશ્વરીય
શક્તિનો ઝળહળતો પ્રકાશ થાય છે અને અધ્યાત્મ
જ્ઞાનનું સર્વ રાજ પોતાની મેળે સ્ફુરવા લાગે છે.

તમે અને પ્રભુ એક છો, બધો શોક અને ભેદ તજો.

દ્વૈતની પર તમારું જીવન અને ભગવાન એક થઈ જશે.
અંતર શાંતિ માટે અભીપ્સા અને ભાવના વધારો,
તો જ જપ કરતાં સહેલાઈથી તન્મયતામાં એકાગ્ર થવાશે.
ભગવાનના નામના સ્મરણાદિના પ્રભાવે
ચિત્ત શરીરાકારે નહિ રહેતું, પરંતુ
છાતી અને પેટના અસ્થિ આદિથી એ
અંદરના ભાગમાં વિચાર આદિના આકારે રહે છે.
કૃષ્ણ - કૃષ્ણ પ્રભુસ્મરણ જીવને અચિંત્ય લાભદાયી છે.

પ્રભુપ્રાપ્તિની ઇચ્છાપૂર્તિ માટે બે પરમ સાધન:
ભોગની ઇચ્છાનો ત્યાગ અને પ્રભુનામનો જાપ.

પ્રભુસ્મરણ તથા કર્મનું ફળ ચાહ્યાં વિના
નિષ્કામ ભાવે સેવા કરવાથી મન શુદ્ધ થાય છે.

મન તથા હૃદયની સફાઈ માટે
પરમેશ્વરનું સ્મરણ કરી લેવું, એ પૂરતું છે.

ઈશ્વરસ્મરણ કર્યું, તેની સાથે બધા વિકારો ગાયબ!

જો પ્રભુનામનો જપ છોડી દઈશ,
તો તારા જીવન-મરણનો ફેરો તને નહીં છોડે.

ઈશ્વરનો ઇન્કાર કરનારો અનંત જન્મ-મરણ કરે છે.

માળા જપતાં જે જે વિચારો આવે, તે બધા ઇંદ્રે
મોકલેલા અપ્સરાઓ અથવા તો ભદ્રભૈરવો સમજવા.

સાકરનો ગાંગડો મોમાં મૂકવાથી જીભને સ્વાદ આવે છે,
તેમ પ્રભુનું નામ જીભ ઉપર ચડે,
તેના અનુપમ સ્વાદનો આપણે વિચાર કરવો, કેમકે
પ્રભુનું નામ ભવરોગ મટાડવાની મહાઔષધિ છે.

ભવનો ઓઢેલો અંચળો ફેંકી દઈને, ભગવાનની
ભાવનાના તાણાવાણાવાળી વિશુદ્ધ પછેડી ઓઢવી, તે જાપ.

તે પછેડી એટલે સર્વવિરતિપણું.

સ્વભાવદશા ઉઘડતી જાય, તેમ તેમ તે પછેડી પણ
ખસતી જાય અને પરિણામે સ્વભાવમગ્નતા પ્રગટે.

'જાપ' એટલે ભવને બદલવાની ક્રિયા.

નામજપથી મોટો કોઈ ધર્મ નથી, પરંતુ પ્રભુનું નામ
ચોવીસે કલાક રટાતું નથી, કેમકે આપણી પ્રભુપ્રીતિ
ઓછી પડે છે, એટલે જ બાહ્ય કર્તવ્યોના વિધાન છે.

નામના ઉચ્ચારે આપણો 'નામી' સમાઈ જાય છે.

ભગવાનનું નામ રટવા માત્રથી જ સમસ્ત
પરમાત્માને જાણવાનું અને ધ્યાન ધરવાનું ફળ મળે છે.

સર્વ શાસ્ત્રો અને સંસારના સર્વ ધર્મો ઈશ્વરના
નામસ્મરણનો મહિમા એકસૂરથી વર્ણવે છે, કારણકે
આપણો આત્મા વસ્તુતઃ ઈશ્વર છે, તેથી 'ઈશ્વરનું રટણ
સતત કરવાથી ઈશ્વર થવાય' એ વાત બુદ્ધિગમ્ય છે.

## પ્રભુપ્રેમ તે જ પ્રભુકૃપા છે.

જેનું પહેલું સોપાન નામસ્મરણ, તે માર્ગ સુસાધ્ય છે.

નામજપના અનુષ્ઠાનથી સત્ત્વવૃદ્ધિ થાય છે.
નામ એ ધ્વનિરૂપ છે આકાશતત્ત્વનું હોવાથી
પૃથ્વી - અપ્ - તેજ - વાયુતત્ત્વ કરતાં બહુ
સૂક્ષ્મ અને અધિક શક્તિવાળું છે.
'યોગઃ કર્મસુ કૌશલમ્ ।' અર્થાત્ :
થોડી મહેનતે મોટું ફળ મેળવવાની કુશળતા,
જે ઈશ્વરનાં નામયોગથી સિદ્ધ થાય છે.

આમ નામસ્મરણ એ અન્ય નિરપેક્ષ સ્વતંત્ર સાધન છે.
નામને સ્પર્શ, રસ અને ઘ્રાણ સાથે જેટલો સંબંધ છે,
તેના કરતાં વધુ સંબંધ ચક્ષુ અને શ્રોત્ર સાથે છે.
ઈશ્વરનું નામ ઈશ્વરના જ્ઞાન માટે છે અને
ઈશ્વરનું જ્ઞાન પોતાના શુદ્ધ આત્માના જ્ઞાન માટે છે.
જ્ઞાન માટે વધારે પ્રબળ ઈંદ્રિય ચક્ષુ અને શ્રોત્ર હોવાથી
તે બેના નિગ્રહથી લેવાતું નામ શીઘ્ર ટેવમાં પરિણમે છે.

એમ પ્રભુનો જન્મ કે દેહ પ્રભુથી ભિન્ન નથી, પ્રભુરૂપ છે,
તેમ પ્રભુનું નામ પણ પ્રભુથી ભિન્ન નથી, પ્રભુરૂપ અને
ધ્વનિરૂપ અવતાર છે, તેથી તે પ્રભુની જ શક્તિ છે.
વસ્તુશક્તિને કાર્ય કરવા જ્ઞાનની અપેક્ષા રહેતી નથી,
ભગવાનની પેઠે જ ભગવાનના નામો પણ પતિતપાવન છે.

વાચક - વાચ્યનો ભેદ ભૌતિક પદાર્થને લાગુ પડે છે.
ભગવાન અને ભગવન્નામ એ બન્ને અભૌતિક છે,
આધ્યાત્મિક છે, તેથી તેને એ ન્યાય લાગુ પડે નહીં.

નામનો મહિમા એ અર્થવાદ છે, એટલે વૃથા ગૌરવ નથી.

નામજપ સાધકોને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે.

જ્ઞાનીઓને તે જ્ઞાનનો પરિપાક કરે છે.

ગુરુ - શાસ્ત્ર દ્વારા પરોક્ષ જ્ઞાન થયાં પછી તે અપરોક્ષ થાય
તદર્થે નામસ્મરણથી ચિત્તના મળ - વિક્ષેપાદિ દોષ ટાળવા.
તે જ રીતે અપરોક્ષ જ્ઞાનનો ઉદય થયાં પછી તેને
દૃઢ કરવા પુનઃ પુનઃ નામસ્મરણ આવશ્યક છે.
આ ટેવ પરિપક્વ થયાં પછી તે સહજ બને છે.

જે પોતાની ચિન્તા ભગવાન ઉપર છોડે છે,
તેની ચિન્તા સ્વયં ભગવાન કરે છે.
એ માટે ધ્યાન તથા જપની જરૂર છે.
જપ કરવાથી જન્મકુંડલીના ગ્રહો પણ સુધરે છે.
પ્રભુના નામસ્મરણનો મહિમા અગાધ છે અને સર્વ
ધર્મક્રિયાનો સાર પણ ઈશ્વરમય થવું તે છે, તેથી
જ સર્વ શાસ્ત્રો આપણને ઈશ્વરમય થવાને માટે-
ઈશ્વરના નામનું સતત રટણ કરવાનું જણાવે છે.
ભગવન્નામ ભગવાનનું પૂર્ણ સ્તવન છે.
બાકીનાં બધા સ્તવનો પ્રભુને પૂર્ણપણે વર્ણવી ન શકે.
આખો ભગવાન નામે જ આવે.
ટેટામાં વડની જેમ ૐ નામમાં સમસ્ત પરમાત્મા સમાય છે.
આખો ભગવાન જેને ખપતો હોય,
તેને માટે નામ સિવાય કોઈ આરો જ નથી.
ભાવ સહાયક હશે પણ નામ તો એકમાત્ર સાધન છે.
નામ તો સાથે સાથે સાધ્ય પણ હોય છે.

## ભગવાનનું નામમાં...

'ન' એ સૂર્યવાચક - 'મ' એ ચંદ્રવાચક છે, એ બંનેને

જોડીને મધ્ય નાડી પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય નામમાં છે.

નામથી કનિષ્ઠ પણ શ્રેષ્ઠ બની પરમેષ્ઠિ પદ પ્રાપ્ત કરે,

દુર્ધ્યાની પણ ધર્મધ્યાન બની શુક્લધ્યાન સુધી પહોંચી શકે,

દુર્બળ-નિર્બળ પણ સબળ બની પ્રબળ શક્તિ મેળવી શકે,

આર્ત-રૌદ્રી પણ નિરાકુળ ભક્ત બની સ્વામીપદ પ્રાપ્ત કરે.

જીવનના નામનો મોહ દુઃખ આપે છે,

તેમાંથી છોડાવનાર ભગવાનના નામ ઉપરનો પ્યાર છે.

સાધનાનો સર્વશ્રેષ્ઠ સાર પ્રભુનું નામ જ છે.

ભગવાનનો જપ જો સૌને હોય, તો તેમને પામવાનો

ઉપાય પણ સૌ કોઈ આચરી શકે એવો હોવો જોઈએ.

જેમ અગ્નિમાં દાહકતા છે,



તેમ તે જ અગ્નિમાં પ્રકાશકતા પણ છે.

તેમ એમ જ ભગવન્નામમાં પાપનાશક શક્તિની સાથે

પુણ્યોત્પાદકતા શક્તિ પણ રહેલી છે.

## ૮ પ્રકારના નામાપરાધ

(૧) મહાપુરુષોની નિંદા કરવી તે.

(૨) વિષ્ણુ-શિવ આદિ ઉપાસ્યમાં અંતર સમજવું.

(૩) ગુરુના ઉપદેશ પ્રત્યે ઉપેક્ષાભાવ.

(૪) અશ્રદ્ધાવાનની આગળ નામકીર્તનના મહિમાનું કહેવું.

(૫) શાસ્ત્રોના નિયમોની બેદરકારી રાખવી.

(૬) શાસ્ત્ર સ્વાધ્યાય સાથે પ્રભુનામસ્મરણની તુલના.

(૭) નિત્ય-નૈમિત્તિક કૃત્યોનો ત્યાગ કરવો.

(૮) નામમહિમાના લીધે પ્રભુના અનુગ્રહપાત્ર હોવાની અહંતા.

## નામસ્મરણથી પાપવિનાશ

ભગવદ્ નામમાં પાપનો વિનાશ કરવાની જેટલી શક્તિ છે,
તેટલી શક્તિ તો મનુષ્યમાં પાપ કરવાની પણ હોતી નથી!
મનુષ્યનું ચિંતન શબ્દમય છે,
તેથી ઈશ્વરનું નામ લેવું, તે ઈશ્વરનું ચિંતન જ છે.
નામોચ્ચારણનો મહિમા છે. જે નામમય છે, તે પ્રભુમય છે.
તેને માટે સમસ્ત વિશ્વ જ પ્રભુમય છે.

આ માનવદેહ એ તો પ્રભુનું મંદિર અને
પરમાત્માની સુંદર કલાકૃતિ છે.

નિરામય, નિષ્કલંક દેહમાં પ્રકટેલી બ્રહ્મજ્યોતિ
ભગવાનના નામજપ દ્વારા સતત ગતિમાન રહે છે.

આપણા અહંનો અંચળો ઉતારીને
પ્રભુની સામે જો ઉભા રહીશું - એમાં સમાઈ જઈશું,
તો બધા કાર્યોનાં સમભાગી થઈ અનંતાનંદમાં વિલીન થશું.

'નામના સદુપદેશ ॥૬૬॥'

પ્રભુનામ તો જીવતું પુરાણ છે !

પ્રભુનામ તો વિદ્વત્તા - ભાષા સદ્ગુણ બની જાય છે
અથવા ભાષા ગુણવતી બને છે અર્થાત્ પુરાઈ જાય છે.
ભાષા કાં તો શબ્દથી પુરાય કાં તો કર્મની કુશળતાથી, કિન્તુ
તે તો છીતાં નહિ, તેથી અનાથને નામનું શરણ જડે છે.
નામસ્મરણથી સાધકની આંતરિક સાધના પૂર્ણ થાય છે.
નામથી બાહ્ય ન્યૂનતાની ચમત્કારિક રીતે પૂર્તિ થાય છે
તથા આંતરિક - બાહ્ય બંને પ્રકારના સદ્ગુણો સધાય છે.

# પ્રભુનામજપ = નાવડી

નામસ્મરણ = પ્રત્યેક કાર્યનો ઈશ્વર સાથે સંબંધ જોડવો.

નામસ્મરણનું ક્ષેત્ર ઘણું જ શાસ્ત્રીય પરિમાણ છે.
પ્રત્યેક કાર્ય ઈશ્વરના નામે કરવાથી તે દિવ્ય બની જાય છે.
નામસ્મરણની પ્રક્રિયા પ્રેમ, શ્રદ્ધા, કૃતજ્ઞતાગુણ ઉપર
અને મનોવૈજ્ઞાનિક ચિંતનની પ્રક્રિયા સાથે ઉપર ઊભી છે.
'તદ્ધિ પાપાપહારિ।' નામ એ પાપનું નિરસન કરનારું છે.

સામૂહિકતાના નાશની બીક
પાપનાશની શક્તિ પ્રભુ નામમાં રહેલી છે.
જૈન ધર્મમાં ઈશ્વર નથી, પરંતુ
તેમની જગ્યાએ રાગ-દ્વેષરહિત પુરુષનું ચિંતન આવે છે,
તેનો અર્થ એટલો જ છે કે...

ઈશ્વરનું સ્મરણ પાપમાંથી છૂટકારાનું આશ્વાસન આપે છે.
નામમાં તો એવી શક્તિ છે કે રજેરજ પાપ ધોઈ નાંખે છે.
નામસ્મરણથી પાછલાં કુકૃત્યો તદ્દન સાફ થાય છે તથા
એ જ માનવી સાવ નવો નક્કોર બની જાય છે.

સદ્વિચારોનો સાર એ ભગવાનનું નામ જ છે.

ભગવાનનું નામ જ સફળતાની સઘળી કુંચી છે.

સૌથી મોટી સમજ અને રચનાત્મક શક્તિનો

અજસ્ર પ્રવાહ ભગવાનના નામમાં જ છે.

ભક્તિનું સરલ રૂપ પ્રાર્થના - પ્રભુનું નામોચ્ચારણ છે.

નામોચ્ચારણનું પ્રયોજન = પ્રભુ તરફ ઉન્મુખ થવું તે.

ઈશ્વરના નામની એક સ્વયંભૂ શક્તિ છે, તેથી નામ-

સ્મરણથી ચમત્કાર પણ થાય છે, જે શ્રદ્ધાની વાત છે.

નામસ્મરણપૂર્વક જે કાર્ય કરવામાં આવે, તે

કાર્યની આંતરિક - બાહ્ય ન્યૂનતાની પૂર્તિ તેથી થાય છે.

પ્રભુનું નામસ્મરણ બધાં જ પાપોનું પ્રક્ષાલન કરે છે.

મંત્રજાપથી શરીરની સાતે ય ધાતુ વધે છે અને

અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, એમાં સંશય નથી.

એક બાળકને પોતાના માતા - પિતા ઉપર

જેટલી અને જેવી અપાર શ્રદ્ધા રહેલ છે,

એવી જ શ્રદ્ધા તેને નામસ્મરણ ઉપર થવી જોઈએ.

દીર્ઘકાળ, નિરન્તર અને સત્કારપૂર્વક પ્રભુનું સ્મરણ
સંગત્યાગ અને વિષયત્યાગને સુલભ બનાવે છે.

જીવને ભગવન્નામનો જપ કરવો સહેલો છે, કારણ કે
જીભ સ્વાધીન છે અને ભગવાનનું નામ સુલભ છે.

જ્યાં ભગવાનનાં નામ અને ગુણોનું ગાન થાય છે,
ત્યાં બધાં પાપનાશક - મંગળકારી તીર્થો વિદ્યમાન છે.

ભગવાનના નામમંત્રનો નિરન્તર જાપ કરતાં રહેવાથી
મન મંત્રદેવતાની સાથે મૈત્રીને પ્રાપ્ત કરે છે.

ઈશ્વર ઉપરની આપણી ભક્તિ કરતાં આપણી
ઉપર ઈશ્વરની કરુણા હંમેશા અધિક જ રહેવાની છે.

પ્રભુસ્મરણમાં આવતાં વિઘ્નોનો નાશ પ્રભુસ્મરણ જ છે.

ભગવાનનું નામ લેવું, તે શ્રેષ્ઠ
અથવા દિવ્ય સંગીત કળાનો અભ્યાસ અને પ્રભુનું
રૂપ જોવું, તે શ્રેષ્ઠ કે દિવ્ય ચિત્રકળાનો અભ્યાસ છે.

નામ-રૂપ મિથ્યા છતાં પ્રભુનાં નામ - રૂપ મિથ્યા નહિ,
કેમકે તે સત્ય એવા આત્માને જણાવનારાં છે.

प्रभुनुं नाम लेवाथी प्रभु माने छे के
नामोच्चार करनार मारी साथे एक थवा मांगे छे,
तेथी भगवान तेवा भक्तने मुक्ति आपे छे.
आपणे जेनुं नाम लईशुं छईशुं,
तेना जेवा थवा ईच्छीए छीए.
ज्यां ईश्वर नाम छे, त्यां साक्षात ईश्वर छे.
'सर्वनुं कल्याण थाओ...'
ज्यारे भाव आवे, त्यारे पार्थिव वस्तुनी आसक्ति
अने भविष्य माटेनी चिंताओ दूर थाय छे.
प्रभुना नाम विनानो एक पण श्वासोच्छ्वास जो
तमे खोशो नहीं, तो कदी पण दुःखने जोशो नहीं.
निर्गुणब्रह्म अने सगुणब्रह्म वच्चे
नाम ए साक्षी अथवा तो दुभाषियानुं काम करे छे.
परमात्मानुं नाम हृदयमां स्थिर थतां ज
परमात्मा अहीं तमारा भावने पामतां होय तेवुं लागे,
त्यारे सर्व कल्याणोनी सिद्धि थाय छे.

ભગવાનના નામનું હંમેશાં સાન્નિધ્ય છે જ.

નામરૂપી શબ્દબ્રહ્મ એ પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે જ.

પ્રભુનું નામજપ જો પ્રેમપૂર્વક થાય,
તો તેનાથી ખોવાયેલા આત્માનું દર્શન થાય છે.

જો આખો સમાજ નામનો વિહિત રીતે જાપ કરે, તો
તેનો ખોવાયેલો, ઢંકાયેલો, ભુલાયેલો જગદાત્મા મળશે.

નામસ્મરણથી નવ નિધિ ભરજો.

પરમાત્માનું નામ સ્વયં કેવળ ચૈતન્યવાન છે,
પરમાત્માના ચિન્તન-કીર્તનથી તેમનો યોગ થાય છે.

નામરસ જેણે જેણે પીધો છે,
તે પ્રત્યેક માનવ મહામાનવની પદવીને પામે છે.

નામરસ એકવાર પીધા પછી એનો અમલ જતો નથી,
માનવીને તે સદા ય આનંદરસમાં મગ્ન રાખે છે.

વળી ભાવને અનર્ગલ ધારે પાવો, તો પણ
તે છૂટે તેમ નથી, એ એની અદ્ભુત વિશિષ્ટતા છે.

પ્રભુ પાસે સંસાર નહીં, પ્રભુની પ્રભુતા માંગવાની છે.

# ઉપવાસને કારણે અનુભવાતા ફેરફાર

એકદમાં એકદમાં મને અન્ન છોડી દેવાથી દેહની શુદ્ધિ થતાં નાડીઓમાં શુદ્ધિ અને સૂક્ષ્મતા અનુભવાય છે.

જાપ જે પહેલાં જોર લગાવીને કરવો પડતો હતો, તે હવે તદ્દન સ્થિરતાથી ચિત્તમાં જ ઝડપી થતો જાય છે. પહેલાં ચિત્તમાં કરવા જતાં તે ખૂબ જ ધીમો થઈ જતો.

આ ફેરફાર અનુભવાયો છે.

મનને માત્ર પ્રભુમાં જ જોડવાનું છે, ત્યાં ચિંતન - મનની કસરતનો અવકાશ જ નથી રહેતો. સ્વાસ્થ્ય સુધરી રહ્યું છે, પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આપણું બહુ સુધરશે! વાહ દવા એ તો એનું પથ્ય છે. 'ઇષ્ટનો જાપ કરતાં પ્રભુની દયા સારું કરી રહી છે' એવી ભાવના કરી નકારાત્મકતાને સ્થાન જ ન આપો! સર્વત્ર વ્યાપ્ત ભગવાન જ્યારે સારું કરી જ રહ્યાં છે, ત્યારે સ્વતંત્ર વિચારો કરી આપણે વચ્ચે અવરોધ નાંખનાર તત્ત્વ શા માટે થવું જોઈએ?

અગ્નિમાં ઉષ્ણતા, જળમાં ઠંડક,

સૂર્યમાં તેજ, ચંદ્રમાં શાંતિ, હીરામાં પ્રકાશ,

ફૂલમાં સુગંધ, પવનમાં જોશ, વિજળીમાં ઝડપ તથા

વરાળમાં બળ પણ ઈશ્વર જ ભરે છે ને?

જે કોઈ કહે કે : 'ધર્મકાર્યમાં આનંદ આવતો નથી'

તેને કહેવું કે બરાબર ભૂખ લાગી નહીં હોય!

જે પોતાના બધાં કર્મો પ્રભુને અર્પણ કરે છે,

તે જગતમાં પણ ખરી મોજમાં જ છે!

વડનું બીજ દેખાવમાં તો રાઈના દાણાથી યે નાનું હોય

પણ તેમાંથી ઝાડ થાય, ત્યારે એક મોટો વડલો બને છે,

તેમ ભગવદ્‌નામ શરૂઆતમાં નાનું દેખાતું હશે, પરન્તુ

પરિણામે વડના ઝાડની જેમ તે ઘણું લાભદાયક થાય!

ગાંધીની હાટે પીપર સસ્તી મળે, પરન્તુ તેને ખરલમાં

ઘણાં દિવસ ઘૂંટી હોય, તો જેમ ઊંચે ભાવે વેચાય,

તેમ અંતરખરલમાં પ્રભુનામ ઘણાં દિવસ ઘૂંટ્યું હોય,

તો આત્માને બહુ લાભકારી થાય છે.

જેમ વારંવાર કસરત કરવાથી શરીર સુધરે છે,
તેમ વારંવાર પ્રભુનું નામ લેવાથી જીવ સુધરે છે.

જેમ ઘર્ષણ અગ્નિને પ્રદીપ્ત કરે છે,
તેમ પ્રભુસ્મરણ જીવને નવું જીવન આપે છે.

દરજી, ધોબી અને સોનીની જેમ
પ્રભુ આપણા ઘાટ ઘડવા ફાડે, કૂટે અને ટીપે છે.

જેમ પાણી વિના ઝાડ સુકાઈ જાય છે અને
અન્ન વિના શરીર નબળું પડી જાય છે,
તેમ જપ-ધ્યાન વિના જીવમાં ઈશ્વરભક્તિ ટકતી નથી.

ભગવન્નામ સુલભ છે અને જીભ સ્વાધીન છે,
છતાં જીવો નરકમાં જાય છે, એ મોટું આશ્ચર્ય છે.

અંધારામાં દીવો કરવાથી ઉંદરો નાસી જાય છે, તેમ
ધ્યાન ધરનારના અંતરમાંથી દુર્બુદ્ધિ ભાગી જાય છે.

આંધળો કોણ? જગ-શરણ-પ્રભુમાં આસક્તિ રહિત તે!

આસ્તિકની આંખ બ્રહ્માંડને જોઈ શકે છે,
નાસ્તિક પોતાની સાથે રહેલ પ્રભુને ય જોઈ શકતાં નથી.

માનસિક પણ લખીને કરીએ...

પ્રભુનામનું શબ્દ અને અર્થથી ગ્રહણ કરવું તે.

વિષયોથી દૂર રહી પ્રભુસ્મરણમાં
સમય પસાર કરવામાં આવે, તો આત્મગુણોની
તુષ્ટિ-પુષ્ટિ થાય, એવો સર્વ મહાપુરુષોનો અનુભવ છે.

આ દુનિયાની સઘળી યે વસ્તુ ઈશ્વરે
સર્વ પ્રકારના જીવો - મનુષ્યો માટે ઉત્પન્ન કરી છે,
પરન્તુ મનુષ્યનું અંતઃકરણ તો ઈશ્વરે
ખાસ એની પોતાની માટે જ ઉત્પન્ન કર્યું છે !
માટે અંતઃકરણમાં સદા યે ઈશ્વરનો વાસ બન્યો રહે,
અખંડ સ્મરણ થયાં કરે, એ જ કર્તવ્ય છે.

નામસ્મરણ એ સાધન નહીં પણ સાધનરાજ છે.

જ્યાંથી શબ્દ ઉઠે છે, ત્યાં જઈ ઠર !

ભગવાનને તારાં પોતાનામાં જ જોવાનો અભ્યાસ પાડ.
જેમ કરવાથી જેમ અગ્નિથી ઘાસ બળે છે, તેમ દુઃખના
તારાં ડુંગરાઓ બળી જશે... એ રહસ્યનું રહસ્ય છે.

વાઙ્મય પ્રભુનામ પ્રાર્થનામાં જો બોલાય,
ચિન્તનમય પ્રભુનામ સૂતાં પહેલાં રાત્રે અને સવારે
ઉઠીને એક ક્ષણ માટે, ત્રીજું શ્રદ્ધામય પ્રભુનામ અખંડ.
આ ત્રીજું પ્રભુનામ અભ્યાસથી ઉત્કર્ષ પામી શકાય.

ચૈતન્યસ્વરૂપ વિષે ભક્તિ પેદા કરવા માટે
નામનું રટણ ઉપકારક છે, એમાં કોઈ શક નહિ.

પરમાત્માનું નામસ્મરણ એ
આત્મા ઉપર અનાદિ કાળના ધામા નાંખીને પડેલા
મલીન સંસ્કારોને નાશ કરવાનું સાધન છે.

પરમાત્મા મોક્ષે ગયાં પછી પે અસંખ્ય વર્ષ વીતવા છતાં
પણ તેની સાથે લગાવાની પ્રતિમા અને નામ દ્વારા
આપણા આત્માનું જોડાણ સાધી શકાય છે.

પ્રભુનું નામ હીરો છે, તેની કિંમત ઝવેરી જ સમજે.
પ્રભુનું નામ લબ્ધિ છે, તેનું દાન પુણ્યવંત જ લઈ શકે.

એકાગ્રતા માટે જેની ઉપાસના કરવાની છે,
તેવા પરમાત્માના સ્મરણમાં તમે લીન બનો !

ક્રૂર એવું પ્રાણી પણ જો પોતાની ક્રૂરતા તજે નહીં,
તો મહામહિમ પરમાત્મા પોતાના મહિમાને કેમ તજે ?

ઈશ્વર સમાધિથી પ્રત્યક્ષ થાય છે.

પરમ પ્રેમપૂર્વક વિરહીની માફક પ્રભુનું કરેલ નામસ્મરણ
એ જ નિગૂઢ પરમાત્માને મેળવવાનો પરમ ઉપાય છે.

પરમાત્માનો વિચાર જ અધ્યાત્મવિદ્યા છે.

સર્વાત્મભાવ એ પરમાત્માનું આલિંગન છે.

આ આલિંગન પાડનારું નહિ, જન્મ ખૂંચવી લેનારું છે.

ભગવાનના ૧૦૦૦ નામ ગોતી કાઢનાર દેશ છે ભારતવર્ષ.
ઋષિ, છંદ, દેવતાઓ નહીં, શ્રદ્ધા - ભક્તિ મુખ્ય છે.
સેવાથી મળતી સત્ત્વશુદ્ધિ સાધી પ્રભુસ્મૃતિમાં પરિણમે.

પ્રભુસ્મૃતિ નિરુપાધિક આનંદ જન્માવે છે.

એ આનંદ પૈસા ખર્ચવાથી ક્યાંથી મળે ?

ઈશ્વર ગરજુઓનો પણ ગરજુ રહીને કરુણાનો દરિયો છે.

ઈશ્વર માફ કરતો જ રહે છે,

એની સજામાં પણ કરુણા રહે છે.

## 'આપણને પ્રભુકૃપા મળી છે' એમ ક્યારે કહી શકીએ?

ભગવાનની કૃપા સદા સર્વત્ર છે.
તેને હજુ આવવાનું બાકી રહ્યું નથી,
આપણને ફક્ત 'તે છે' એ રીતનું ભાન હોવું જોઈએ.
કૃપા દરેક ઉપર વરસી જ રહી છે,
તે મેળવવાની આપણી પાત્રતામાં જ માત્ર ફરક હોય!
આપણી તૈયારી, ઉત્કંઠા, અંતઃશુદ્ધિ પ્રમાણે
આપણે તેને ઝીલીએ છીએ, પચાવીએ છીએ અને
આપણાં આંતરિક અને બાહ્ય જીવનના
પરિવર્તન માટે તેનો ઉપયોગ કરીએ છીએ.
જ્યારે પ્રભુકૃપાનો આપણને અનુભવ થાય, ત્યારે
આપણું અંતઃકરણ સંપૂર્ણ નિર્મળ થતાં કોઈ પ્રત્યે દ્વેષ
રહ્યો હોતો નથી, પ્રત્યેક પ્રાણી પ્રત્યે સદ્ભાવ અને
સમભાવથી આપણે રાચતાં હોઈએ છીએ તથા
પહેલાં કદી યે ન અનુભવ્યો હોય, તેવો
[illegible] સાત્ત્વિક તથા દિવ્ય આનંદ અનુભવીએ છીએ.

'દુઃખમાં પ્રભુની કૃપા અને સુખમાં પ્રભુની મહેર'
એ સૂત્રથી લખ્યા છે. જેઓમાંથી બધું સહજ બન્યું છે,
સદા ભગવાનને સાક્ષાત માનીને મંદિરે જાઓ અને
એ રીતે જ બધી ઉપાસના કરો.

ભગવાનની ઉપાસનાથી આપોઆપ સદ્‌વિચાર સ્ફુરે છે.
વેદના પ્રવચનો સાંભળવાથી, તપથી, દાનથી અથવા
યજ્ઞ કરવાથી પ્રભુનું દર્શન થઈ શકતું નથી,
જેના ઉપર પ્રભુકૃપા થાય, તે જ તેના દર્શન કરી શકે.
'પ્રભુની મારા પર સતત કૃપા વરસી રહી છે અને તે જ
મને ઊંચે ચઢાવી રહી છે' એવા શ્રદ્ધાવાળાને જ
પ્રભુનું દર્શન થાય છે, પ્રભુનું માહાત્મ્ય સમજાય છે.
જે આત્માને ચિન્તવે - ઓળખે, તે જ પ્રભુ પામી શકે.
આત્મતત્ત્વને ચિન્તવ્યું નહિ, તેનો માનવજન્મ છે ખરો?
વિચાર + સદાચારમાં અભ્યાસ વધતો જ અમૃત પામે.
પ્રભુને પ્રેમ અને ભક્તિ વડે પામી શકાય, અન્ય સર્વ
ઉપાયો પ્રભુ પ્રત્યે હૃદયના ભાવને વિકસાવવા માટે છે.

## પરમાત્માનું ધ્યાન શું કરે ?

'ભગવન્તેનુધ્યાનબલેન શાશ્વત્,
કૃતાર્થિતાસ્તુ પ્રસન્નં ભવન્તુ ।'

પરમાત્માનું ધ્યાન એ જીવાત્માના કર્મોનો નાશ કરે છે અને તેથી જીવાત્મા સ્વયં પરમાત્મસ્વરૂપ બની જાય છે.

પ્રભુનું ધ્યાન કરવું = પ્રભુના ધ્યાનનું ધ્યાન કરવું.

પ્રભુનું ધ્યાન વિશ્વ પ્રત્યે વાત્સલ્ય અને પોતાના આત્મામાં પૂર્ણતાની દૃષ્ટિવાળું છે. પ્રભુના ધ્યાનનો વિષય આત્મા દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણતાથી ભરેલો છે, તેથી પૂર્ણતાનું ભાન પ્રભુના ધ્યાનમાં અખંડપણે રહેલું છે.

એ જાતનું પ્રભુના ધ્યાનવિષયક ધ્યાન કરવું,
તે પ્રભુનું સાચું ધ્યાન છે.

## આત્માનુભવ - દશમું દ્વાર

બે કાન, બે આંખ, બે નસકોરાં, મુખ, શિશ્ન તથા ગુદા- ઉપરના ૯ દ્વારોને બંધ કરવાથી દશમું દ્વાર ખૂલે તથા પરમાત્માના ધ્યાનથી શાન્ત - સંતોષપૂર્ણ જીવન જીવાય.

## રોજે રોજનું કામ કરી ઈશ્વરને સમર્પણ !

પ્રત્યેક કર્મ ભગવાન માટે જ કરવાથી કે સમર્પણ
કરવાથી સ્વરૂપનું સાતત્ય આપોઆપ જળવાઈ રહે છે.

ભગવાનના સ્વરૂપનું ભક્તિયુક્ત સાતત્ય એ
જીવનવિકાસની ખરી સાધનામાં અત્યંત આવશ્યક છે.
બધા ઉપાયો જીવનથી છૂટાં પડીને કરવા પડે છે, ત્યારે
ભાગવતનો માર્ગ જીવન દ્વારા જ જીવનવિકાસનો છે.

કંઈ જ કશું ખાસ કે નવું કરવાનું નથી.

તમે જેમ જીવો છો, તેમ જ જીવો, પરન્તુ
તમારું બધું જ કામ પ્રભુને સતત સમર્પણ કરતાં જાઓ.
ભગવત્ કેન્દ્રિત જીવનરચના એ ભગવત્પ્રાપ્તિનો માર્ગ છે.

પ્રભુ ઉપરના પ્રેમ વિના કેવળ સ્વપ્રયત્નથી
આપણા અભ્યંતર દોષો જીતી શકવા અશક્ય છે.

આત્મિક આનંદનો અનુભવ થયા વિના
વૈષયિક આનંદની તૃપ્તિ સંપૂર્ણપણે ન ખસે, કિન્તુ
તેનું રૂપાંતર કરવું, એ એને જીતવાનો સાચો ઉપાય છે.

સ્વઇચ્છા રોકી પ્રભુઇચ્છાને આધીન રહેવું, એ જ ખરું નામસ્મરણ અને તે વડે થતી ચિત્ત પ્રસન્નતા છે.

ઇચ્છાના ત્યાગથી અને પ્રબળ તત્વની ઇચ્છાના સ્વીકારથી બુદ્ધિ નિર્મળ થાય છે, વૃત્તિ શુદ્ધ બને છે, ચિત્ત શાંત થાય છે, મન તથા અંતઃકરણ સ્વચ્છ, શુદ્ધ અને પ્રસન્ન બને છે.

એનું જ નામ 'સાત્વિક ચિત્ત પ્રસન્નતા' છે.

પ્રભુદર્શનનો તલસાટ એને કહેવાય કે જ્યારે 'હું મટીને તું અને મારું મટીને તારું થાય' અને ત્યારે જ શરણાગતિ પૂરી બને.

'मनसा चिन्तितं कार्यं दैवमन्यत्रचिन्तयेत् ॥'

આથી શરણાગતિનો માર્ગ સાવ સાદો છે:

'હે પ્રભુ! સદા મારી મરજી પ્રમાણે નહીં પણ આપની મરજી પ્રમાણે થાઓ.'

o

Man proposes, God disposes.

## 'ઈશ્વર સમર્પણ' એટલે...

ઈશ્વરના આશ્રય તળે રહેવું, તે બાબતે કોઈ બેમત નથી.

બાળક તેની માતાની સંભાળ નીચે રહે,
તેની બરાબર એ વાત છે.

જ્યારે આપણે ઈશ્વર પ્રત્યે જાગૃત હોઈએ, ત્યારે
સુરક્ષિતતા, સ્વસ્થતા તથા નિર્ભયતા અનુભવીએ છીએ.

'अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ॥' અને
જેઓ મારી અનન્ય ભાવે ઉપાસના કરે છે, તે મારામાં
જ રત રહેલા ભક્તોનું હું હંમેશા યોગક્ષેમ કરું છું.

અહંકાર અત્યંત હઠીલો રહે છે, તેથી પ્રભુનામ દ્વારા
એને આપણે ઈશ્વરને શરણે ધરી દેવો જોઈએ.

જ્યાં સુધી જાતને પરમાત્માને સમર્પિત કરતાં નથી,
ત્યાં સુધી આપણે સંકટની અવસ્થામાં છીએ,
કારણકે એ સ્થિતિમાં અનેક પ્રકારની ભીતિ
અને ચિંતાઓથી આપણે પરાધીન બનીએ છીએ.

'સમર્પણ કે શરણાગતિ એ સિદ્ધાંત.'
તેને જૈન, બૌદ્ધ, વેદાન્ત અને ક્રિસ્તી-
આદિ સર્વ દર્શનો માને છે.

શરણાગતિના ભાવથી મનને ઊંચે લઈ જઈ આત્માના અખંડ સુખમાં મહાલો. ચિત્તને પ્રભુ પ્રત્યે વાળવા માટે જ આ કિંમતી જીવનનો ઉપયોગ કરવો. એના કરણે આપણે સાચું સુખ - સાચી શાંતિ હાંસલ કરી શકીશું.

જે ઈશ્વરની શોધમાં તમે છો,
તે તો તમારા અંતઃકરણમાં જ બેઠો છે અને
તેના ભાવસ્વરૂપ મૂર્તિ જ તમે પોતે છો.

આપણે ઈશ્વર પાસે મુશ્કેલીઓને દૂર કરવાની માંગણી ન કરવી જોઈએ પણ સર્વ કસોટીઓમાં - આપત્તિઓમાં
પરમાત્માની ઇચ્છા જ જોઈ શકીએ,
તે માટે ફક્ત તેની પ્રાર્થના કરવી જોઈએ.
આપણામાં જો શરણાગતિની ભાવના હોય,
તો બધી જ સ્થિતિમાં સુખ - આનંદી રહી શકીએ.

## સંપૂર્ણ શરણાગતિ એટલે શું ?

જ્યારે આપણે આપણા હૃદયમાં પ્રભુને જોઈએ છીએ
અને સંપૂર્ણપણે તેમને શરણે જઈએ છીએ,
ત્યારે આપણો અહંભાવ સદંતર ઓગળી જાય છે નહીં,
અંતઃકરણમાં જોયાથી બહાર પણ પ્રભુને જોઈ શકીએ.
જો આપણે સર્વને ચાહતા ન હોઈએ અને
'બીજાને તિરસ્કાર કરીએ છીએ, તે વ્યવહાર છે'
એમ અમુક પ્રસંગે જો માનતાં હોઈએ, તો તો
આપણે આધ્યાત્મિકતાની વાત જ ન કરવી, તે બહેતર છે.
આધ્યાત્મિક લાભ થવાથી આપણે આપોઆપ
આ જગતના પ્રત્યેક જીવને ચાહવા લાગીએ છીએ.
જો આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે
કાંઈ જ કરવાની આપણી વૃત્તિ ન હોય, તો પ્રભુના
કે મોક્ષ પામવાની વાતો એ કેવળ ઉપરછલ્લી વાતો
કે મિથ્યા શબ્દો છે. આપણે જે કાંઈ બોલીએ છીએ,
તે ઊંડા અંતરથી ખરેખર માનતાં હોતાં નથી.

આહ્લાદ વિના ભક્તિ જાગતી નહિ અને
સમર્પણ વિના દાસત્વપણું આવતું નહિ.

હૃદય હતાશ થઈ જાય, બુદ્ધિ થાકી જાય, ત્યારે
દીન ભાવે પ્રભુને શરણે જવાથી શાંતિ મળે છે,
કરુણાકર પ્રભુની નિષ્કામ કરુણાના પૂર
નિરંતર વહ્યા કરે છે એવું મન, બુદ્ધિ અને પ્રભુને
શરણાગતિ વડે પ્રત્યક્ષ દર્શન થાય છે.
પ્રભુની શક્તિ અપરાજિત છે, પ્રભુનો પ્રેમ વિશુદ્ધ છે.
પ્રભુના મંગલ આશિષથી સમસ્ત જગત
મારા આત્મદિવ્યત્વમાં અનુરૂપ બની રહે!
જો હું સર્વ જીવોના હિતને માટે
મારાં દેહ, પ્રાણ અને મનને અર્પણ કરતો
પ્રભુનાં શરણે રહું, તો અવશ્ય નિર્ભય બનું.
હૃદયનો ગુપ્તમાં ગુપ્ત પ્રદેશ પ્રભુને અર્પણ કરીએ, તો
કામવાસનાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ બંધનને પણ બાળી શકીએ
તથા એને પ્રભુનાં સ્વરૂપમાં ગાળી શકીએ.

# ખરૂં શરણું પરમાત્માનું.

ઈશ્વરનું સ્મરણ એ મંગળ હોય છે,
જ્યારે ઈશ્વરનું શરણું એ કુશળ યોગ હોય છે.
ખરૂં શરણું આપનારા તો અનંતા સિદ્ધ ભગવંતો જ છે.
શરણું લેનારા, માંગનારા શરણાગત કોઈ વિરલ જ છે.
ભગવાનના હૃદયમાં તો બધાં જ જીવો વસે છે,
પરંતુ ભગવાનને પોતાના હૃદયમાં સ્થાન આપનાર તો
કોઈ ભક્તિયુક્ત વિરલ ભક્ત જ હોય છે.
ભક્તના અભાવમાં ભગવાનની કરૂણા નિરાધાર જ છે.
'શરણાગત જીવ' એટલે સર્વ તીર્થંકર ભગવંતો સાથે
ભાવસંબંધ બંધાવી આપનાર પ્રધાન નિમિત્ત. એને જ
જો ભગવાનની જેમ ઉપાસીએ, તો પછી શું બાકી રહે?
'હે ભગવન્! મને એવી સાધના આપો કે જેથી
હું બધાના ગુણની કદર કરી શકું અને
બધાનાં દોષોને હલાહલ વિષની
જેમ ગળી જઈને અમૃતમાં રૂપાંતરિત કરી દઉં!'

પરમાત્મા = અનંત જ્ઞાન, દર્શન, શક્તિ, લબ્ધિમાન.

'પ્રભુનું શરણું સ્વીકારવું' એટલે અહં મારવું કે:
એક પ્રભુમાં જ ત્રાણ અને શરણ આપવાની શક્તિ છે.

'પ્રભુનું શરણું લેવું' એટલે અહંના
નિર્મળ ભાવે આત્મસ્વરૂપ તરફ લક્ષ કેન્દ્રિત કરવું.
પ્રભુ પોતાને શરણે આવેલાનો ભાર સ્વયં વહે છે.
ભક્તનું હિતાહિત એમનું જ છે. 'યોગક્ષેમં વહામ્યહં |'
સંસાર એ સરોવર, જીવ એ ગજેન્દ્ર, કાળ એ મગર છે.
પ્રભુ દયાળુ છે. પ્રાણીઓની ઉપર દયા કરવા એક પળ
પણ આળસ કરતાં નથી. શરણાગતનું રક્ષણ કરનારા છે.
કાળની પકડમાંથી એક ભગવાન જ છોડાવી શકે.

'કાળે મગરનો સુદર્શનથી નાશ કર્યો' એનો એક અર્થ છે કે:
તમારી દૃષ્ટિ સુદર્શન - સમ્યગ્ દર્શનવાળી - સારી હશે,
તો સર્વમાં તમને ભગવાન દેખાશે અને
તમે કાળના મુખમાંથી છૂટી જશો - કાળને ય જીતી લેશો.
જેને સૌમાં પ્રભુભાવ જાગ્યો, તેને કાળ પણ શું કરી શકે?

## ખરા જગતના નાથને પામવાના ૩ ઉપાયો

(૧) ભગવદાસક્તિ (૨) યોગાભ્યાસ (૩) શરણાગતિ.

(૧) અનાત્મામાં અનાસક્તિ અને પરમાત્મામાં આસક્તિ, અનાત્મ પદાર્થોમાં તત્ત્વથી નિરસતા અને ભગવાનમાં તાત્ત્વિક રસમયતા છે. પરમાત્મા જ એક માત્ર પ્રીતિ કરવા લાયક પદાર્થ છે, એવો દૃઢ નિશ્ચય.

(૨) યોગ, એકાગ્રતા, દૃઢતા, ચંચળતા અને વિક્ષેપથી રહિતચિત્તતાનો પ્રતિદિન અભ્યાસ. યોગ એ તો પ્રભુનો સંયોગ અને પ્રકૃતિનો વિયોગ છે. પ્રકૃતિનો સદાને માટે વિયોગ અને ભગવાનનો સદાને માટે સંયોગ સાધવા યોગાભ્યાસ અનિવાર્ય છે.

(૩) શરણાગતિ એટલે ભગવત્પ્રપત્તિ, પ્રભુની ઇચ્છાને નિષ્કપટ ભાવે આધીન રહેવાની વૃત્તિ.

શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમપૂર્વક
બાળકની જેમ પ્રભુને સમર્પિત થઈ જવાની
સાધકની સહજવૃત્તિ એ શરણાગતિ છે.

## જીવનના બે ઔષધી:

ભગવાનનું શરણું અને વિશ્વના કલ્યાણની ભાવના.

'પ્રભુ શરણું આપે છે' એનો અર્થ એ છે કે:
પ્રભુ સદ્‌બુદ્ધિ, સદ્વિવેક, તત્વચિંતના, વિવિદિષા આપે છે.
મનની ઊંચી દશાએ પહોંચવાનો અને
પૂર્ણ શાંતિ ભોગવવાનો રસ્તો શૂન્યતાનો છે.
શૂન્યતામાં નિવાસ કરવાથી
ભગવાન સિવાય કોઈ અંદર દાખલ થઈ શકતું નથી.
'આપણા સારાં કામ આપણે કર્યાં' એમ માનવાથી જે
સુકર્મો પ્રભુની સત્તાથી થાય છે, તેનું અપમાન થાય.

ભગવાન કહે છે કે:

જે મને સર્વત્ર દેખે છે અને સર્વને મારામાં જુએ છે,
તેનાથી હું જુદો નથી અને તે મારાથી જુદાં નથી.
ભગવાન સર્વને પોતામાં અને
પોતાને સર્વમાં જુએ છે, તેથી ભગવાનના દર્શન
જેને પ્રાપ્ત થયાં, તે ભગવાન સમાન થાય છે.

## પ્રભુ નામસ્મરણથી પ્રાપ્ત થતાં દસવિધ સુખ

'दसविहे सोक्खे पण्णत्ते । तं जहा
आरोग्ग दीहमाउं अड्ढेज्ज कामभोगसंतोसे ।
अत्थि सुह-भोग निक्खम्मे तत्तो अणाबाहे ॥'

અર્થાત: (૧) આરોગ્ય (૨) દીર્ઘ આયુષ્ય
(૩) આઢ્યત્વ = ઘણું ધન (૪) કામ = શબ્દ-રૂપ
(૫) ભોગ = ગંધ, રસ, સ્પર્શ (૬) સંતોષ = તૃપ્તિ
(૭) અસ્તિ = જે વસ્તુની જરૂર હોય, તેની પ્રાપ્તિ
(૮) શુભભોગ = અનિન્દિત વિષયભોગ
(૯) નિષ્ક્રમણ = દીક્ષા, સંયમની ઈચ્છા અને
(૧૦) અનાબાધા = મુક્તિ.

'ભગવાન અનુગ્રહ કરે છે' તેનો અર્થ એ થશે કે...
પરમાત્માના ધ્યાન, પૂજન, સેવા આદિથી
આપણી આત્મસંપત્તિ પ્રગટે છે.
તેઓનું આલંબન લીધું તો જ થયું, તેથી તેઓનો જ
અનુગ્રહ ગણાય. ઉદ્યમ આપણો પણ અનુગ્રહ તેમનો.

## પહેલાં ઈશ્વર, પછી જગત, છેલ્લા આપણે.

પ્રભુના અનુગ્રહ વિષય

સ્વમાંથી છૂટી સર્વમાં આવવું ઘણું દુર્લભ છે.
ઈશ્વર સાથેનો આવા પ્રકારનો ભાવસંબંધ સર્વની
હિતચિંતારૂપ મંગલભાવની સાધનામાં જોડી આપે છે.

## ભગવાન સાથેના ગાઢ સંબંધો કયા ?

પ્રભુ કરુણા કરનારા, આપણે તેમની કરુણાના પાત્ર,
પ્રભુ રક્ષણ કરનારા, આપણે તેમના રક્ષણનું પાત્ર અને
જગતના જાતિના શિરછત્ર એવા પ્રભુની સાથે
આપણો જાતિગત સંબંધ. આ ગાઢ સંબંધો તો
ધ્યાન વિષયના અવસરે પણ યાદ રહેવા જોઈએ.
'પ્રભુ આપણું નિરંતર રક્ષણ કરી જ રહ્યાં છે,'
આ વસ્તુની સ્વાનુભૂતિ થયાં પછી જ 'સ્વ'ની
ચિંતારૂપ આર્તધ્યાન છૂટે તથા સમસ્ત વિશ્વનો
પ્રત્યેક જીવ પ્રભુની અનુસરણી કરુણાનો પાત્ર દેખાય,
ત્યારે કુદરતી રીતે સર્વનો વિચાર પ્રગટે.

ભગવાનના અનુગ્રહનું તેજ જે જીવને મળે છે,

તેનાં બે પરિણામ આવે છે:

એક તેમાં ભગવાનની મોટાઈ જણાય છે,

બીજું તેમાં જીવની હલકાઈ જણાય છે.

પ્રભુની બે શક્તિ છે: એક નિગ્રહ અને બીજી અનુગ્રહ.
નિગ્રહશક્તિથી તે કામ તથા ક્રોધનો નાશ કરે છે અને
અનુગ્રહશક્તિથી તે શમ ઉપરાંત સદાચાર આપે છે.

'તારા કર્તાને તારાપણું સોંપ.'

જેમ જેમ જીવભાવ છૂટતો જાય, તેમ તેમ અંદરના
એકાંતનો રસ્તો ખૂલે છે, જે ભગવાનથી ભરાય છે.
જેમ જેમ તે એકાંતવાસ અને ખાલી થાય, તેમ તેમ
ભગવાનનો આત્મા તે જગ્યાની અંદર ભરાય છે.

આ સૂક્ષ્મ જીવનમાં ભગવાન ભક્તને વશ થાય છે
અને બન્ને વચ્ચે પ્રેમ જાગે છે.

આવું સત્ય તથા એકાંતિક સુખ ભોગવી શકે,
એવા સાધક કેટલા થોડાં છે !

## પરમાત્માને કોણ પ્રિય ?

જે મનુષ્ય ભગવાન પાસે કંઈ માંગતો નથી,
તે ભગવાનને બહુ પ્રિય લાગે છે.
આપણા પુરુષાર્થથી જે ફળ મળે છે,
તે કરતાં ભગવાનના અનુગ્રહથી વધારે ફળ મળે છે.
ભગવાનના અનુગ્રહથી હૃદય દ્રવીભૂત થાય છે,
કઠણતા નરમ પડે છે, અંદર ઠંડક ઉપજે છે અને
વધુ શરણાગતિ રાખવાનું મન થાય છે.
જે ભગવાનને મેળવવા બહું ખોવે છે,
તેને હંમેશા માટે બહું મળે છે.
પ્રભુપ્રેમ પીનારા પ્રભુથી અને
તેના જગતથી કદાપિ દ્વૈતભાવ સહન કરી શકતાં નથી.
ભક્ત ધૃતવ્રત છે, ભગવાન સત્યવ્રત છે.
જે જીવ ખાલી રહે, તેને જ ભગવાન ભરી શકે છે.
'હું એકલો છું, મારું કોઈ નથી, હું કોઈનો નથી'
એમ માનનાર ઉપર જ ભગવદનુગ્રહ ઉતરે છે.

પરમાત્માના નામમાં એવો ચમત્કાર છે કે...

તેના પ્રભાવથી મુશ્કેલ કાર્ય પણ સહેલું થઈ જાય છે.

પ્રભુને વચ્ચે રાખવાથી અધૂરું પણ પૂરું થઈ જાય છે.
પ્રભુની આશા ખાતર, અગર પ્રભુ માટે જે કરવામાં
આવે, તે થોડું હોય, તો પણ ઝાઝું થઈ જાય છે.
આપણા સાધનોના બળ ઉપર નહીં પણ પ્રભુની દયા,
મમતા, પ્રેમ, આનંદ અને સૌનું કલ્યાણ કરવાના
ભાવ સાથે જોઈને સૌ જીવોને મદદ કરવાની ઇચ્છા
એ મોટી સેવા છે.

પ્રભુ સાથે આનંદ થવાની ઇચ્છા તે ભાવ.

જેવી રીતે આભમાંથી વરસાદ વરસે, ત્યારે
તેનું પાણી ભરવા આપણું ભાજન સામે ધરવું જોઈએ,
તેમ પ્રભુની કરૂણા સર્વ જગત માટે વરસી રહી છે,
તેને ઝીલવા આપણું હૃદય તેની સામે ખોલવું જોઈએ.
એ ખોલવાની ક્રિયા માટે જ સર્વ પ્રકારનાં
ધર્મક્રિયાઓ યોજવામાં આવ્યાં છે.

## જગતનો મૂળ સ્વભાવ શું છે?

ઈશ્વર એ જગતનો શ્રેષ્ઠ સૌંદર્યવંત પદાર્થ છે.

જે કાંઈ ભવ્ય અને ઉદાત્ત છે,

તેને ચાહવું, તે જગતનો મૂળ સ્વભાવ છે,

આથી જ ઈશ્વરને સૌ ચાહે છે.

મૂળ સ્વભાવ ખીલવવો, એ જ તત્ત્વજ્ઞાનનો સાર છે.

દૂરત્વ ઈશ્વરથી છે જ ક્યાં કે હું માર્ગ બતાઉં?

દુનિયામાં જે જગત છે, તે બધું ઈશ્વરથી ભરેલું છે. કોઈપણ ચીજ ઈશ્વર વગરની ખાલી નથી. સત્તાની ભાષામાં કહીએ તો 'અહીં કેવળ તેની સત્તા છે, તે જ એકલો સ્વામી છે.' આ સમજવાથી આપણે બધું તેને જ સમર્પણ કરવું જોઈએ અને 'જે કંઈ મળે, તે તેનાં પ્રસાદરૂપ છે' એવી ભાવના રાખવી જોઈએ. 'મારું કશું નથી, બધું ઈશ્વરનું છે' એવી ભાવનાથી જે રહેશે, તે કોઈપણ ચીજ પોતાની છે, એમ નહીં માને, તેથી તેનું બધું થઈ રહેશે - તેને બધું આવી મળશે.

'ઈશાવાસ્યમિદમ્ વાસુદેવઃ સર્વમ્ ।'

ઈશ્વરભાવના વડે પૃથ્વી ઉપરની બધી વસ્તુ - વાસ્ય

ઈશ્વરથી ભરેલ છે, અને નજરે દેખાય છે.

ઈશ્વરની સત્તા સ્વીકારવામાં આવે, એટલે મહારાજનું

સ્વામિત્વ સહેજે બની જાય છે. આશા ભોગની નહિ,

ત્યાગની છે. ઈશ્વરની સત્તા ઓળખી ત્યાગવૃત્તિ સ્વીકારો.

ઈશ્વર દુનિયાને પ્રેરણા આપે છે, પાલનપોષણ અને

નિયમન કરે છે. દેહ તો માત્ર દેહના છે, આત્માના નહીં.

તું ઈશ્વરલીન થતો નહિ, કેમકે તને આત્મલાભ થવું નહિ.

મનુષ્યજન્મનો હેતુ આત્મલાભ મેળવવાનો છે.

૨૪ વર્ષ અધ્યયન, ૪૪ વર્ષ કર્મયોગ, ૪૮ વર્ષ ચિંતન

કરતાં કરતાં દીન બનવું, ઈશ્વર ઉપર આધાર રાખવો.

આત્મા જડમાં લીન થતો નહિ, કેમકે તે ચેતન છે.

પ્રભુની સાથે સંબંધ ધરાવતી પ્રત્યેક વસ્તુમાં

તેમનું પ્રભુત્વ છૂપાયેલું છે.

તેને શોધીને અનુભવવું, એમાં જ પુરુષાર્થની સફળતા.

'ચિન્ત્ય ભૂતદ્ પ્રણમેત્ અનન્યઃ |'

સમજણ: કોઈ ઈશ્વરથી જુદું નથી.

આથી મનમાં પ્રાણીમાત્રને અનન્ય ભાવે પ્રણામ કરીએ. ઈશ્વર એક ચૈતન્યસમુદ્ર છે, તેમાં તરંગો ઊઠે છે ને શમે છે, ઉછળે છે ને પાછા અંદર ભળી જાય છે. ભિન્નતા તે પરમાત્માથી ભિન્નની જ ભૂલ છે. પ્રભુના સ્વરૂપનું ચિંતન તત્ત્વથી નિજસ્વરૂપનું જ ચિંતન છે. માત્ર એક આત્મા પ્રત્યેનો દુર્લક્ષ, ઓછામાં ઓછા ૩૫ સાગરોપમ જેટલા પ્રમાણ કાળને વધારી મૂકે.

એવું ચિન્તન કરતાં કરતાં

ઈશ્વરની પરાર્થકારિતાને વંદન કરવા.

ઈશ્વરની કૃતિ સમજી તેના મહાન ઉપકારો યાદ કરી, પ્રભુના નામ-રૂપ-ગુણ ગાવા. પોતાનો સંકલ્પ તેમાં વિલીન કરીને દેહભાવ છોડવાથી વધારે કલ્યાણકારક મહાસુખને માટે બીજું શું હોય ? સંકલ્પશુદ્ધિ માટે ઈશ્વરનું કરેલું યાદ કર. ઈશ્વરકૃત યાદ કરી, જગત્કૃત ભૂલી જાઓ.

# ઈશ્વરને કોણ જોઈ શકે ?

ઈશ્વરને આપણી, પણ આપણને પદાર્થોની ચિંતા હોય, તેથી ઈશ્વરને સાક્ષી રાખી, નિર્મોહી થઈ કાર્ય કરીએ. શક્તિ ઈશ્વરની કૃપાથી મળે છે અને ઈશ્વરની કૃપા હૃદયની નિર્મળતાથી સાંપડે, તેથી નિર્મળતાનું અમોઘ સાધન શુભ વિચારરૂપ સાચી આત્મશક્તિ છે. શુભ વિચાર કરનારને પહેલાં જરૂર ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધાની છે. તે નહીં હોય, તો સંસારયાત્રા કઠિન છે. પોતપોતાના હૃદયમાં જ ઊંડા ને ઊંડા ઉતરીને જેઓ વિચાર કરશે, તેમને ઈશ્વરની હયાતિ વિષે શંકા રહેશે નહીં. જે હૃદયમાં ઉતરી જઈ પ્રશાંત બને છે,

તે જ મનુષ્ય ઈશ્વરને જોઈ શકે છે.

ઈશ્વરનો વાસ સઘળે છે, એ વાત ખરી છે,
પરન્તુ એનો ઉજ્જ્વલ પ્રકાશ આપણા હૃદયમાં જ છે.
ઈશ્વરનિષ્ઠ મનુષ્ય આત્મરાગી બને છે અને
તેનું સમગ્ર જીવન આનંદમય પસાર થાય છે.

જેઓના સહાનુભૂતિપૂર્ણ સંવેદનશીલ હૃદયમાં
દયા, પ્રેમ, સહાનુભૂતિ છે, તેને આખું જગત મિત્ર છે.

ઈશ્વરનો જે અનન્ય ભક્ત હોય છે,
તે ઈશ્વર પાસે કદાપિ કોઈપણ પદાર્થ માંગતો નથી.
ઈશ્વરમાં એની શ્રદ્ધા એવી મક્કમ હોય છે કે
'ઈશ્વર એને જે આપે, તે ઉત્તમ છે'
એવું માની તે આનંદમાં રહે છે.

ઈશ્વરને ઓળખવામાં અહંકાર આડો આવે છે.
ઈશ્વરભક્તિ કરનારની આત્મભાવના વધતી જાય છે.
આપણે ઈશ્વરને કહેવું કે : 'યથેચ્છસિ તથા કુરુ |'

ભગવાનની જેમ ઈચ્છા હોય અને
શાસ્ત્રમાં જે પ્રમાણે આજ્ઞા કરી હોય,
તેમ રહેવાની ટેવ પાડવી જોઈએ અને તે માટે જેટલું
પણ સહન કરવું પડે, તેટલું સહન કરવા તૈયાર રહેવું.
ભગવાન આકરાં વિઘ્ન મોકલે છે અને
પોતાની કૃપાથી તેને પછી દૂર પણ કરી દે છે.

ખરા ભક્તો પરમાત્મા પાસે એટલું માંગે કે...

કાં તો જગત ભૂલવાની શક્તિ આપો યા તો
જગત તમારું સ્વરૂપ લાગે, એવી દૃષ્ટિ આપો.
શરૂઆતથી મનમાં બેસવું કે 'બધું પ્રભુ કરી આપશે...'
તો ભક્તિ ભાવનામાં પ્રગતિ વધી જાય છે.
માત્ર છેલ્લા વ્યક્તિઓ ભગવાન જેનું બધું સંભાળી લે છે.
ભક્ત તુકારામ અને નામદેવને પણ
શરૂઆતમાં ઘણા શંકાઓ થઈ હતી તથા
દુઃખ અને પીડા ભોગવવા પડ્યા હતાં !
નાનો સંકલ્પ પ્રભુને ગમતો નથી અને
મોટો સંકલ્પ લોકોને ગમતો નથી.
તુકારામે કહ્યું કે : 'આખા સંસારને હું સુખી કરીશ.'
પ્રહલાદે કહ્યું કે : 'બધાને સુખી કર.'
આવા સંકલ્પોની લોકો ભલેને મશ્કરી ઉડાવે,
પરન્તુ એ સંકલ્પ પ્રભુને ગમે છે અને
પ્રભુ જ તમારી પાસે એ સંકલ્પને સાકાર કરાવે છે.

સાધુ-ફકીરોનો ભાવ આપણો ભાવ ન બને, ત્યાં સુધી તેમની સાથે સંબંધ શક્ય નથી. પ્રભુ ભાવગ્રાહ્ય-મનોમય છે.

સાચી સિદ્ધાવસ્થામાં આપણો નિવાસ આપોઆપ જ પરમાત્મામાં હોય, આપણી ચેતના પ્રભુની દિવ્ય ચેતના સાથે સતત ઐક્ય અનુભવતી હોય અને આપણી સર્વ પ્રવૃત્તિ ઈશ્વરપ્રેરિત હોય.

ચિત્ત પ્રભુમાં પરોવાય, તે માનસી સેવા ઉત્તમ છે.

આપણે એક વેંત નમીએ, તો ઈશ્વર એક હાથ નમે છે, એનું કારણ ઈશ્વર કોટિના પરમ પુરુષોને 'જીવ' જેવા પરમતત્ત્વનું અનુમાન હૃદયમાં વસ્યું હોય છે, તેથી સહજ રીતે અંતરથી નમવાના ભાવવાળા જ હોય છે.

ઈશ્વર ઉપર ભરોસો અને સત્કર્મો - બે મળીને એક વસ્તુ બને છે. એક આંતરિક છે, બીજું બાહ્ય.

o

The simple are conscious of God.

જે નિષ્કપટ છે, તેના હૈયામાં દિવ્ય પ્રકાશ ઝળકે છે.

## પ્રભુનો પોઝીટીવ છેડો - પોતાનો નેગેટીવ છેડો

વિજળીની બત્તી કરવા બેય બે છેડા જોડવા પડે છે,
તેમ ભગવાનનું તેજ પણ
પોઝીટીવ-નેગેટીવ ભેગા ભેગ થાય, ત્યારે જ મળે છે.
ભગવાન પોઝીટીવ છે, જગત ઇંદ્રિયો નેગેટીવ છે.
જીવનનાં બે છેડા: જેટલે અંશે જગતથી જોડાયેલાં છે,
તેટલે અંશે નેગેટીવ અને જેટલે અંશે
ચેતનાનો વિકાસ છે, તેટલે અંશે પોઝીટીવ છે.
પરમાત્મા પ્રત્યે પોતાનો નેગેટીવ છેડો અને
જગત પ્રત્યે પોતાનો પોઝીટીવ છેડો રહેવો જોઇએ.

પ્રભુનાં દર્શન કરવા હોય, તો મંદિરનાં
પહેલાં પગથિયે ના થાય, બધાં પગથિયાં ચઢવા જ પડે.

'શ્રવણં સર્વ ધર્મેભ્યો વરં મન્યે તપોધના ।'
ભગવાન કાન દ્વારા પ્રથમ પ્રવેશે છે અને આંખ
દ્વારા પછી દેખાય છે. પ્રભુને મનમંદિરમાં પધારવાનો
કાન જેવો બીજો ઉત્તમ કોઈ દરવાજો નથી.

## 'પ્રભુનું પ્રગટ થવું' એટલે...

આ નાની આંખે પ્રભુના જ દર્શન થવા અને મહિના આવરણોથી ઢંકાયેલ પ્રભુની પ્રેમાળ જ્યોતનું પ્રત્યક્ષ થવું.

વિઘ્નો ઉપર વિજય મેળવવાનો આધ્યાત્મ ઉપાય છે:

પ્રભુના પ્રેમથી સદા ય પ્રફુલ્લિત રહેવું તથા

પ્રભુના આદિશ્રોતમાં અચળ અવલંબનપૂર્વક

સમસ્ત કર્તવ્યોનું પાલન કરવું.

<u>પ્રેમને રોકવો નહીં, વહેવા દેવો, એ જ 'બ્રહ્મવિદ્યા'.</u>

મા બહારનો મેલ ધુવે - પરમાત્મા અંતરનો મેલ ધુએ છે.

બાળ કશાથી ન ધોવાય, તેવા મેલને પરમાત્મા ધુએ છે.

પરમાત્માનો આ બહુ મોટો અનુગ્રહ છે.

કોડો માતાઓનું હૃદય પરમાત્મા પાસે રહેલ છે.

પરમાત્મા સ્વયં પ્રેમ કરવા તરફડે છે.

'આપણી પાસે જે કાંઈ છે, તે પરમેશ્વરનું છે' એમ માની જીવનનો ઉપયોગ સેવામાં કરવો જોઈએ,

તો જ પ્રેમ વધશે, શાંતિ વધશે.

## ઈશ્વરી સાધીનતા કેમ જરૂરી ?

દીનતા, કર્મની સાધીનતા કે પરાધીનતામાંથી છૂટવા માટે.

વળી લૌકિકદૃષ્ટિનો ત્યાગ, શાસ્ત્રદૃષ્ટિનો સ્વીકાર,
મનુષ્યની દૃષ્ટિનો પરિત્યાગ અને
ઈશ્વરી દૃષ્ટિનો સ્વીકાર બહુ આવશ્યક છે.
તીર્થંકર પરમાત્મા ઉચ્ચ કોટિનું આત્મદ્રવ્ય છે, તેથી તે
જગતપૂજ્ય, સન્માનનીય તથા આરાધના કરવા યોગ્ય છે.
સર્વોચ્ચ આત્મદ્રવ્યનું અવલંબન સ્વીકાર્યા વિના
આપણો આત્મવિકાસ અસંભવિત છે.

## ઈશ્વર અને મનુષ્યમાં સમાનતા શું ?

જાણવું, જોવું, ચાલવું, સર્વવ્યાપી થવું,
બધાયની સાથે અભેદનો અનુભવ કરવો તે.
પ્રભુને સમજવા હોય, તો આપણી બધી પસંદગીઓ
અને પૂર્વગ્રહોને બાજુએ મૂકવા જોઈએ.

ઈશ્વરને સતત યાદ નહીં કરો, તો કામ, ક્રોધ અને
મદ જેવા અનેક પાપો લઈને તમે ઘેર આવશો.

મારું ધન કે બળ ભગવાન ઉપરનો વિશ્વાસ છે.

સ્મરણ - જપ વિસરાય ચાલે, પરન્તુ
પ્રભુને વિસરાય ઘડીભર જવા શકીએ નહીં.
પ્રભુ વિસરાય ભાન ફરિયાદ કરવાની જરૂર નહિ.
જે સંજોગો આવા પડે, તેને હસતે મુખડે ભોગવતાં રહી.
આપણે શરીર - વચન - મન ઈત્યાદિ વડે
જે કર્મો કરીએ, તે સર્વના સાક્ષીરૂપ પરમાત્મા છે,
એમ ગણીને અંતઃકરણમાં ઉત્પન્ન થતાં
તમામ સંકલ્પો ઉત્પન્ન થતાંની સાથે જ
તે પરમાત્મા રૂપ છે, એવા પ્રકારના ભાવ વડે
સર્વ ભાવનાઓને કેવળ એક પ્રભુમાં જોડી કરી.

પ્રભુનું ધ્યાન રાગાદિ શત્રુઓ સામે ઝૂઝવાની અને
દુઃખમાંથી છૂટવાની પ્રેરણા તેમ જ શક્તિને આપે છે.

'મા' મોટી છે, તેને નહીં જોઈને બાળક
રમકડાંઓની હઠ કરે છે, તેમ પ્રભુ મોટાં છે, એનું
વિસ્મરણ થવાથી સંસારના વૈભવ મહાન લાગે છે.

## અનંત શક્તિશાળી ઈશ્વરના સ્મરણ - ચિંતન અને દર્શન વડે મનુષ્યોનું ઓજસ વધે છે.

સર્વના કલ્યાણની ભાવના દ્વારા જ પરમાત્માનું
ઓળખાણ અને તેમાંથી આત્મસ્વરૂપનો અનુભવ થાય છે.
તે ભાવના તીવ્રતમ બને, ત્યારે
'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના થાય છે.
તે ભાવે જ તીર્થંકર નામકર્મ નિકાચિત થાય છે.
ત્રણ ભવ સુધી અરિહંત પરમાત્માના આત્માઓ
સર્વ જીવના કલ્યાણની ભાવનામાં ઓતપ્રોત રહે છે.
તીર્થંકરોની 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના જ
સર્વ જીવો ઉપર મૈત્રીભાવના રાખવાનો પાયો છે.
સંગમ અપરાધી અને પાપી હોવા છતાં
તેના ઉપર પ્રભુની કરુણા જ અપરાધી ઉપર પણ
કરુણા ચિંતવના કરવાની વૃત્તિનો પાયો છે.
ભવ્યતર - ગહનતરથી આડંબર વધી જાય છે અને
મનુષ્ય તથા ઈશ્વરની વચ્ચે એક દિવાલ ઉભી થાય છે.

કરુણાવંત ઈશ્વર હૃદયગામ્ય છે, બુદ્ધિગામ્ય નહિ.

ભગવાન ખરું જ કહે છે કે:

હું તને હૃદય દ્વારા મળીશ, બીજે નહીં.
માટે તું મારી આપેલી બુદ્ધિને હૃદયમાં વાળ, બીજે નહીં.
ઈશ્વરનું દર્શન હૃદય દ્વારા જ થાય છે.
જેનું હૃદય સાફ, તેનાં મન-વચન-કર્મમાં સચ્ચાઈ રહેય,
તેનાં સંકલ્પમાં સત્યનો પ્રભાવ રહેય તથા
તેના શબ્દમાં ઈશ્વરને ખેંચવાનું બળ રહેય છે.
ઈશ્વરને પામવાનો રસ્તો હૃદય છે.
હૃદયને સ્વચ્છ રાખવાથી ઈશ્વર મળે છે, મદદ કરે છે.
ઈશ્વરના સાક્ષાત્કારનું દ્વાર હૃદય છે અને
વિશ્વદૃષ્ટિ ઉઘાડવા, એ એનું પહેલું લક્ષણ છે.
ઈશ્વર તો મનુષ્યના હૃદયમાં જ બેઠેલો છે.
તે બહાર ક્યાંથી આવવાનો હતો ?
ઈશ્વરની આરાધના સચ્ચાઈ વગર કદી ફળતી નહિ.
ચોમેર જે પ્રસરી, તે આ + દિવ્ય = પરમાત્મા.

## હૃદયમાં મોટી ગાંઠ શેની છે ?

અભ્યાસ - વૈરાગ્યથી નિરુદ્ધ ચિત્તવાળા જ
હૃદયમાં રહેલા પરમાત્માને જાણી શકે છે.
હૃદયની મોટી ગાંઠ અજ્ઞાનની છે અને એમાંથી જન્મતી
અવિદ્યા - અસ્મિતા - રાગ-દ્વેષ - ભય વગેરેની છે.
જ્ઞાન કે ક્રિયા વડે પ્રભુ મળતાં નથી, કિન્તુ
પવિત્ર હૃદયી પુરુષોને ધ્યાનના પ્રકર્ષરૂપ
જ્ઞાનપ્રસાદ કે પરમ વૈરાગ્ય દ્વારા પરમાત્મા દેખાય છે.

## પરમાત્મા કોને દેખાય ?

પરમાત્મા જ અંતિમ સત્ય છે, તેથી
તેમની પ્રાપ્તિનો ઉપાય પ્રારંભથી જ સત્ય હોવો ઘટે છે.
પરમાત્મા મહાન છે, મહત્તાની અવધિરૂપ છે.
પરમાત્મા આશ્ચર્ય છે, આશ્ચર્યની અવધિરૂપ છે.
પરમાત્મા સૂક્ષ્મ છે, સૂક્ષ્મતાની અવધિરૂપ છે.
ધ્યાનની પ્રકૃષ્ટાવસ્થા જ્ઞાનપ્રસાદ કે પરમ વૈરાગ્યરૂપ છે.
વિશ્વમાં વિશ્વબુદ્ધિ ન રાખતાં વિશ્વનાથની બુદ્ધિ રાખવી.

હૃદયશુદ્ધિ = પ્રસન્ન રહેતા પરમાત્માનો સતત અભ્યાસ.

'પ્રભુ પ્રસન્ન છે' એ જાણવાનું એક માત્ર સાધન
આપણા સત્ત્વ - અસ્તિત્વની શુદ્ધિ છે.

અસ્તિત્વ એટલે હૃદય, મન, તન, મતિ વગેરે.

શુદ્ધ હૃદયને પ્રભુ અને પ્રભુને શુદ્ધ હૃદય કદી છોડી શકતાં નથી, ત્યાં ઉભયની અત્યંત મિલનભૂમિ છે.
પ્રભુ ભાવનાં ભૂખ્યા છે, પદાર્થના નહીં; પ્રેમના ભૂખ્યા છે, દ્રવ્યના નહીં. પ્રસન્નતાનું કારણ ભાવ છે, દ્રવ્ય નહીં.
કરવા, ન કરવા કે કરેલું ફેરવવા ભગવાન સમર્થ છે.

પ્રકૃતિમાં કેવળ સત્તા છે,
જીવાત્મામાં સત્તા અને ચેતનતા બન્ને છે તથા
પરમાત્મામાં સત્તા, ચેતનતા અને આનંદ પૂર્ણ છે.

પરમાત્મા ભૂતાત્મા છે, સત્યેશ્વર-સ્વરૂપ છે, કાળથી પર છે.
ઈશ્વરભક્તિ અને ગુરૂભક્તિ જેના હૃદયમાં નથી, તે બૃહસ્પતિ જેવો બુદ્ધિશાળી હોય, તો પણ તેને અધ્યાત્મવિદ્યાનો પ્રકાશ લાધતો નથી.

## ઈંદ્રિયો બુદ્ધિની ચાકર છે

સદ્‌બુદ્ધિ એ ભગવાનને ઓળખવાનું સાધન છે.

ધન, દેહ, ઈંદ્રિયો અને બુદ્ધિ અનુક્રમે
પ્રભુને પામવાનાં સાધન છે, સાધ્યસ્વરૂપ નથી.
તેઓ ઉપકારનાં કારણો રૂપ છે.
તેથી તેને તેટલું જ સ્થાન આપવું ઘટે છે.

જગતના બધા ય સુખનો સંચય એટલે ભગવાન.

ભગવાનની સાથે જીવને નિત્ય સંબંધ છે,
તેથી તેનું સ્મરણ નિત્ય સુલભ છે.
ભગવાન નામના સ્મરણના બદલામાં
જીવને જીવત્વ આપી જીવની શુદ્ધિ કરે છે.
પ્રભુપ્રેમ જાગે ઈશ્વરની અનુભૂતિ શરૂ થાય છે.
જીવાત્માને પરમાત્મા સાથે જેવો સંબંધ છે, તેવો
અન્ય કોઈપણ દ્રવ્યની સાથે છે નહીં, હતો નહીં, હશે નહીં.
સંસારનો અનુભવ એ પરમાત્માનો વિરહ છે,
સંસારનો લય એ પરમાત્માનો સંયોગ છે.

'ઈશ્વર નથી' એમ કહેનારને પણ ઈશ્વર ચલાવી લે છે.

મહાત્માની ઈશ્વર સાથે જેટલી એકરૂપતા,
તોપણ એ પોતાની વાત કરીને ખામોશ બેસી જશે.
સૃષ્ટિમાં જે ચાલી રહ્યું છે, તેમાંથી બોધપાઠ મળે જ છે.

પ્રભુની કરુણાવૃત્તિ - કરુણાભાવનાનું જ
એક ધ્યાન આપણામાં ઈશ્વર પ્રત્યે
પ્રેમ, ભક્તિ અને સ્નેહ જગાડવા સમર્થ છે.
આ સામર્થ્ય જગતની બીજી કોઈ ચીજમાં નથી.

'પ્રભુનો ઉપકાર છે' માટે તેમને ભજવાના છે? ના.
'આપણા ઉપર કરુણા છે' માટે ભજવાના છે.
ભગવાનમાં કરુણાભાવ છે એમ નહીં, પરન્તુ
ભગવાન કરુણા સ્વભાવી છે.

પ્રભુઆરાધનાનો આરાધક તે જ કે જે પ્રભુની ભાવનાનો
આરાધક હોય. પ્રભુની ભાવના સર્વ જીવના હિતની છે.
એ ભાવનાનો પ્રભાવ જેના અંતરમાં વસ્યો હોય,
તેના અંતરમાં જ પ્રભુનો ધર્મ વસ્યો છે, એમ કહેવાય.

પ્રભુ પ્રત્યે ભાવ ઉત્પન્ન કરનારે જ પ્રભુ તથા
તે ભાવનું ફળ આપનાર પણ પ્રભુ છે.

ભગવાન પાસે માંગવાનું કંઈ નથી, તો પણ
ભગવાનમાં સર્વ કંઈ આપવાનું સામર્થ્ય છે.
તે સામર્થ્ય માનવામાં જ ન આવે - માંગવામાં જ ન આવે,
તો ભગવાનને માન્યા એ ન માન્યા બરાબર જ છે.
માંગ્યા વિના જ સર્વ કંઈ આપવાનું સામર્થ્ય હોવાથી
તેમની પાસે માંગવામાં દોષ માનેલો છે,
અન્યથા તે દોષ એ દોષ ગણાય નહીં.
સૌની ઇચ્છાના વિષય સુખલાભ અને દુઃખનાશ છે.
પ્રભુ તેનાં સાધ્ય આપનારા છે, કેમકે તેઓ
સર્વનાં સુખનો વિચાર - દુઃખોનો નાશ કરનારા છે.
પ્રભુ તે ખાતર જ જાતે સિદ્ધ કરી નિર્વાણ પામ્યાં,
તેથી જ પરમકૃપાળુ પરમાત્માની ભક્તિ
રાગ-દ્વેષ, અહં-મમ, ક્રોધ, માન, માયા, લોભ, મદ તથા
અહંકાર કે અભિમાનનો નાશ કરનાર છે.

# ભગવાન કોને મળે ?

તપ કે વ્રત આદિ કર્મ કરવાથી ભગવાન મળતાં નથી
પરંતુ જ્યારે વૃત્તિઓ શાંત થાય, અંતઃકરણ શુદ્ધ થાય,
જ્ઞાન સ્વચ્છ થાય અને ધ્યાન - સત્ત્વ ધરાય,
ત્યારે વિકારરહિત આત્માને ભગવાન મળે છે.
આંધળાની લાકડી, રાંકનું રતન, માંદાની દવા,
નિર્બળનું બળ અને ડૂબતાનું વહાણ ભગવાન છે.
જે તને ભૂલતો નથી, તેને તું કેમ ભૂલી જાય છે ?
સૂર્યના અજવાળાં માટે પ્રભુને કર આપવો પડત,
તો શું આપણે આપી શકત ? બુદ્ધિદાતા પ્રભુ સિવાય
સૌ સારાં કાર્યનું માન કોને ઘટે ? ઈશ્વરને જ ઘટે છે.
ધણની દરેક ગાયને જેમ ગોવાળ ઓળખે છે,
તેમ ઈશ્વર પ્રત્યેક જીવને ઓળખે છે.
ઈશ્વરને આપણે જોતાં નથી, ઈશ્વર આપણને જુએ છે.
આપણી દરેક કૃતિ ભગવાનની સાથે જોડવી જોઈએ
એટલે કે ભગવાનની ઇચ્છા રૂપ સમજવી જોઈએ.

જે પોતાની ઈચ્છાને ઈશ્વર ઈચ્છામાં લય કરશે,

તેની બધી ઈચ્છા ભગવાન પૂરી પાડશે.

છોકરી બાપની શિક્ષા ખમી લે, તેને માથે બાપનું હેત રહે.

પ્રભુના પ્રિય થવું હોય, તો પ્રભુ રાખે તેમ રાજી રહો.

ભક્તોને ભગવાનમાંથી એટલો બધો આનંદ આવે છે કે

તેમને બીજી કોઈ વસ્તુની ઈચ્છા રહેતી નથી.

સંસારી માટે ભગવાન ધન, ભક્તો માટે ધન ભગવાન.

ઈશ્વર પાસે કરેલા કે સાંભળવા કરતાં

તેમની આજ્ઞા પાળવાની કીંમત ખૂબ વધારે છે.

જ્યારે ઈશ્વરમાં આસ્થા આવે, ત્યારે તમારા અંતરમાં

ઘણુંખરું ઉત્તમ સદ્ગુણોનો પાયો પડશે, એમ જાણજો.

ઈશ્વરના રાજ્યમાં અંધેર નથી.

ખોટાંમાંથી ઝાડું કરી લેવા ઈશ્વરમાં ભરોસો રાખો.

ઈશ્વરને રાજી રાખવાનો એક જ માર્ગ છે કે

જીવમાત્ર પ્રાણીનો દ્રોહ કરવો નહીં.

ઈશ્વરને જાણવો એ જીવન, ન જાણવો એ જ મરણ.

જેની પેઢીમાં ઝાઝું ધન હોય, તે મોટાં કે
જેના હૃદયમાં ઈશ્વરનું નામ હોય, તે મોટાં?

મનુષ્યો બહારનાં કામ જુએ અને તેના વખાણ કરે છે.
ઈશ્વર બહારનાં કામ જોતો નથી, પરંતુ
જે મતલબે કામ કર્યું છે, તે મતલબ જુએ છે.

તમારા પૂજા-પાઠ, વ્રત, તપ, તીર્થ, દાન કે યજ્ઞ -
ગમે તેવાં મોટાં હોય પણ જો પ્રભુપ્રીત્યર્થ ન હોય, તો
તેની કીમત પ્રભુની નજરમાં કાંઈ નથી, એમ સમજો.

જે ઈશ્વરને તજી મનુષ્યને ભજે છે,
તે થડને છોડીને પાંદડાને પાણી પાય છે.

જેને ઈશ્વરનો ડર નથી, તેને મનુષ્યોનો ભય વધુ.

જે મનુષ્યો સાથે ઝાઝી વાતો કરે છે,
તે ઈશ્વર સાથે થોડી વાતો કરે છે.

જગતના ભક્તને ઈશ્વરની પડી નથી અને
ઈશ્વરના ભક્તને જગતની પડી નથી.

ઈશ્વર દયાળુ છે, છતાં પાપીને શિક્ષા કરે જ.

જે સુખ આવ્યા પછી પ્રભુને વિમુખ થવાં લાગે,
તે સુખ નહિ, પરન્તુ છૂપું દુઃખ છે.
અને સમજો કે જે દુઃખ આવ્યા પછી ઈશ્વર ભણી
વળવા લાગીએ, તે દુઃખ નહિ પણ ઈશ્વરની કૃપા છે.
ઈશ્વર ભક્તોને ઊંચે ચડાવવા ઈચ્છે છે,
માટે જ તે ભક્તોની પરીક્ષા લે છે અને નાસ્તિકોને
ઊંચે ચડાવવા નહિ, તેથી તેની પરીક્ષા લેતાં નહિ.
આપણી માથે ઈશ્વર બેઠો છેલા છે,
માટે તમે કદી કદી પણ નિરાશ થશો નહીં.
આપણે પાપ કરીએ છીએ, છતાં હજુ સુધી જીવાડે છે,
એટલા જ સારૂ કે પાપનો પસ્તાવો કરી
આપણે પ્રભુ પાસે જવા લાયક થઈ શકીએ!
સૌને રહેવા પૃથ્વી રૂપી ઘર, આસમાન રૂપી છાપરૂં,
સૂરજ રૂપી દીવો તથા હવા - પાણી વગેરે
સર્વ પદાર્થોમાં બધાનો સરખો ભાગ રાખ્યો છે.
ઈશ્વર વિશ્વવ્યાપી અને વિશ્વાતીત - બન્ને સાથે છે.

ઈશ્વર સર્વ ગુણોએ પરિપૂર્ણ હોવાથી સૌને પોતાના જેવા પૂર્ણ કરવા ઈચ્છે, એવા દેવાધિદેવ પિતા છે.

ઈશ્વરને ભજે અને મનુષ્યોને ભૂલે, તે જાણે બાપ સાથે મિત્રતા અને દીકરા સાથે વેર રાખે છે!
મનુષ્યનું ભલું કરે, પરન્તુ ઈશ્વર ઉપર પ્રેમ ન રાખે, તે દીકરા સાથે દોસ્તી રાખે છે - બાપથી અજાણ્યા છે.

ઈશ્વરની ઈચ્છાથી શુભ જન્મ થાય છે, માટે તે કર્તા,
ઈશ્વર સૌને નિભાવે છે માટે પાલક,
મા-બાપના અંતરમાં પ્રેમ આપે છે માટે પિતા,
સારાં કામ કરવાની બુદ્ધિ આપે છે માટે ગુરુ,
ઈશ્વર મર્યા પછી ઉદ્ધાર કરે છે માટે તારક,
સંકટ વખતે નક્કી રાત્રે સંભાળ લે છે, માટે રક્ષક પણ છે.

કાનમાં સાંભળવાની, આંખમાં જોવાની, નાકમાં સુંઘવાની,
દાંતમાં ચાવવાની, પગમાં ચાલવાની અને
જીભમાં બોલવાની શક્તિ - બધી પ્રભુની જ શક્તિ છે
અને પ્રભુની દયાનું જ પરિણામ છે.

ઈશ્વરાર્પણ બુદ્ધિથી થતું પ્રત્યેક કર્મ
જીવને બંધનથી મુક્ત કરે છે અને
તેથી જ તેમાં સ્ખલન કે પતનનો ભય નથી.
કર્મ તો પ્રત્યેક જીવને થયાં જ કરતું હોય છે, માત્ર
તેમાં કર્તૃત્વ - કર્મફળ - ભોક્તૃત્વબુદ્ધિનો નાશ કરવાનો છે.
કર્તૃત્વ અને ભોક્તૃત્વ ઈશ્વરને સમર્પણ કરવાનું છે.
અહીં 'ઈશ્વર' એટલે અંતરાત્મા, પરમાત્મા.
કર્મનો કરનાર પોતે નથી પણ અંતરાત્માનો પ્રેર્યો કરે છે
અને અંતરાત્માને પ્રેરનાર પરમાત્મા છે.
અહંકાર અને તજ્જનિત રાગ-દ્વેષનો
નાશ કરવાનો સરળ ઉપાય ઈશ્વરાર્પણ બુદ્ધિ છે.
તે કર્મના કર્તૃત્વનું અને કર્મફળના ભોક્તૃત્વનું વિષ
સંપૂર્ણપણે હરી લે છે અને તે ઉપરાંત
ઈશ્વર પ્રણિધાન વડે પ્રતિપક્ષમાં અમૃતસિંચન થવાથી
પ્રત્યેક કર્મ તેને કર્મબંધનથી મુક્તિ અપાવનાર થાય છે.
કર્મબંધનનું કારણ હતું, તે જ કર્મમુક્તિનો હેતુ થાય છે.

ઈશ્વરના સંકલ્પોને સિદ્ધ કરવા માટે
ઈશ્વરના પ્રત્યેક કાર્યની પરિપૂર્ણતા માટે
જે અતિમાનસ યોજનાની અભીપ્સા કરશે,
તેઓને માટે ઈશ્વરનું અવતરણ શક્ય બનશે.

ઈશ્વરી ઈચ્છાને પ્રત્યક્ષ કરી, તે સાથે મેળ સાધી, પોતાની ઈચ્છા અર્પણ કરીને થતું કાર્ય એ પરોપકારી, સેવાભાવી, નૈતિક - ધાર્મિક કૃત્ય નહિ પણ ઈશ્વરી કાર્ય, દિવ્ય કર્મ છે. એ કર્મથી જ જગતની ગતિ ઊર્ધ્વ, સત્ય અને પરમાત્મા તરફ વળાવતી બને છે. એવા કર્મ કરનાર વ્યક્તિને જગતમાં પ્રત્યેક સ્થળે ઈશ્વરી તત્ત્વનો ભેટો થાય છે. ડગલે - પગલે તેને ઈશ્વરના સંવાદનું સુગાન પ્રત્યક્ષ છે.

તેના કર્મનું મૂળ માનવ પ્રકૃતિમાં નહીં, પરંતુ
ઈશ્વરી પ્રકૃતિમાં હોઈ, તે ઈશ્વરનું કરણ બનેલો હોઈ,
સર્વ સંઘર્ષોને અંતે જન્મનારાં સંગીતનું ભાન ત્યારે
વીણાના તાર વિસંવાદી ઝણકારથી મેળવાતાં હોય છે,
ત્યારે પણ તેનામાં જીવતું - જાગતું હોય છે.

ભગવાનની ઇચ્છા બળવાન છે,
કેમકે તે સર્વનું કલ્યાણ ઇચ્છનારી છે.
તે બળવાન હોવાથી તેમની ઇચ્છાનુસાર જ જગત ચાલે છે.
ભગવાનની ઇચ્છા બધાને સુખી કરવાની હોવા છતાં
બધા સુખી થતાં કેમ નથી? કારણ કે બધા ભગવાનની
ઇચ્છા પ્રત્યે કૃતજ્ઞતાભાવ ધારણ કરી શકતાં નથી.
બુદ્ધિમાન મહાપુરુષોનું કામ પોતાનામાં તથા અન્યોમાં
ઈશ્વરનું અંતઃસ્વરૂપનું દર્શન કરવું, તે જ છે.
એ જ છે યજ્ઞ, પૂજન, દાન, ભક્તિ, તપ અને વૈરાગ્ય.
નિષ્કામ કર્મ, અનાસક્તિ યોગ અને
બ્રાહ્મીસ્થિતિનું ભજન પણ એ જ છે તથા
સ્થિતપ્રજ્ઞતાની પહેલી અને છેલ્લી શરત પણ એ જ છે.
ભગવાનને સાધન બનાવતા ભક્તને મન
સ્વર્ગ વગેરે બધાં સુખો તુચ્છ છે.
પરમાત્મામાં આત્માને જોવો, એ ભેદ પ્રતિપાદન છે.
આત્મામાં પરમાત્માને જોવો, એ અભેદ પ્રતિપાદન છે.

ભગવાન કરતાં ભજન નંબરે ભગવાન

આ વિશ્વમાં કોઈ રહસ્ય, તો તે 'આત્મા' છે.

તેને પ્રાપ્ત કરવા ભગવાન સિવાય કોઈ સમર્થ નથી.

ભગવાનની આજ્ઞા ભગવત્પરાયણ થવાની છે.

જાતને ભગવાન સાથે જોડી દેવાની આજ્ઞા છે.

સર્વત્ર સર્વ ભૂતોમાં ભગવાનને જોવાની આજ્ઞા છે.

ઘટ - ઘટમાં એક જ પરમાત્માની મન:શક્તિ છલી છે,

એનો સાક્ષાત્ અનુભવ કરવાની આજ્ઞા છે.

એ માટે અહિંસાદિનું દૃઢપણે પાલન કરવાની આજ્ઞા છે.

આરાધનનો મુખ્ય આધાર

એ પ્રભુની આજ્ઞા અને ભક્તિ છે.

એ રીતે પોતાની જાતને

ભગવાન સાથે જોડનાર છેવટે ભગવન્મય થાય છે.

નામ અને રૂપ રૂપી બે કિનારાવાળી સચ્ચિદાનંદમયી

ગંગા એ પતિતપાવની તીર્થભૂમિ છે.

તેમાં સ્નાન કરનાર શુદ્ધ થયા વિના ન રહે.

## ઈશ્વરની કૃપાને પાત્ર થવા માટે

પ્રભુનાં નામ અને રૂપનું પુનઃ પુનઃ સ્મરણ કરવાનું છે.
તે દ્વારા ભક્તિ જાગે અને ભક્તિ વડે કૃપા લાધે છે.
ઈશ્વરમાં જેને અનન્ય શ્રદ્ધા છે, તેનાં દર્દો, દુઃખો અને
આપત્તિ ઈશ્વર પોતે આંખના પલકારામાં દૂર કરે છે.
જેની જેવી જેટલી શ્રદ્ધા, તેવી અને તેટલી સિદ્ધિ.

ઈશ્વરને ઓળખ્યા વિના શ્રદ્ધા કઈ?

હૃદયમાં ઊંડા ઉતર્યા વગર ઈશ્વર ક્યાં?

એકાંત વગર હૃદય કયું?

પ્રત્યેક મનુષ્યને ઈશ્વરનો અનુભવ થયાં જ કરે છે,
છતાં તે એમ માને છે કે આ અનુભવ નહિ, ભ્રાંતિ છે.
એ ભ્રાંતિને કોઈ 'શેતાન', તો કોઈ 'માયા' કહે છે.
એ માયાને જીતવી ઘણી જ દુષ્કર છે.
ઈશ્વરનું દર્શન નિરિંદ્રિય હોય છે.
ઈશ્વરનો પ્રેમ ઉત્સાહનું સ્વરૂપ ધારણ કરે છે.
ઈશ્વરની ખોજ જ એની કૃપા પહેલું સત્ય વસ્તુ છે.

'ભગવાન સર્વનું ભલું કરો.'

'સિદ્ધચક્ર ભગવંતની જય હો.'

'અરિહંત ભગવાનની જય હો.'

'ભગવાન સર્વનું કલ્યાણ કરનારા છે.'

ભગવાનના દર્શન અને પૂજન વખતે

જ્યાં સુધી આવા વિચારો સ્થિર ન થાય,

ત્યાં સુધી દર્શન - પૂજનનો ખરો આનંદ આવે નહીં!

'ભગવાનની પૂજાથી મને એકલાને કે મારાં કુટુંબીજનોને કે મારાં સંબંધીવર્ગોને સુખ મળો' એટલો જ વિચાર હોય, 'સર્વનું કલ્યાણ થાઓ' એવો વિચાર ન હોય,

ત્યાં સુધી પ્રભુની સાથે ઓળખાણ નહિ.

પ્રભુ તો સર્વના છે,

તેમ આપણે જ્યાં સુધી સર્વના ન થઈએ,

ત્યાં સુધી પ્રભુ સાથે ભાવસંબંધ ન થાય.

## ભાવસંબંધ કરવાની રીત

પ્રભુનો + સકલ જીવોનો + આપણો ભાવ એક થવો તે.

# આપો અને મેળવો

સર્વ પ્રાણીઓને આત્મરૂપે ભાવ આપો અને
પોતાના આત્માનો પરમાત્મરૂપે ભાવ મેળવો.
સર્વ આત્માઓને આત્મરૂપે ભાવ આપવો,
તે આપવાની ક્રિયા છે અને
પોતાનો પરમાત્મભાવ પામવો, એ મેળવવાની ક્રિયા છે.
જેની પાસેથી મેળવવાનું હોય, તેને આપવું જોઈએ.
હું બધાંય ભાવ બીજાઓને આપું છું,
તેથી ભાવ મને પ્રભુ પાસેથી મળે.
પ્રભુ પાસેથી આપણે તેટલું જ મેળવીએ છીએ કે
જેટલું આપણે બીજાને આપીએ છીએ.
બીજા જીવોને આપણે આત્મરૂપે ભાવ આપીએ, તો
પરમાત્મા પાસેથી આપણે પરમાત્મરૂપે ભાવ પામીએ.
ભગવાન એ 'ભગવાન' બન્યા છે,
કારણ કે તેમણે પરમ ગુણને સ્વીકાર્યો છે અને
પરમને ગુણ કરવા માટે પુરુષાર્થ ઘણો સેવ્યો છે.

હૃદયમાં જઈને જો ઈશ્વરને ઓળખીએ,

તો એની શક્તિ આપણામાં તાજગી અને બળ આપે.

અદૃશ્ય શક્તિ = ભગવાન, પરમાત્મા કે આત્મા.

દૃશ્ય શક્તિ = સદ્ગુરુ, સંત કે યોગી નામથી સંબોધાય.

સંતો અને ઋષિઓના શબ્દો બોધક હોય છે.

એના રહસ્યો જુદા હોય છે.

એ શબ્દો બારાખડી નહીં પણ શક્તિ ભરેલાં હોય છે.

ઈશ્વરમાં વ્યાપેલા અવિચળ શ્રદ્ધાથી તેઓ નિર્ભય હોય.

માનવશરીરની પ્રાપ્તિ ઈશ્વર સેવાર્થે છે.

ઈશ્વર વિના આનંદ ન મળે.

જેને એની લગની લાગી છે, તેને એ પોતાનો કરે છે,

તેના સમક્ષ રહી પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે.

પ્રભુનું દર્શન પ્રભુપદને પાત્ર બનાવે જ.

'પ્રભુનું દર્શન' એટલે વિશ્વના મહાતારકનું દર્શન,

પરમ ઉપકારી દાતાનું, કરૂણાના મહાસાગરનું દર્શન તથા

સર્વ કલ્યાણના પરમ પ્રેરકનું દર્શન.

# શિષ્ય નમ્ર થઈ શકે?

ભગવાનનું નિરતિશય માહાત્મ્ય જે જાણે,
પોતાની નિરતિશય ક્ષુદ્રતાને સમજે, પ્રભુની સૌહાર્દતા
અને પોતાની કૃતઘ્નતાનો જે સાક્ષાત્કાર કરે તે.

પ્રભુને કરેલો પ્રણિપાત = જ્ઞાનની અતિ ઊંચી ભૂમિકા.

વિનમ્ર માનવને જોવો, એ જીવનનો અનેરો લ્હાવો છે.
કર્મનું અચિન્ત્ય સામર્થ્ય અને તેના ઉપર ભગવાને
મેળવેલો વિજય - એનો વિચાર ભાવવંદના લાવે છે.
સત્યદર્શન કેવળ દાર્શનિક મનનથી પ્રાપ્ત થતું નથી,
ઈશ્વરની કૃપાનું ફળ છે. ઈશ્વરકૃપા કેવી રીતે મળે?
ત્યાં પણ બુદ્ધિ નહીં, પરન્તુ કૃપા જ કારણ છે.

ઈશ્વરનું વિરાટ સ્વરૂપ એ શાસ્ત્રો અને
શાસ્ત્રો એટલે ઈશ્વરના વાચક શબ્દો.

તે કહે છે: સૂર્ય જેવો તેજસ્વી, અગ્નિ જેવો ઉપયોગી
અને ચંદ્ર જેવો શીતલ બનજે, વળી તે ઉપરાંત
પ્રભુના કામ કરજે, પ્રભુને ગમે એવો થજે, પ્રભુનો થજે.

ઈશ્વરની પ્રેમરસ રૂપી નમ્રતા ક્યારે પ્રગટે ?

દ્રઢ થયેલો અહંકાર જ્યારે શૂન્યવત્ થઈ જાય ત્યારે.

આ નમ્રતા હૃદયમાં ઈશ્વરની વાહક બને છે.

માનવનું શરીર ઈંદ્રિયોના દુરાચાર માટે નહિ,
પરંતુ ઈશ્વરના અગોચર અને અમૂર્તરૂપની સિદ્ધિ તથા
પરમાત્માના પ્રાગટીકરણ અર્થે છે.

લાકડામાં અગ્નિની જેમ શરીરમાં ઈશ્વર ગુપ્તરૂપે રહે છે.
સંયમ એ એની શુદ્ધિનો માર્ગ છે, માટે સંયમ એ જ
પરમાત્મા છે, સંયમની શક્તિ એ જ એની શક્તિ છે.
વ્રતબદ્ધ જીવન, ત્યાગનું બળ એ જ સાચો ઈશ્વર છે.

'ઈશ્વર' એટલે ઈશત્વ, પ્રભુત્વ, સંયમ.

સંયમની ક્રિયાથી ઈશ્વરનું ઈશત્વ અને પ્રભુત્વ
આપણામાં ઊતરી આવે છે.

એ ઈશત્વ પ્રગટાવવા માટે જ માનવનો દેહ મળ્યો છે.
ઈશત્વ કે પ્રભુત્વની નાની સરખી ઝલક મનુષ્યને કરી છે,
તેને અદા કરવાની માનવમાત્રની ફરજ છે.

## પ્રભુની ઈચ્છાને અનુકૂળ થતાં શીખવું.

પ્રભુના ચિંતનમાં અહીં ભુવનને પ્રભુમય જોવા.

જીવમાત્રમાં ઈશ્વરને જોઈ સર્વ પ્રત્યે આદર કેળવવો,
એ જ સાચી ઈશ્વરભક્તિ કે નમ્રતા છે.
પરમાત્મા સર્વવ્યાપક છે – તે સૌના અંતઃકરણમાં છે.
જેનું અંતઃકરણ સ્થિર – શુદ્ધ હશે, તેમાં તે સ્પષ્ટ દેખાશે.
'પોતાની જાત તણખલા જેવી તુચ્છ અને ભગવાન મેરુ
જેવા મહાન છે' એવી સમજણ ભાવપૂર્વકની નમ્રતા છે.
'ભગવાનનું સ્વરૂપ સમુદ્રસમ છે અને
પોતાનું સ્વરૂપ બિન્દુરૂપ પણ નહિ'
એવી સમજણ આપણા જીવનને કૃતકૃત્ય કરે છે.
નમ્રતામાંથી જ ચિત્તપ્રસન્નતા વિસ્તરી જીવનરસ ઝરે છે.
આ દીનતા પ્રભુના કૃપાપાત્રને જ મળે છે.

નારદ ભક્તિસૂત્ર – ૨૭માં કહ્યું છે કે:

'ईश्वरस्यापि अभिमान – द्वेषित्वात् दैन्यप्रियत्वाच्च ।'
પ્રભુને અભિમાન સાથે વેર – દીનતા સાથે વહાલ છે.

ભગવાનની સ્મૃતિ એ મહાન પુણ્ય, પરમ સૌભાગ્ય,
અતુલનીય બુદ્ધિમત્તા, આદર્શ સદ્ગુણો, દિવ્ય સંપત્તિ
અને સમસ્ત સદ્વૃત્તિઓની જનની છે.

ભગવાનની વિસ્મૃતિ એ ઘોર દુઃખ,
દુઃસહ દૌર્ભાગ્ય, મહામૂર્ખતા, જઘન્યવૃત્તિતા છે.
તે સમસ્ત અસત્ વૃત્તિની ઉત્પાદક છે, કેમકે તેનાથી
રજોગુણ અને તમોગુણની પ્રબળતા ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક જીવમાં ઈશ્વર છે,
પ્રત્યેક પ્રત્યે સદ્ભાવ દાખવે, તે ઈશ્વરની સેવા કરે છે.

પરમાત્મા અતિશય સમદૃષ્ટિ અને દયાવાન છે.

પ્રેમ કરવાનું આપણા હાથમાં રાખો અને
વેર લેવાનું ભગવાન ઉપર છોડો.

સજા આપવાનો અધિકાર તેને જ છે,
કે જેના હૃદયમાં સ્નેહભાવ છે.

દીન - દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના
કરવા જોડાયેલા બે હાથ કરતાં વધુ સાર્થક છે.

પ્રત્યેક જીવમાં ભગવાન વસે છે એટલે કે...
પ્રત્યેક જીવ ભગવાનનું શરીર છે,
ભગવાન પ્રત્યેક જીવના હૃદયમાં પ્રકટ થઈ રહ્યાં છે.
સદા નિશ્ચયપૂર્વક પ્રત્યેક જીવનું સન્માન કરો,
પ્રત્યેકને સુખ પહોંચાડો, પ્રત્યેકના હિતનું સાધન કરો.
કોઈને હીન કે નીચા ન માનો. હીનતા - દીનતા - નીચતા
સમજવી હોય, તો પોતામાં સમજો, જે વાત સાચી પણ છે.
ભગવાનની સામે જે પોતાનામાં હીનતા - દીનતા
સમજીને નમ્ર રહે છે, તેના ઉપર ભગવાનની કૃપા વરસે.
ભગવાનને દૈન્ય પ્રિય છે, અભિમાન અપ્રિય છે.
ભગવાન અભિમાનના ચૂરે-ચૂરા કરી નાંખે છે તથા
દીનતા અને નમ્રતાને અપનાવે છે.
નિશ્ચિંત અને નિર્ભય તે છે,
કે જેણે સર્વ ચિંતા ભગવાનને સોંપી છે.
ભગવાન, ભગવાનની શક્તિ, યોગમાર્ગ અને આપણી
પાત્રતા શક્તિ, એ ચારે માટે સંશય ન હોવો જોઈએ.

## 'ઈશ્વર પ્રણિધાન' એટલે શું?

ઈશ્વર પ્રણિધાન એટલે ઈશ્વરપ્રણય.

'ઉપાસના' એટલે ઈશ્વરની નજીક બેસવું અર્થાત્
જ્યાં બેઠા હોઈએ, ત્યાં ઈશ્વરના પ્રણિધાનને લાવવું.
પોતાની જાતનું પરમાત્મામાં અત્યંત અને પરિપૂર્ણપણે
સ્થાપન કરીને તથા તન - મન - વચનપૂર્વક સંપૂર્ણ
જાતને ઈશ્વરમાં દેવતની પૂર્ણપણે સમર્પી દેવી તે.

'જાતમાં ઈશ્વરનો ભાસ' એ અર્થ કરવાથી
આત્મા જ પરમાત્મા અને 'પરમાત્મામાં જાતનો ભાસ'
એ અર્થ કરવાથી પરમાત્મ ભક્તિનો સિદ્ધાંત ફૂલે છે.

વિવેકની દૃષ્ટિએ સાધક

શરૂઆતમાં પહેલો અર્થ લેવો, બીજો અર્થ નહીં.
'તેનો હું' અને 'તે જ હું' જેના અર્થમાં ભેદ છે.
'તેનો હું છું' એ અર્થ સ્વીકારવાથી પરમ ભક્તિ ફૂલે છે.
હું - મારું છે, ત્યાં શુદ્ધ અહંકાર છે, તે જાણવું લક્ષણ.
હું - મારાપણું ચાલ્યું જાય, ત્યારે પ્રાણી પરમાત્મા બને.

# મુક્તિનો એક સરળ રસ્તો

અનાદિ કાળથી જન્મ-મરણ કરતાં કરતાં
જીવમાં જે જે કુસંસ્કારો પડી ગયાં હોય,
તેના જડ ઉખેડી નાંખવાનો કોઈ સરળ રસ્તો ખરો ?
હા, પરમાત્માનું અનન્ય ભાવે શરણ,
જીવનમાં કરેલા પાપોનો જોરદાર પશ્ચાત્તાપ અને
જગતમાં ચાલી રહેલા સત્કાર્યોની હાર્દિક અનુમોદના -
આ ત્રણ બાબતોનું વારંવાર સેવન કરવાથી
કુસંસ્કારોની જડ ઉખેડી કે સાવ ઢીલા પડી જાય છે.
પ્રભુમાં ચિત્ત લગાડ્યા પછીનું કાર્ય આપણે કરવાનું નથી.
તે સર્વ કાર્ય આપમેળે તેના સ્વભાવથી જ થાય છે.
પરમાત્મસ્વરૂપનો હૃદયમાં આવિર્ભાવ ન થાય,
ત્યાં સુધી સર્વત્ર કલિયુગ જ છે.
ભગવાનથી ખૂબ આઘે બેઠેલા મલીન જીવને શાસ્ત્રાભ્યાસ,
સત્સંગ આદિ કરવાથી નજીક બેસવાનું મન થાય છે.
ભગવાનનો ખોળો જ જીવાત્માનું જન્મસિદ્ધ સ્થાન છે.

ભગવાન સ્વસ્વરૂપમાં સ્થિર રહીને
વિશ્વ ઉપર ઉપકાર અને વિશ્વને સિદ્ધશિલા તરફ
ખેંચવાનું કામ લોહચુંબકના ન્યાયે કરી રહ્યા છે.
ગતિ લોહચુંબકમાં નથી, પરન્તુ લોઢામાં દેખાય છે,
છતાં ય તે ગતિમાં પ્રેરક લોઢું નથી, પરન્તુ લોહચુંબક છે.
એ ન્યાય ભગવાનની કરૂણા અને અનુગ્રહમાં ઘટે છે.
ભગવાનનું બિંબ એ ભગવાનના ભાવની આકૃતિ છે.
એ આકૃતિની પાછળ ભગવાનનો ભાવ છૂપાયેલો છે.
એ ભાવ પરિપૂર્ણ જગતને સુખી કરવાનો છે,
જેને જણાવનાર આકૃતિ પ્રભુનું બિંબ છે.
ભગવાનનું નામ અને કરૂણા સર્વવ્યાપી છે.
પ્રભુનું નામ અને આકૃતિ જેવી જડ વસ્તુઓમાં
પણ જીવનાં દુઃખોનો નાશ કરવાની શક્તિ છે,
તો પ્રભુના જીવ અને ભાવમાં તે શક્તિ નહિ આગર
ઉપસ્થિત છે, એમ કહેવું એ વદતો વ્યાઘાત સ્વરૂપ છે.
નામ, આકૃતિ, દ્રવ્ય, ભાવથી પ્રભુ જગતને પવિત્ર કરે છે.

## પરમાત્માની વિશ્વવ્યાપી કરુણા

કરોડો વર્ષ સુધી ઉગ્રતમ સાધના કરી,
કિન્તુ પ્રભુની વિશ્વવ્યાપી કરુણાના દર્શન થયાં વિના
આપણા જીવની મુક્તિ થાય નહીં!
ભગવાનની અચિન્ત્ય શક્તિ,
પ્રાણીમાત્રના દુઃખ દૂર કરવાની દયાર્દ્રતા ઉપરાંત
અનંત કરુણા હોવા છતાં તેને ન ઓળખવા સમજવા
ન માનવી, એ અક્ષમ્ય અપરાધ છે અને
ગાઢ મિથ્યાત્વમોહનો અંધકાર છે.
જગતની બાકી બધી વસ્તુ કાળક્રમે ક્ષય પામે,
કિન્તુ ભગવાનની કરુણા કદી પણ ક્ષય ન પામે.
સંસારનું ઊર્ધ્વગામીચક્ર જે અખંડ ચાલી રહ્યું છે, તેની
પાછળ પ્રભુની વહી રહેલી અખંડ કરુણાનું જ તત્ત્વ છે.
વિશ્વમાં બધું ફરે છે, એક આ કરુણાતત્ત્વ બદલાતું નથી,
તેથી જ વિશ્વવ્યવસ્થા બદલાતી નથી અને
તે સર્વ કાળે સમાન રીતે ચાલ્યા કરે છે.

# ઈશ્વર એટલે...

સત્યમય વિશ્વનો સર્જક અને સર્વશક્તિમાન શાસક.

પરમાત્માની પ્રાપ્તિ કરાવે, તે 'વિદ્યા' અને
જેનાથી પરમાત્મા પ્રસન્ન રહે, તે 'કર્મ.'

સંશયમાત્રને શમાવવાની તાકાત સાક્ષાત્કારમાં છે.
એ સાક્ષાત્કાર ગુરુ, આત્મા અને ઈશ્વરકૃપાથી થાય છે.
પરમાત્માની કૃપા પણ સૂર્યપ્રકાશની જેમ અનંત છે.

પ્રભુ પ્રેમસ્વરૂપ છે, માટે
સર્વ જીવોને ચાહનારને જ પ્રભુનો સાક્ષાત્કાર થાય.
પ્રભુ સર્વજ્ઞ છે, માટે તમને મદદ કરવા સદા તૈયાર છે.
પ્રભુ અમૃત છે, માટે નામ લેનાર અમૃતપદ પામે છે.

આત્મસાક્ષાત્કાર - એ મનુષ્યનો જન્મસિદ્ધ હક્ક છે.

દિવ્યચેતનામાં સ્થિત થવાથી જેટલા વરસ છોડ ઉછેરશો
ફૂલ તોડવામાં લાગશે, તેટલા વરસમાં આત્મસાક્ષાત્કાર થશે.
જે સૃષ્ટિમાં સ્રષ્ટાને જ જુએ છે, અનંત વસ્તુમાં પણ
જીવનને જુએ છે, તે જ શાશ્વત શાંતિને મેળવે છે.

પરમાત્માનું નામ સત્યનું પણ મહાસત્ય છે.
ઈશ્વરનો ઈન્કાર એ સૌ રોગોના મૂળમાં છે.
એથી માનસિક મનો કુપિત થઈ આરોગ્ય ખોરવાય છે.
માનસિક રોગનું ઔષધ છે: ઈશ્વર પરાયણતા.
ભોગ અને મોક્ષ - બંનેની પ્રાપ્તિ ઈશ્વર આરાધનાથી થાય.
જીવ પરતંત્ર છે, એનો પુરાવો એ છે કે
જીવ પોતાનું અહિત પોતે જ કરતો જોવાય છે.
સ્વતંત્ર હોય, તો તેમ કેમ કરે?
પરતંત્ર દશા = અહિતનું આચરણ + વિઘ્નોની પ્રાપ્તિ.
ઈશ્વર પ્રસાદથી જ બંને દોષો દૂર થઈ શકે, કેમકે
તે હૃદયશુદ્ધિનું કારણ થાય છે.
શુદ્ધ હૃદય અહિતને ન આચરે, એટલે વિઘ્ન ન આવે.
ફક્ત પ્રભુના જ કિંકર બનો, બાબાના નહીં.
કિંકર બનવું એટલે શુદ્ધ હૃદયે પ્રભુના દાસાનુદાસ થવું.
મન મોટું રાખવું. તેમની ઇચ્છાનુસાર સેવા કરવી.
પ્રભુની ઇચ્છા એ જ આપણી ઇચ્છા બનાવવી.

હૃદયની શુદ્ધિનો એકમાત્ર ઉપાય ઈશ્વરની આરાધના છે.

## આરાધનાનો આશય

આ = ચોમેરથી, રાધના = પ્રસન્નતા.

આરાધન = આપણા મનની ચોમેરથી પ્રસન્નતા થાય તે.

પતંજલિ કહે છે કે : ઈશ્વરની આરાધનાથી
આત્મલાભ અને અંતરાયનો અભાવ થાય છે.

શાસ્ત્રીય રીતે આરાધના કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે.

ઈશ્વર કેવળ મનથી રીઝે, ભાવથી પ્રસન્ન થાય છે.

કેવળ ચિત્તથી જ થતું આરાધન સાચું છે,
તેમાં કેવળ એકાગ્ર મન જ જોઈએ.

પ્રભુનું કર્તવ્ય ભક્તનું રક્ષણ - યોગક્ષેમ - ભવોદધિપાર.

ઈશ્વરની આજ્ઞાનું અનુસરણ એ તો આપણી ભક્તિ કે
આપણું આરાધન થયું. ઈશ્વર અર્પણ ભાવનું આપણું છે.

પ્રભુનો નમસ્કાર મોહ નિર્બળ કરનારો છે,
તેમ પ્રભુને ન નમવાનો અધ્યવસાય વિનાશકારક પણ છે,
એવા ઉભય પ્રકારની સમજણ આવશ્યક છે.

# ચૈતન્યનાં બે સ્વરૂપો

પરમાત્મા ઈશ છે, જીવાત્મા અનીશ છે, પરન્તુ
જીવાત્મા પણ વાસનાઓના ત્યાગથી ઈશ બને છે.
જગતમાં જીવો ઉપર કર્મનું પ્રભુત્વ, કર્મ ઉપર ધર્મનું,
ધર્મ ઉપર પરમેષ્ઠિ ભગવંતોનું અને
તેઓના ઉપર પ્રધાન પરમેષ્ઠિનું પ્રભુત્વ સિદ્ધ છે.

પરમાત્મા = દીવો તાણં સરણં ગઈ પઈટ્ઠા ।

(૧) દ્વીપ : ભવસમુદ્રમાં ડૂબતાં જીવો માટે દ્વીપ સમાન.
(૨) ત્રાણ : અનર્થનો પ્રતિઘાત કરવામાં હેતુ, શરણ.
(૩) શરણ : ભવના ભયથી ભીત જીવોને આશ્રયસ્થાન.
(૪) ગતિ : સુખ માટે જેનો આશ્રય કરાય, તે ગતિ છે.
(૫) પ્રતિષ્ઠા : ભવરૂપી કૂપમાં પડતાં જીવોને આલંબનરૂપ.

ભગવાન મહિમાવંત છે,
માટે તેમની પૂજા કરવાનું જીવને આત્મહિત કારણ છે.
તેમાં પ્રભાવ પૂજા કરનારનો નહિ પણ ભગવાનનો છે.
નિમિત્તને ઉપકારી માનવાથી જ મન નિમિત્તમાં લાગે.

તન્મય = પ્રભુના સ્વરૂપમાં મનનું જોડાણ થવું.

તદ્રૂપ = પ્રભુના સ્વરૂપથી અભેદ સંબંધવાળા થવું.

જેમ પાણીમાં પગ મૂકનારો તારૂ

સાગરના સમગ્ર જળવિસ્તાર સાથે સંબંધમાં આવે,

તેમ શ્રી અરિહંતભાવનાં સંબંધને પ્રભાવે

જગતના બધા જીવો સાથે સંબંધમાં આવી જવાય છે.

શ્રી અરિહંત ભાવની આરાધનાનાં પરમ પ્રભાવે

પામતો ભવ્યાત્મા ભાવ શ્રી સિદ્ધ ભગવંતોની

પૂર્ણ દૃષ્ટિને ઝીલવાનું મહાનંદ બને છે.

પૂર્ણની પૂર્ણ દૃષ્ટિ અપૂર્ણની અપૂર્ણતાને ટાળવામાં અને

પૂર્ણતાને પ્રગટાવવામાં સર્વોચ્ચ ભાગ ભજવે છે.

'નમો સિદ્ધાણં' પદની આરાધના કરતાં કરતાં

આરાધક જે પળે ભાવથી સિદ્ધશિલા ઉપર બિરાજે છે,

તે સમયે તેના આત્માની વિશ્વોપકારક શક્તિ પ્રગટે છે.

તે શક્તિથી બંધાતા પુણ્યનું મૂલ્ય

લાખો ખાંડી રૂવણું કરતાં ય અનંતગણું અધિક છે.

'પ્રભુ યોગસ્વરૂપ હતાં' એનો અર્થ એ છે કે...
યોગની અદ્ભુત સંપદા પ્રભુને સિદ્ધ થઈ હતી.
અરિહંત પરમાત્મા ઉત્કૃષ્ટ સૌભાગ્યવાન છે, તેથી
શાસ્ત્રકાર ભગવંતોનો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે
પરમાત્માનું આલંબન ન લેનાર જીવને
કલ્પાંત કોટિ કાળે પણ મુક્તિ નહિ.
પ્રભુનું આપેલું મન પ્રભુને સોંપી દેવું, એ કર્તવ્ય છે,
પરન્તુ મન ન સોંપવું, એ તો ચોરી છે.
ભગવાન મન માંગે છે, આપણે તે આપતાં નહિ.
તે સિવાય બધું આપીએ છીએ, ત્યાં સુધી આપણે
માત્ર બહારથી ભગવાનના થઈએ પણ મનથી થતાં નહિ.
બહારથી પ્રભુના બનવા છતાં અંદરથી પ્રભુના ન રહીએ,
તો તે ફળદાયી કેવી રીતે થાય ?
ભગવાનને મન આપતાં નહિ, એ મોટે છે, ચોરી છે.
બધી ચોરી કરતાં મનની ચોરી ભયંકર પાપ બંધાવે,
માટે મનથી ચોર ન થવું જોઈએ.

## સાચો કર્મયોગી કોણ બની શકે ?

ભગવાનને ભરોસે ભૂત અને ભાવિ સોંપી દેનાર અને
વળી વર્તમાનની જવાબદારી પોતાને માથે લેનાર યોગી.
તે ફળ માટે નહીં, ભગવાનને માટે કર્મ કરે છે.
એ અનાસક્તિનું જ બીજું નામ 'કર્મની કુશળતા' છે.
માનવ પરમાત્માને સર્વ શક્તિમાન માને છે, પરંતુ
સર્વજ્ઞ માનતો નથી, તે તેની કમનસીબી છે,
નહીં તો તે ઇહલૌકિક વસ્તુ માટે
ભગવાનની પાસે યાચના જ કેમ કરે ?
શું પ્રભુ તેની જરૂરીયાત જાણતો નથી ?
પ્રભુને તારે ફક્ત સર્વસમર્પણ જ કરવાનું રહે છે.
ઈશ્વરનો કદી ઉપકાર કરી શકાતો નથી,
કારણકે માણસ જેવું વાવે, તેવું જ લણે છે.
ઈશ્વર-સ્વરૂપ એવા પ્રાણીમાત્રમાં સદ્ભાવના રાખવાથી
માનવને અવિનાશી એવા આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે,
તેથી પ્રાંતે મોક્ષપદ પ્રાપ્ત થાય છે.

પ્રભુ પાસે નીચેની ત્રણ વસ્તુ નિરંતર પ્રાર્થવાથી
સર્વ ઈચ્છિતની સિદ્ધિ થાય છે:

૧. પ્રભુની આસ્થા ૨. ગુરુની આસ્થા ૩. જીવોની મૈત્રી.

ઈશ્વર પુરુષાર્થપક્ષપાતી છે, પુરુષાર્થ ઈશ્વરપક્ષપાતી છે.

'ચિત્તનું માર્જન' એટલે...

વિવેકી આત્મા પ્રભુને પ્રસન્ન કરવા માટે તથા
પ્રભુની પ્રસન્નતા દ્વારા ચિત્તને પ્રસન્ન કરવા માટે
સૌ પ્રથમ પોતાના અંતઃકરણને શુદ્ધ કરે, તે ક્રિયા.
માર્જન કરવા માટે ઈર્ષ્યા-દ્વેષની વૃત્તિઓને
નિર્મૂળ કરવી પડે છે, દબાવી દેવી પડે છે.
પ્રભુ જેમ મારાં છે, તેમ સર્વના છે.
માટે જીવોનો દ્વેષ કરવો, એ એક અપેક્ષાએ
ભગવાનનો જ દ્વેષ કર્યા બરોબર છે.
ચિત્તવૃત્તિનું આવું માર્જન કર્યા વગર
જે વ્યક્તિ ઉપાસનામાં પ્રવેશ કરવા ઈચ્છે છે,
એના ઉપર પ્રભુની પ્રસન્નતા ઉતરતી નથી.

# પ્રભુનો અનુગ્રહ વિશ્વવ્યાપી છે.

આપણે કોઈને દુઃખ આપતાં નહિ અને
બીજા આપણને દુઃખ આપતાં નહિ,
આપણે પાપ કરતાં નહિ અને
બીજા જીવો પણ પાપ કરતાં નહિ,
તેના પાછળ પ્રભુના ઉપદેશની વિશ્વવ્યાપી અસર છે.
આપણે ધર્મ કરીએ, ધર્મથી ઉત્તરોત્તર સદ્ગતિ પામીએ,
તેના પાછળ પ્રભુનો ઉપદેશ અને તીર્થનો પ્રભાવ છે.
એ તીર્થ પ્રભુની કરુણાથી સ્થાપિત થયું છે, તેથી
'સર્વત્ર પ્રભુની કરુણા વ્યાપી છે' એ કહેવું ખોટું નથી.
પ્રભુની આજ્ઞાનું પાલન જેમ ઊર્ધ્વગતિ આપે,
તેમ આજ્ઞાનું ખંડન અધોગતિ આપે છે, જે જીવનું
શુદ્ધિકરણ કરી પછી ઊર્ધ્વગતિ લઈ જનારી થાય છે.
એ બધાની પાછળ પ્રભુની વિશ્વવત્સલતા રહે છે.
પ્રભુની પ્રભુતા જીવો પ્રત્યે વીતરાગ-દૃષ્ટિ,
નિષ્પક્ષપાત દૃષ્ટિ અને અખંડ આત્મૈશ્વર્યતાને સૂચવે છે.

આપણને અત્યારે ભગવાનની સાથે છૂટાછેડા ચાલે છે.

પ્રભુના શાસનમાં રહેવાનું શીખવાને સંસાર એક શાળા છે,
શાસન એ ભવ્યકુટુંબ છે. ભગવાન સૌ સાથે સંકળાયેલા છે,
કેમકે તેઓ તેમનાથી જ ઊંચા આવ્યા છે.

'પ્રભુના સંબંધી તે મારા સંબંધી' એવું માનવામાં
જેટલા આગળ વધીશું, તેટલો ભગવાન ઉપર પ્રેમ આવશે.

જગતના તમામે તમામ જીવો એ મહાકુટુંબરૂપ છે.
એ કુટુંબ જ પોતાનું લાગે અને
એના ઉપર ભાવથી પ્રેમ જોડાય, ત્યારે જ ભગવાન રીઝે.

'ભગવાન રીઝે' એટલે આપણા આત્માનો મોક્ષ થાય
અને મોક્ષરૂપી આત્મરૂપ પુત્રરત્નની પ્રાપ્તિ થાય.

જગતના જીવોને સહાય કરવાનું ચાલુ રહે,
તો જ ભગવાન સાથે પ્રેમ થશે.
ભગવાનને આપણા ઉપર પ્રેમ થશે,
તો ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થશે.
અનુગ્રહના ફળ રૂપે અશેષ કર્મનો ક્ષય થશે.

આરાધનાને સબળ બનાવનાર બે મુખ્ય ચીજ:

એક પરમાત્માનો અનુગ્રહ અને બીજો જીવાત્માનો પ્રેમ.

જેને વસ્તુ અતર્કગ્રાહ્ય નથી, કેવળ શ્રદ્ધાનો વિષય છે,

તેને અત્યંત લઘુકર્મિતા આવ્યા પછી જ સમજાય છે.

એકબાજુ પોતાનો જીવાત્મા,

બીજીબાજુ સર્વ જીવાત્મા અને ત્રીજી તરફ પરમાત્મા.

એ રીતે ત્રણેનો અભેદ સાધવાનો પ્રયાસ-

એ જ સાધનાને સિદ્ધિ તરફ લઈ જાય છે.

જીવ પુદ્ગલ સાથે સર્વથા અભેદ બુદ્ધિ ભ્રાંતિ છે,

તેમ જીવાત્મા અને પરમાત્મા સાથે

સર્વથા ભેદની બુદ્ધિ પણ ભ્રાંતિ જ છે.

માનવજન્મ પ્રભુનું કાર્ય કરવા માટે છે, પોતાનું નહીં.

પ્રભુનું કાર્ય સૌને સુખી કરવાનું છે, માત્ર પોતાને નહીં,

એવી સમજ જેને આવી છે, તેને દુઃખ, શોક, સંતાપ નથી.

જગત જગદીશ માટે છે, પોતાને માટે નહીં.

જગદીશ જગત માટે છે, માટે જગતે જગદીશના થવું પડે.

સર્વ ભાવોમાં પ્રભુનું સાતત્ય માન્યું છે,
કિન્તુ ઇચ્છા કે કૃતિ માન્યાં નહિ.

આપણને શ્રી અરિહંત કે શ્રી સિદ્ધ ભગવંત પ્રત્યે જે ભાવ જાગે છે, તેનું કારણ તેમનો આપણા પ્રત્યે ભાવ છે. તે સિવાય બીજું શું કારણ છે? તે ભગવંતોમાં જગતના સૌ જીવો પ્રત્યે શ્રેષ્ઠ સુંદર, શિવ અને સત્ય સદા વિલક્ષણ પ્રકારનો ભાવ સનાતન રીતે વિદ્યમાન છે, જે વિશ્વને શુભ અને શુદ્ધ તરફ આકર્ષી જીવોમાં શુભ ઉપરાંત શુદ્ધ ભાવને જગાડે છે. એવું ન હોય, તો હૃદયમાં સદા ભાવ જાગે જ નહીં.

શ્રી અરિહંતની પ્રત્યેક જીવ ઉપરની જે કૃપા છે, તે એકસમાન છે, કોઈના ઉપર અલ્પ કે અધિક નહિ.

વર્તમાનમાં જે મળ્યું છે, તે જ સંપૂર્ણ છે.
પરમાત્માની પરમ કૃપાનું એ પૂર્ણ સર્જન છે.
કૃપા તો ઉચિત રીતે બધું જ આપી રહી છે,
છતાં આપણે વ્યર્થ ચિંતાઓ કરીએ છીએ.

કૃપાનું ફળ પ્રત્યેક જીવ સાથે હું પણ પામી રહ્યો છું.
તો પછી એ પ્રશ્ન થશે કે જે સંપત્તિ સિદ્ધ ભગવંતની છે,
તેવી જ આજે મારી પણ હોવી જોઈએ.

ઉત્તરમાં કહેવાનું કે 'હા!' આજે શ્રી અરિહંત પરમાત્મા
મને એટલી જ સંપત્તિ આપી રહ્યા છે, પરન્તુ મારા
દ્રવ્યાદિ ચાર અને કાળાદિ પાંચ એમાં પ્રતિબંધક છે.
અરિહંતની સ્વસદેશ બનાવવારૂપ કૃપા તે નિશ્ચય છે
અને મારા દ્રવ્યાદિ - કાળાદિ તે વ્યવહાર છે.

મેં ઉપાર્જિત કરેલા દ્રવ્ય આદિ
એમની સંપૂર્ણ કૃપાના પ્રકટીકરણમાં આવારક હોય,
તેમાં દોષ કૃપાનો નહીં, કિન્તુ મારા આવારકોનો છે.
બીજી અપેક્ષાએ મારા વર્તમાન દ્રવ્યાદિ કે કાળાદિ
પરમાત્માની કૃપાનું જ પ્રકટીત સ્વરૂપ છે,
મારી વર્તમાન પાત્રતાનું એ પ્રતિફળ છે.

વર્તમાનમાં મને મળ્યું છે, તેને જ હું યોગ્ય છું, ઓછું
અધિક કે હીન માટે હું અપાત્ર છું, મળે તો ય હાનિ થાય.

પ્રભુની શક્તિ જેટલી જ અગાધ પ્રભુની દયા છે.

માત્ર આત્મશુદ્ધિરક્ષા ખાતર જેઓ પ્રભુના શબ્દોનાં સંગ્રહરૂપ શાસ્ત્રોને સાંભળે છે, તેઓ જ પ્રભુની કૃપા મેળવી શકે છે, કિન્તુ પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલ્યા વગર જ જેઓ પ્રભુના શબ્દો ઉપર તર્ક કરવા લાગે, તેઓ પ્રભુદર્શનના અધિકારી બની શકતાં નથી.

પ્રભુની આજ્ઞાના પાલનને જ પોતાનું કર્તવ્ય માનનાર ભગવાનનો સાચો સેવક બની શકે છે.

શાસ્ત્રવિશારદો અને મહાન તત્ત્વવેત્તાઓ કરતાં પ્રભુઆજ્ઞા મુજબ ચાલનારો શ્રદ્ધાળુ ભક્ત જ પ્રભુનો સાચો કૃપાપાત્ર બની શકવાને લાયક છે.

શાસ્ત્રોના શબ્દો એ શબ્દો નથી, પરન્તુ સૂત્રો છે.

સૂત્રો જ નહીં પણ સત્યો છે!

ગુરુગમથી શાસ્ત્રોનાં છૂપાં રહસ્યો પ્રગટ થાય છે.

ગ્રન્થો અને ઉપદેશકો બહારથી મદદ કરે છે, પ્રભુસ્મરણ અને ધ્યાન અંતરમાં પેસી અજવાળું કરે છે.

પ્રભુ સાથે સંબંધ છૂટે, ત્યારે આવેશ - આગ્રહો આવે,
ત્યારે જ મનને ભગવાનમાં જોડી રાખવું અનિવાર્ય છે.
પ્રભુ જેવો સર્વાત્મભાવ પામવાનું લક્ષ્ય ન હોય, તો ગમે
તેટલો ઉપદેશ હોય છતાં આવશ્યક દોષદર્શન થવાનું જ.

'જેને તું હણે છે, તે તું જ છે'
એમ સમજવાથી જેમ હિંસાનો ત્યાગ થાય,
તેમ 'જેને તું નમે છે, તે તું જ છે'
એમ ગ્રાહ્ય કરવાથી નમસ્કાર ભાવથી ભરપૂર બને છે
અને પોતાની ઉપર જેટલો ભાવ હોય,
તેટલો ભાવ પરમાત્મા ઉપર આવે છે. વળી તેમ થવાથી
પોતાનો આત્મા જ પરમાત્મા બને છે.

કાળની પક્કડમાંથી કાળના પણ કાળ પ્રભુ જ છોડાવે.
સર્વ જીવોના હિતચિંતનમાં જેને ભગવદ્ભાવ જાગશે,
એ કાળના મુખમાંથી છૂટી જાય છે.

કેટલીક સાધનાની શરૂઆતમાં કીર્તિ મળે છે, પરન્તુ
તેનાથી જો રીઝી જાય, તેને ભગવાન મળતાં નથી.

જગતમાં પાસે પ્રભુ ૩ વસ્તુ માંગે: તન, મન, ધન.
જે તન, મન, ધન ભગવાનને સમર્પે છે...
તેનું, તેના શરીરનું અને તેના ઈંદ્રિયોનું
રક્ષણ ભગવાન સ્વયં કરે છે.
'વ્રજતિ ભગવત્ સમીપં સ વ્રજઃ ।' અર્થાત્:
જે ભગવાનની પાસે જાય, તે વ્રજ.
ભગવદ્ભક્ત સર્વમાં એક ઈશ્વરને જ શોધે છે.
ઈશ્વરનું ચિંતન કરતાં કરતાં જીવ ઈશ્વરમય બની જાય.
આત્મામાં જે શક્તિ છે, તે પરમાત્માની છે,
તેથી આત્મા - પરમાત્મા એક જ છે.
ઈશ્વર દરેકના હૃદયમાં સુતેલ છે, તેને જગાડવાના છે.
ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રભુને દાનમાં આપવી,
એ જ ભક્તિ અને એ જ શુદ્ધ ભાવ છે.
જીવ ઈશ્વરનો અંશ છે, જીવ ઈશ્વર સ્વરૂપ છે.
હૈયામાં જ્યાં સુધી જીવો પ્રત્યે વિરોધ રહેશે,
ત્યાં સુધી પરમાત્મામાં નિરોધ થઈ શકે નહીં.

યોગ એટલે જીવ અને ઈશ્વરનો સંયોગ.

શરીરનું મિલન તુચ્છ છે, મનનું મિલન દિવ્ય છે.

જીવ ઈશ્વર સાથે મૈત્રી કરે, તો જીવ પણ ઈશ્વર બને.

દર છીંકતાં ૨૦,૦૦૦ વીંછી કરડે, તેટલી વેદના થાય છે.

તેવી વેદનામાં જે કો ભગવાનનું નામ જીભ ઉપર રટે,

તો તેવા વ્યક્તિનું જીવન ધન્ય બને છે.

જીવ અને ઈશ્વરનો પહેલો સંબંધ શબ્દથી થાય છે,

જેમ કે 'હું તમારો છું' એ વેવિશાળ કે વાગ્દાન અને

'નમો અરિહંતાણં।' એનું પ્રતીક છે.

જ્ઞાની ઘણા, કિન્તુ જીવનમાં ઉતારે કોઈક જ.

ભક્તમાં જે ચીજ ભાવુકતા ન હોય, તે કઈ?

પોતાપણું અહંકાર પ્રભુથી જુદાપણું.

ભગવાન અને તેમની શક્તિને ભૂલી જવા,

એ જ મોટામાં મોટી ભૂલ છે. ડરવું એક ઈશ્વરથી.

ઈશ્વરનો અનુભવ = ઈશ્વરની પાછળ ઘેલું થવું અથવા

તેના જેવા બનવું. અનુભવ વિના શ્રદ્ધા ન હોય.

જો **ભગવાનને પળવાર ન ભૂલે, તો તે નિર્ભય** છે.
**ભગવાનનું સ્મરણ એ જ ભવભયનું રક્ષણ** છે.
એ જ ગતિ, મતિ, શરણ, આધાર, પ્રાણ અને ત્રાણ છે.
માનવીએ કરવું, એ જ ભગવાનને ભૂલવું છે.
ભગવાનથી છૂટો પડેલો કોઈપણ માનવી તેમના સ્મરણથી
સહજ રીતે ભક્તિમાર્ગને ભરે પામવા લાયક નથી.
પ્રભુભક્તિ અને સ્મરણથી માનવી ભગવાન બની જાય,
પછી તે પોતાની શક્તિથી કામ કરતો નથી, કિન્તુ
ભગવાનની શક્તિથી કરે છે, એમ તેણે માનવું જોઈએ.

**પ્રભુ શું શું કરે - કરાવે ?**

પ્રભુ જ ભવથી મુક્તિ આપાવ આનંદપ્રદાન કરે,
તેઓ ચિત્તસ્વાસ્થ્ય અર્થે ધૃતિ અર્પણ કરે,
શ્રદ્ધા રૂપી નેત્રનું દાન કરે,
કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ કરવા મોક્ષસુખમાર્ગ દર્શાવે,
તત્ત્વચિન્તન રૂપ શરણ આપાવે એવં
જિનધર્મની પ્રાપ્તિ થકી બોધિ રત્ન પ્રદાન પણ કરાવે.

## શંખ, સુદર્શન ચક્ર, ગદા અને પદ્મ -

એ ચાર આયુધો મન, બુદ્ધિ, અહંકાર તથા ચિત્તને
વિદારવા અથવા તો વિસ્તારવા સમર્થ છે.

મનને પ્રભુમાં મગન બનાવવું, એ શંખનો ઉદ્દેશ છે.
સુદર્શન ચક્ર એ ભગવાનના કાળનું પ્રભામંડળ છે.
ગદા એ ભગવાનની ગર્વગંજન શક્તિનું પ્રતીક છે.
પદ્મ એ ભગવાનની નિર્મળતા - નિર્લેપતાનું પ્રતીક છે.
ચારેયને ભગવાનની પરમવત્સલતા, અકળ પદ્ધતિ અને
પરમ કારુણિકતાનો અનુભવ થતો રહે છે.

પ્રભુની પ્રભુતા, આશયની શુદ્ધિ અને આત્માનું સમર્પણ
- એ ત્રણે મળે, ત્યારે સાચી આરાધના પૂર્ણ બને.

સાધકના જીવનની સાર્થકતા એમાં જ છે કે:
આપણા કાન ભગવાનના નામનો મધુર ધ્વનિ સાંભળે,
આપણી આંખ ભગવાનના રૂપમાધુર્યનું દર્શન કરે,
અહંકારનો નાશ થતાં ભગવાનના ચરણને નમીએ, ત્યારે
આપણી ઘ્રાણેન્દ્રિય પ્રભુના પાદપદ્મની મધુર સુગંધ માણે.

## શાશ્વત સત્ય

સત્ય ભગવાન છે, સત્ય પરમેશ્વર છે,
સત્ય મનુષ્યનો આત્મા છે, સત્ય મનુષ્યનો પ્રભુ છે.
જ્યાં ભાન જીવોથી કપાયા, ત્યાં ઈશ્વરથી પણ કપાઈ ગયાં!
જીવો અને ઈશ્વરને વળગી રહીએ, તો જીવતાં છીએ.
આ વાત એટલી બધી સરળ છે કે
'જે કરૂણામય ઈશ્વરમાં શ્રદ્ધા રાખી સહુ ઉપર પ્રેમ ધરાવે,
તે જ સુખી છે' એટલું સહુ આસાનીથી સમજી શકે.
આપણે આ ભેદની વ્યક્તિઓમાં પૂરાઈ ગયાં છીએ,
પરમાત્માની સાર્થના સમાગમથી
આ ભેદથી પર ઊંચી ભક્તિનું દ્વાર ઉઘાડે છે.
પરમાત્માની મૂર્તિ પરમાત્માનો સીધો
સમાગમ કરાવી આપે છે, કેમકે દેશ-કાળથી પર છે.
પ્રભુની કરૂણા અકારણ, સરળ, પરમ અને સતત
જે વહી રહી છે, તેનો અનુભવ ભાન જીવો પ્રત્યે
કરૂણા દર્શાવવાનો સ્વભાવ કેળવવાથી શક્ય બને છે.

## પરમાત્માની મૂર્તિ

મૂર્તિમાં આપણે આપણો જ લક્ષ સ્થાપીએ છીએ અને તેને જ પૂજીએ છીએ, એ સ્પષ્ટ રીતે સૂચવે છે કે

'તું તારા આત્માને જ પરમાત્મા રૂપે પૂજ.'

તારી લક્ષ કે આત્મા, એ સિવાય બીજું કોઈપણ રૂપ તારા માટે અત્યંત ઉપયોગી નથી. તારી આત્મા એ જ સર્વ ફળપ્રદ અને એ જ તાત્વિક પરમાત્મ તત્ત્વ છે.

કોઈપણ જીવ પરમાત્માથી ભિન્ન નથી.

પ્રત્યેક જીવની વર્તમાન સ્થિતિ જ દરેક વિવેકશીલ માટે પરમાત્મ તત્ત્વની એક ઉપાસના છે. જીવનો જે કોઈ લક્ષ છે, તે પરમાત્માથી ભિન્ન નથી જ.

પરમાત્માનાં સામાન્ય કે વિશેષ લાગુ પડતાં નથી.

એ જે છે, તે જ છે.

દરેક જીવનું વર્તમાન પરમાત્મતત્ત્વ જો ન જોઈ શકે, તે સાચી કેમ કહેવાય? પરમાત્માનાં ચિંતનો લય એ એક એવી વસ્તુ છે કે જેમાં બધું સુંદર સમાઈ જાય.

ઈશ્વરવાદ : અનલહક = હું તે છું.

ઈશ્વર ખરેખર વાદનો વિષય નથી.

તે મગજ કરતાં હૃદય - બુદ્ધિ કરતાં શ્રદ્ધાનો વિષય છે.

ઈશ્વર તર્કથી પર છે.

આપણે જાણીએ છીએ, તેનાં કરતાં વધારે ઉચ્ચ કક્ષાની ચેતનાસ્તર સુધી પહોંચવાથી આત્મા સિદ્ધિ મેળવી શકે.

ધ્યાન, યોગ, Superman, સુફીવાદ, અધ્યાત્મવાદ વગેરે તેનાં જ નામો છે, તેમાં આત્મવિલોપન અનિવાર્ય છે અને હૃદયગ્રંથીને ભેદીને નિર્ગ્રંથ થવાની જ જરૂર છે.

The God has no definition.

one can never define God.

I and my God are one.

માનવે પોતાના અસ્તિત્વમાં, ચૈતન્યમાં અને આનંદમાં પરમાત્મા સાથે ઐક્ય સાધવું જોઈએ.

પરમાત્માના સંકલ્પને મૂર્ત સ્વરૂપ આપવા માટે કુદરતની લીલામાં સજાગ કેન્દ્ર તરીકે ભાગ લેવો જોઈએ.

પોતાને અનાથ સમજવું એ તો પ્રભુનું અપમાન છે.

પ્રભુની ઈચ્છા એ જ સાધકની ઈચ્છા !

મન-હૃદય-આત્માના પૂરેપૂરા ભાવથી સંપૂર્ણ સમર્પણ
થયાં પછી પ્રભુની અનુકંપા જ સૌનું સઘળું કામ કરે છે.

ઈશ્વર શું ખાય છે? તેમનો ખોરાક જીવનો અહંકાર છે.

ભગવાન એ...

પતિતપાવન, ભક્તવત્સલ, દીનદયાળ, અનાથોદ્ધારક આદિ
જે વિશેષણો ધારણ કરનારા છે, તે યથાર્થ છે.

ત્રિપુરારિ કામ, ક્રોધ, લોભને બાળનારા જ્યોત પ્રગટાવે છે.

ભગવાન પ્રેમ, ત્યાગ, દયા અને જ્ઞાનની મૂર્તિ છે.

ભગવાન શિવ, જ્ઞાન તથા અમૃત છે.

જ્યારે શક્તિ સાથે શિવ જોડાય, અર્થાત્ કે મન આત્મા
સાથે ભળે, ત્યારે યોગી પૂર્ણ તેજનો અનુભવ કરે છે.

યોગીનાં મન તથા શરીર પરબ્રહ્મનાં સાધક છે.

પરમાત્માને વર્ણવવાના નહીં, પરન્તુ પામવાના તથા
રોમેરોમમાં અનુભવવાના હોય છે.

## આત્મા તો ચૈતન્યનો મહાસાગર છે.

સંકલ્પ-વિકલ્પરહિત શુદ્ધ મન એ જ શુદ્ધ બ્રહ્મ,
કેવળ ચૈતન્ય, આત્મા અને પરમાત્મા પણ તે જ છે.
'હું દેહ છું' એ સામાન્યાવસ્થા છે.
'હું આત્મા છું' એ પરમાત્માવસ્થા છે.
એ પરમાત્માવસ્થામાં વારંવાર રહેવું,
એ જ પરમાત્મભાવને પામવાનો ઉપાય છે.
સાક્ષી જ પરમાત્મા, પરબ્રહ્મ, ભગવાન, Lord વગેરે છે.
એકસરખાં ઊંડાણવાળી બે વસ્તુ ન હોઈ શકે, હોય તો
પણ બંને એક જ ગણાય, માટે સાક્ષી જ પરમ બ્રહ્મ છે.
સાક્ષીનું સ્વરૂપ માત્ર અંતરથી અનુભવી શકાય.
તે 3 અવસ્થા, પંચકોષ, 3 શરીર, ઈંદ્રિયો તથા મનથી પર છે,
માત્ર અંતઃકરણના મીઠાં-મધુરા આનંદરૂપે અનુભવાય.
શુદ્ધ સત્ત્વ કે આનંદમય અવસ્થાનો સાક્ષી જ બ્રહ્મ છે.
એ પદ ઉપર બને એટલો વધારે સમય સ્થિતિ કરતાં શીખો.
એ જ પરમાત્મભાવ કેળવવાનો પરમોચ્ચ ઉપાય છે.

જેનો પ્રભાવ અખિલ ભુવનમાં વિસ્તરી રહેલો છે, તે પ્રભુ.
અને 'પ્રભવતીતિ પ્રભુઃ ।' પ્રભુને પકડવાનો ઉપાય છે...
મારી ઇચ્છા નહીં પણ તારી, મારી મત નહીં પણ તારી.
તારી મત સર્વ સુખ આપશે, તો મારી મત પણ તે જ.
એનું જ નામ In tune with infinity અને
તે જ સમ્યગ્દર્શન.

સ્વરૂપના ચિન્તન વડે પ્રભુને પકડી શકાય છે.
બીજું બધું સ્વરૂપ પ્રભુનું તેના પછવાડે, આનુષંગિક છે.
ખરું સ્વરૂપ મૈત્ર્યાદિ છે, જે સાધક સમજી શકે છે.
મૈત્ર્યાદિ ભાવો એ સમ્યગ્દર્શન ગુણનું મૂળ છે.
બધું જાણવાનું જેમ આત્માને જાણવા માટે છે,
તેમ બધું શાસ્ત્રાધ્યયન પરમાત્માને જાણવા માટે છે.

Kingdom of God is within you.
In God's provinces, there is no evil,
but only good or its preparation.

જેમ તત્ત્વજ્ઞાને વરુણનું માનુષીકરણ કર્યું,
તેમ મનુષ્યનું પણ વરુણીકરણ કર્યું.
ઉપનિષદ કહે છે : 'તત્ત્વમસિ।' તથા
ગીતા કહે છે : 'સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો।'
અર્થાત્: હું બધાના હૃદયમાં ગુપ્ત રીતે રહેલો છું.
ધર્મશાસ્ત્ર કહે છે: ચંદ્ર-સૂર્યને નચાવનારું તત્ત્વ તારામાં છે.
આ અતીન્દ્રિય શક્તિ માનવશરીરમાં શા માટે રહી હશે?
માનવમાં એવું શું છે કે પ્રભુને એમાં રહેવાનું મન થયું?
માનવમાં સિંહનું પરાક્રમ નથી કે ચંદ્રની સૌમ્યતા નથી,
ગરૂડનો કૂદકો નથી કે લતાનું માર્દવ નથી,
પર્વતનું સ્થૈર્ય કે સાગરનું ગાંભીર્ય પણ નથી, છતાં
બધાંને ન રહેતાં પ્રભુ માનવશરીરમાં જ કેમ બેઠાં?
એનું એક જ કારણ છે કે માનવ સિવાય બીજે ક્યાંય
કર્તૃત્વશક્તિ અથવા તો કર્તવ્યપરાયણતા નથી.
'મારામાં પ્રભુ વસે છે' એ ભાવનાથી આત્મગૌરવ આવે.
આ ભાવના જાગૃત થાય, તો ભિખારી પણ દુઃખી ન રહે!

'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।'

અર્થાત્: જે જેને ભજે છે, તે તેવો થાય છે.

તે બુદ્ધિશાળીનું જ જીવન સફળ છે કે જે
પોતાની બુદ્ધિને બુદ્ધિનિયંતા એવા ઈશ્વરને અર્પે છે.

સૌંદર્યમાત્રનું મૂળ ઈશ્વર છે.

પ્રભુના વિચાર વિનાનું સૌંદર્ય માદક અને મારક છે,
પ્રભુ સાથેનું સૌંદર્ય બોધક અને પ્રાસાદિક છે.

મગજમાં પ્રભુના વિચારો, હૃદયમાં પ્રભુની ભક્તિ અને
હાથ-પગથી પ્રભુની સેવા થવા જ જોઈએ.

દુઃખ પણ મધુર હોઈ શકે, જો તે ઈશસ્પર્શી હોય તો!

દુઃખમાં પણ આનંદ જોતાં શીખવું જોઈએ.

આનંદની પ્રાપ્તિમાં નહીં, આનંદની શુદ્ધિમાં વૈશિષ્ટ્ય છે.

બુદ્ધિ, ઈંદ્રિય, મનની પકડમાંથી જેટલા અંશે મુક્ત,
તેટલો આનંદ શુદ્ધ થાય, આત્માનો સંપર્ક સધાય.

શાસ્ત્રો કહે છે માટે 'ધર્મ કે ભગવાન છે' એમ નહીં,
પરન્તુ 'તે બન્ને છે' માટે શાસ્ત્ર તેમને વર્ણવે છે.

'હું ગ્રંથ છું. પ્રભુ મોટું પુસ્તક અને હું નાનું પુસ્તક છું.'

ગ્રંથ એ કાંઈ જોવાની વસ્તુ નથી,

ગ્રંથ એ તો સમજવાની વસ્તુ છે, સાંભળવાની વસ્તુ છે.

ઘણીવાર સાંભળવાથી જ નર નારાયણ થઈ જાય છે.

આમ શ્રવણનું મહત્વ ઘણું છે.

શ્રવણથી સંસ્કાર પડે, કુટિલતા અને પાપ નષ્ટ થાય છે.

શાસ્ત્ર એ તો સિંહણનું દૂધ છે, તેને ફક્ત સોનાના પાત્રમાં

જ રહી શકે. બુદ્ધિ પણ શ્રવણથી જ તીક્ષ્ણ બને છે.

શબ્દને કાનમાં સાંભળવો, એ કર્ણસાધના છે.

હું તારો છું = પ્રીતિ, તું મારો છે = ભક્તિની સાધના.

એ પછી જ કાનમાં ધર્મરૂપી ધ્વનિ પ્રગટે છે.

વૈરાગ્ય એ પ્રભુપ્રેમની ઉદાર અવસ્થા છે અને

વિચાર અને વિવેક એ મનનું કાર્ય છે.

રાગીનો સંગત્યાગ ઈશ્વરના અનુગ્રહથી સધાય છે.

પરમ પ્રેમની પ્રાપ્તિને ઈચ્છનાર પ્રેમપાત્ર પરમાત્માનું

અકુટિલ ભાવે આજ્ઞાપાલન દ્વારા સેવન કરે છે.

## પરમાત્મા કહે છે કે...

તારાં માટે અસહ્ય દુઃખો કે મોટી આફતો આવશે,
કે જેથી તારું ચિત્ત સદૈવ ધર્મમાં ચોંટેલું રહે.
દુઃખી અવસ્થા વિચાર કરતાં શીખવે,
સહનશીલતા શરીરને વધારે ખડતલ બનાવે અને
મનની ગુપ્ત શક્તિઓને બહાર લાવી આપે.
પ્રભુપ્રાપ્તિનો ઉપાય એકાગ્રતાની વૃદ્ધિ છે.
પ્રતિકૂળ પરિસ્થિતિ પોતે જ પ્રભુ છે તથા
અનુકૂળ પરિસ્થિતિ રાગ અને પ્રેમની કસોટી છે.
પ્રતિકૂળ ઉપસર્ગો મોક્ષાર્થે - અનુકૂળ વૈરાગ્યાર્થે જણાય.
મોક્ષ સત્ક્રિયા પુષ્ટ કરે - વૈરાગ્યાર્થે રાગ સમ્યગ બને.
ઈશ્વરના સ્મરણ દ્વારા આપણે
જ્યારે ઈશ્વર સાથે સ્વાભાવિક સંબંધ જોડીએ છીએ,
ત્યારે સંસારમાં ક્યારેય એકલાપણું લાગતું નથી.
બજારની વસ્તુ જેમ તેનો ભાવ આપવાથી મળે છે,
તેમ પ્રભુની પ્રાપ્તિ શરણાભાવ આપવાથી થાય છે.

બાહ્ય દેખાવમાં ન આવે પણ અંદર અનુભવાય, તે પ્રેમ.

'પ્રભુને હું પ્રસન્ન કરું' એ પ્રભુપ્રેમ છે.

'પ્રભુ મને સુખી રાખે' એ કામ છે.

પ્રેમ સૂક્ષ્મ છે. પ્રેમ વધવો જોઈએ, નહિ ઘટવો જોઈએ.

પોતાના જ અંગત લાભને ખાતર

ભગવાનને પૂજનારા પોતાને જ ઠગે છે.

પ્રભુ ખાતર પ્રભુને પૂજે, તે તેની કૃપાના પાત્ર બને.

'હું પ્રભુથી જુદો છું' એમ નક્કી કરી,

કારણકે હું પ્રભુ જેટલો મહાન નથી.

સ્ત્રીઓ મારાથી નાની છે, માટે સ્ત્રીઓ તરફ ક્ષમા દાખવો.

પ્રભુ મારાથી મોટાં છે, માટે પ્રભુ તરફ તિતિક્ષા દાખવો.

આપણી સાથે સદા આપણો ઈશ્વર રહેલ છે.

એ મહાન કૃષ્ણની સાથે અતૂટ નાતો બાંધીને જ

આપણે એના નિર્લિપ્તકાર્યમાં સાથ આપી શકીએ છીએ.

પરમાત્માની નિષ્કામ ઉપાસનાનું ફળ ઉપાસકને

ઉપાસ્ય તરફથી ઉપાસનારૂપે મળે છે, એ રહસ્ય છે.

સંતની કીકીમાં રામ છે, તેથી તેમને બધે રામ દેખાય છે.

બુદ્ધિમાં વિશ્વાસ અને હૃદયમાં આતુરતા આવે,
એ પછી જ ભગવાનના દર્શન થાય છે.

કોઈપણ સુકૃત્ય આપણા હાથે થાય, ત્યારે કહો કે
'ભાગ્ય મારું પણ શક્તિ તો પ્રભુની જ !'

હજારોમાંથી એકાદ વ્યક્તિ ઈશ્વર તરફ જવા માંગે તથા
એમાંથી યે કોઈક જ ઈશ્વર પાસે પહોંચે છે, કેમકે
પ્રભુના માર્ગે જેમ ઝાડીઓ છે, તેમ સર્પો પણ છે.
કીર્તિ, કામના, સિદ્ધિ રૂપી સર્પોથી બચવું કઠિન છે.
સંત સમાગમ જ તેનાથી બચાવે છે.

પ્રભુ મળવા સહેલા છે, સંત મળવા દુર્લભ છે.
પ્રભુ મેળવવા સંતરૂપી દલાલની જરૂર છે, કિન્તુ સંત
ગ્રાહક પાસે આવતાં નહિ, આવે તો ઓળખાતા નહિ.

પરમાત્માએ આપેલું દાન સહેલું અને વહેલું છતાં
ઘણાંને તેના તરફ આકર્ષણ થતું નહિ.

પરમાત્મા સૌને, સદા, સૌ ક્ષેત્રમાં, સર્વ રીતે અનુકૂળ છે.

ભક્તહૃદયમાં ઈશ્વર સ્વયં વસી બુદ્ધિયોગ આપે છે.

બુદ્ધિયોગથી વ્યાકુળતા ઉત્પન્ન થાય છે.

વ્યાકુળતા ભક્તને શાંત અંતઃકરણવાળો બનાવે,

પછી તે સમત્વવાળો થઈ પરાભક્તિને મેળવે છે.

પરાભક્તિથી તે ઈશ્વરને તત્ત્વથી જાણી તેમાં પ્રવિષ્ટ કરે.

નિષ્કપટતાપૂર્વક સમર્પણ એ ભક્તિનું ચિહ્ન છે.

સમત્વવાળો ભક્ત શરીર, ઈંદ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ
અને સમસ્ત વસ્તુઓને ભગવત્ સંપત્તિ તરીકે જુએ.
એના ઉપયોગ પૂર્વે ભગવત્ અનુમતિનો ભાવ મેળવે.

ઈશ્વરથી અતિરિક્ત કોઈને ય કદી પોતાના ન માનવા.

માતા-પિતા, બન્ધુ, મિત્ર, સ્વામી, ગુરુ - એક પ્રભુ જ છે.

ભગવાનની બળદાયી કૃપા ઉપર સૌ સદા નિર્ભર રહો.

ભગવન્નામનું નિરંતર ઉચ્ચારણ પણ ભક્તિને વધારે છે.

ચિત્તશુદ્ધિ દ્વારા નિષ્કામ કર્મ મોક્ષનો હેતુ બને છે.

ઈશ્વર એક છે, જગતમાં એક જ ઈશ્વર છે,
બાકી કશું નથી. બધું ઈશ્વરમાં છે, ઈશ્વર બધામાં છે.

## પરમાત્માની મુદ્રાના દર્શનથી...

(a) એમની મહત્તાનું ભાન થઈ એમના ગુણો સાંભરે છે.

(b) એમના જેવા ગુણો આપણામાં છે, એ ઓળખાણ થાય.

(c) ઓળખાણ થતાંવેંત પરમાત્મા પ્રત્યે બહુમાન અને અંદરના આત્મગુણો પ્રગટ કરવાની રૂચિ થાય છે.

(d) એ રૂચિ અનાદિકાલીન પાંચ વિષયો અને ધનની તૃષ્ણાને ધક્કો મારીને અંશે અંશે ઓછી કરે છે.

(e) એથી જે જે શક્તિઓ અવળે માર્ગે જઈ રહી હતી, તે દરેક શક્તિઓ સાચા માર્ગમાં ફરી પરત આવે છે.

(f) એથી સમજણપૂર્વક અને રૂચિપૂર્વક આપણાથી થતાં આવરણની શુદ્ધિમાં આવાય અને અનાદિ કાળથી દબાઈ ગયેલા આપણા સ્વગુણોનો આવિર્ભાવ થાય છે.

(g) આ બધાનું મૂળ કારણ જિનદર્શન છે.

જૈન શાસનમાં એથી જ આ જિનપ્રતિમાના દર્શન, પૂજન, ઉત્સવો વગેરે સમકિતની પ્રાપ્તિ તથા શુદ્ધિનાં આલંબને અનંતા ભવ્ય જીવો ભવસાગર તરી ગયાં છે.

મંદિર અને મૂર્તિ એ સમજવા માટે છે કે...

પ્રભુ મંદિર રૂપી માટીની દિવાલમાં નહીં, પરંતુ
શરીર રૂપી હાડ - ચામની દિવાલમાં વસે છે.
જગત સુંદર છે, એટલું જ નહીં પણ પ્રભુમય છે.
પ્રભુમય સૌંદર્ય વિકારનો ડંખ કદી નહીં મારે.
જીવ ઉપર નિઃસ્વાર્થ પ્રેમ કરનાર એક ભગવાન જ છે
પ્રકૃતિ જે નિઃસ્વાર્થ છે, તે ભગવત્ સદૃશ છે.
'હે ભગવાન ! હું તારો છું' એમ
અંતરથી કહેનારને ઉત્તર મળશે: 'હે જીવ ! તું મારો છે.'
પ્રભુ આપણને જે જરૂરી હોય, તે આપે છે, પરન્તુ
આપણે જે માંગીએ તે અને ત્યારે જ આપતાં નથી.
'પ્રભુ, તું જે કરે, તે ખરું !' આ જ જીવનનો સાચો
મૂળ મંત્ર છે, તેથી દુઃખમાં પ્રભુ જે કરવા ઈચ્છે છે,
તે એને કરવા દઈએ, એમાં જ આપણું ભલું રહેલું છે.
પ્રભુને એનું કામ કરવા માટે અવકાશ મળવો જોઈએ !
તે અવકાશનું નામ છે: મનુષ્યના મનની શાંતિ.

દાસત્વનું મૂલ્ય નિષ્ઠા છે...

'સ્વામીના સુખમાં જ પોતાનું સુખ'

પ્રથમ ભક્તિ 'દાસભક્તિ' કે 'કાંતાભક્તિ' છે.

'સ્વામીનું કાર્ય એ પોતાનું કાર્ય છે'

એમ માનવાથી દાસભાવ સાર્થક થાય છે તથા

'સ્વામીના સુખમાં જ પોતાનું સુખ છે' એમ માનવાથી

સખ્યભાવ, મિત્રભાવ કે કાંતાભાવ શ્રેષ્ઠ થાય છે.

ભક્તભાવમાં 'સ્વામીની પ્રકૃતિ એ પોતાની પ્રકૃતિ છે'

એમ માનીને પ્રીતિ અનુભવાય છે.

આપણા મન કે મત પ્રમાણે સંસાર ચાલતો નથી.

ભગવાન સાથે સંબંધ બાંધવો હોય,

તો તેમની જાતિના અને સ્થિતિના થાઓ.

દેહદ્રષ્ટિએ દાસત્વ, જીવદ્રષ્ટિએ ભક્તત્વ તથા

આત્મદ્રષ્ટિએ એકત્વ – તે આદર્શ સ્થિતિ છે.

એકત્વભાવમાં, પોતાની પ્રકૃતિમાં અને

પ્રભુની પ્રકૃતિમાં અભેદ અનુભવાય, તે છેલ્લી કક્ષા છે.

સર્વ દુર્ગોમાં સાધન તો એક જ છે:

મનને બોધ અને નેમ નિશ્ચલ કરીને ઈશ્વરમાં લગાડવું.

ઈશ્વરમાં મન લગાડવાથી શાંતિ મળે છે અને મન જેટલું વધારે નિર્મળ હશે, તેટલું ઈશ્વરમાં સહેલાઈથી લાગશે. એની સાથે પોતાના કર્તવ્ય-કર્મોમાં અપ્રમત્ત રહેવું. સદા યાદ રાખો: 'તમે કોઈના નથી અને કોઈ તમારું નથી. એક દિવસ એકાએક મારે આ સંસારની બધી વસ્તુ છોડી ચાલવું પડશે' વિચારી ઈશ્વર સાથે સંબંધ બાંધો.

'શ્રુતિ' એમ કહે છે કે: ઈશ્વર એક જ છે,
પરન્તુ ઉપાસક એની બહુવિધ ઉપાસના કરે છે.

ઈશ્વરની પાસે પહોંચવાનો પ્રયાસ કરીને
મરણ પછીની મુસાફરી માટે તમારી જાતને તૈયાર કરો. આત્માને લીધે હાડ-માંસના માળખાને તમારું ન માનો. નિરંતર ધ્યાન કરી બધા દુઃખોથી મુક્ત એવા અનંત આત્માનો સાક્ષાત્કાર કરો. સાધનાની મદદથી શરીરના કેદખાનામાંથી છૂટી આત્મામાં સ્થિતિ કરવાની ટેવ પાડો.

## વાસી - ચંદન કલ્પ એટલે શું?

વાસી (કુહાડી)થી છેદ અને ચંદનથી વિલેપન કરનાર -
બંને ઉપર કલ્પ = સમાન ભાવ રાખવો તે.
વાસી છેદ કરે, તો ય ચંદન તેને સુવાસિત બનાવે છે,
તેમ જે અપકારી ઉપર પણ ઉપકાર કરનાર છે,
તે એકાન્ત સત્ત્વહિતૈષી છે.

જે જે વ્યક્તિના હૃદયમાં બધાને માટે સ્નેહની ભાવના રહે છે, તે નાસ્તિક હોય, તો ય ભગવાનની નિકટ છે. તેનાથી ઊલ્ટું જે વ્યક્તિ આખો દિવસ પ્રભુનામનો જાપ જપે છે અને તો ય પોતાના દિલમાં બીજાઓ પ્રત્યે કોમળ ભાવનાઓ ન હોતાં તે એક પ્રકારનો નાસ્તિક જ છે.

પરમાત્માના અનુગ્રહ અને અનુરાગથી
ખાબોચિયાનું બને સાગર, કુરંગ (હરણ) બને કેસરી સિંહ,
કાંકરો બને મેરુ, આકડાનું વૃક્ષ બને કલ્પવૃક્ષ,
કાચ બને ચિન્તામણિ અને તે ઉપરાંત
રાસભ (ગધેડો) પણ ઐરાવણ બની શકે છે.

## પરમાત્માની ૪ આશ્ચર્યકારક વસ્તુ

પરમાત્માને જ્ઞાનથી જાણી શકાય, પ્રેમથી પામી શકાય,
જ્ઞાનથી મેળવી શકાય તથા પ્રેમથી આપી શકાય.

સર્વને છોડો તો સર્વ તમારું બને છે, પરન્તુ
થોડું કે પોતાનું માનો તો પોતાના હાથમાં કાંઈ રહેતું નથી.

પ્રભુમાં આત્માને જોવો, તે 'સંસર્ગારોપ' અને
આત્મામાં પ્રભુને જોવા, તે 'અભેદારોપ'.

તાત્સ્થ્ય = અંતરાત્માને વિષે પરમાત્મગુણનો સંસર્ગારોપ.
તદંજનત્વ = સ્વ અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ.

મૂલાધારમાં સ્વરૂપનું પ્રથમ મિલન છે તથા
સહસ્રાર ચક્રમાં સ્વરૂપાવસ્થાન છે - મિલન છે.

શરીર છે, ત્યાં સુધી છાયા છે. મન છે, ત્યાં સુધી માયા છે.
કાયા પ્રભુને નમાવશો, ત્યારે છાયા કાયામાં સમાય છે,
તેમ મનને પ્રભુમાં જોડીએ, ત્યારે જ માયા જાય છે.
ઘરડા માણસને લાકડીની જરૂર છે, તેમ અધિક જરૂર જીવને
પ્રભુકૃપા, પ્રભુસહાય તથા પ્રભુના આલંબનની જરૂર છે.

## એને જ સતત વિચારો કે...

'મારામાં રહેલો ઈશ્વર આ વિશ્વની કોઈપણ
વસ્તુ કરતાં વધુ મહાન છે. હું અને પરમેશ્વર છેવટે તો
એકરૂપ જ છીએ, ઈશ્વર સદા મારી સાથે જ છે.'

'ઈશ્વરની હાજરી મારામાં છે'

એવા વિચારોથી સમગ્ર ચેતનાને છલકાવી દો.

મન - શરીર દ્વારા પેલા દુઃખ સામે વિરોધ કર્યા વગર
ઈશ્વરી વિચારને આખા યે શરીરમાં જગા કરી આપો.
તમારી જ ચૈતન્યશક્તિનો ઉપયોગ કરીને એ
દુઃખ તમારામાંથી જ પોષણ મેળવીને જીવતું રહે છે.
એનો તમે જે રીતે સ્વીકાર કર્યા કરો છો,
એ વાત જ એનો ખોરાક બની જાય છે.
મુશ્કેલી તો દરેકને રહે છે, કોને નથી હોતી ?
પરન્તુ એના ઉપર ધ્યાન જ ન આપો.
Non-Resistence એ જ એ પરિસ્થિતિનો
એક અને માત્ર એક ખાતરીવાળો ઉપાય છે.

## ઈશ્વરીય કૃપાને અનુભવવી છે ?
## તો એ માટે સૌ પ્રથમ મનને શૂન્ય બનાવો.

પ્રયત્નપૂર્વક આખા શરીર અને મનને શાંત કરી દો,
ભય અને વિરોધની લાગણીઓમાંથી એને મુક્ત કરી દો.
એક ઊંડો શ્વાસ લો અને ઊંડો નિશ્વાસ બહાર કાઢીને
ચિંતા, નિરાશા, હતાશા તથા અન્ય વિનાશકારક લાગણી
- એ બધાં જ સેતાની બચ્ચાંઓને બહાર કાઢો.
એ જ છે બધી તકલીફનાં મૂળ !
તમારા એ એક શ્વાસોચ્છ્વાસમાં
થોડી પળો કરતાં વધારે સમય જવો જોઈએ નહીં.
બીજી વાર ઊંડો શ્વાસ લો અને
એ સાથે તમારી ચેતનામાં અને ક્રિયાશીલ શક્તિની
ઉર્જાના વિચાર અને ભાવનાઓને ભરો.
સચરાચરવ્યાપી શુભ વિષે સભાન બનો.
એ બનતાંની સાથે જ બીજો કોઈ વિચાર મનમાં નહીં રહે,
કેમકે મનમાં એકી સાથે એક જ વિચાર વસી શકે.

નીચેની ભાવના માત્ર ૮ સેકંડ જેટલા ટૂંકા ગાળામાં કરો:

'ભગત, જગત અને ઈશ્વર સાથે હું એક બની રહ્યો છું.'

આમ કરવાથી આખું અસ્તિત્વ શાંતિની શીતળતા અને

પ્રકાશની ઉષ્માથી ભરાઈ જશે - ઉભરાઈ જશે.

આપણને તંગ કરનારી લાગણીને દૂર કરનારી અને

અવિરોધ ભાવના જગાવનારી આ આખી યે પ્રક્રિયામાં

૧૦ સેકંડથી વધારે સમય નહીં જ લાગે.

હવે અવશ્યપણે ઈશ્વરની કૃપાનો અનુભવ થશે.

## પ્રભુ શું શું આપે છે?

(1) નામાદિ વડે આલંબન (2) ઉપદેશ આદિ વડે તીર્થ

(3) સાધના અને સિદ્ધિ વડે આદર્શ અને

(4) મુક્તિના ફળસ્વરૂપ સદ્‌ગતિ આપનાર પ્રભુ જ છે.

આ બધી સામગ્રી આપવાની શક્તિ માત્ર અને માત્ર

પ્રભુમાં જ છે, માટે પ્રભુભક્તિ સજ્જનોનું કર્તવ્ય છે.

## પ્રભુનો અનુગ્રહ શું અપેક્ષા રાખે?

પ્રભુનો અનુગ્રહ ભક્તના ભક્તિભાવની અપેક્ષા રાખે છે.

આંતરજગતની સાધના એ કપરું ચઢાણ છે.

અહંકારના શિખર ઉપર થઈ એ યાત્રા પ્રભુધામ ભણી ચાલે છે.
એ માર્ગે ઈશ્વરકૃપા જ પરમ વરદાન છે, પોતાનો
પુરુષાર્થ તો સમગ્ર સમર્થતાનો એક લઘુ અંશ જ છે.
એક પગથિયું ચઢાય, તો તેમાં ય પ્રભુની જ કરુણા છે.
અરે...! નિરંતર પાસે ઊભા રહેવાનું સામર્થ્ય મળે,
એ ય આપણા સૌ ઉપર એનો જ પરમ અનુગ્રહ છે.

પરમાત્મા એટલે...

ભૌતિક સૃષ્ટિથી ભિન્ન એવી એક પરમ શક્તિ.

એ શક્તિનો અનુગ્રહ આપણે સૌ પામી શકીએ છીએ.
સત્ત્વગુણનો ઉત્કર્ષ સ્વભાવમાં પરિણત થઈ જાય છે.
પોતાની કે બીજાની બુદ્ધિ વાપરતાં જ્યારે ઓછી પડે,
ત્યાં પરમ શક્તિનો આશ્રય લેવો, તે આપણું કર્તવ્ય છે.

સાચી ભક્તિનો આધાર પ્રયત્નશીલ ભક્તોને છે.
ઈશ્વર પાસે હઠ વિના માંગો અને બીજાને માંગવાનો
હઠ છે, તેથી ન માંગો, તે બંને એકસરખા ગુણાતિત છે.

પ્રભુને નમવા પહેલાં હૃદયને હર્ષથી પ્રફુલ્લ બનાવવું રહ્યું.

એવો શાસ્ત્રીય વિધિ છે કે:

ભગવત્પાદને કરાતાં વંદનનો દુર્લભ લાભ
ભવચક્રમાં મળશે, એ મહાભાગ્યોદયની નિશાની છે,
એમ માનીને પ્રભુના ચરણોમાં મસ્તક ઝુકાવવું.
હૃદયને આર્દ્ર અને દ્રવિત કર્યા પછી જ પ્રભુચરણના
નમનનો યથાર્થ ફાયદો પ્રાપ્ત કરી શકાય છે.
એ જ રીતે ગ્રન્થના વાંચન કે અધ્યયન પહેલાં પણ
ગ્રન્થકારના ચરણોમાં ઝુકીને પછી પ્રવેશ કરવો.
એથી ઉત્પન્ન થતાં સંશયોનો વિલય થશે અને
ગ્રન્થ સમજવામાં પડતી મુશ્કેલી વખતે
ગ્રન્થકાર મહર્ષિઓની ભક્તિ જ સહાયરૂપ બનશે.

ઈશ્વર ભજનનો એક સાંકેતિક અર્થ

ઈશ્વર ભાવનાથી કરાતી પ્રાણીમાત્રની સેવા તથા
એકબીજાનું કલ્યાણ એકબીજાથી વિરુદ્ધ હોતું નથી.
બસ, આ વિચાર જ સમ્યગ્ જ્ઞાનનો પાયો છે.

## ભગવાનની ભાષા

ભગવાનની ભાષાને વ્યાકરણ કે લિપિ નથી.
તે ભાષા ભાવની છે, તે ભાષા હૃદયની છે.
તેને શબ્દ કે સ્વરની જરૂર પડતી નથી.
ભાષાશાસ્ત્રી ઈશ્વરને ન પામી શકે.
ઈશ્વરને હૃદયમાં ધારણ કરનાર જ તેને પામી શકે.

ભગવાનના ઘરે બેસવું સરલ...
સમગ્ર વિશ્વને છોડવું અને સમાધિમાં બેસવું.

પ્રભુનું એક વિશેષણ 'ત્રિભુવનાર્તિહરાય |' છે અને
ભગવાનનું એક વિશેષણ 'સ્તુતિપ્રિય' પણ છે.
ભગવાનની ભક્તિ અને પરમર્ષિઓનો નમસ્કાર
- એ કૃતજ્ઞતા ગુણનું ગીત છે.
પ્રભુના ગુણસ્તવનનું માહાત્મ્ય અદ્ભુત છે.
ભગવાનનો અનુગ્રહ ભક્તના ભાવની અપેક્ષા રાખે છે.
ભગવાન જ્યારે પણ કોઈ ભાવુકના હૃદયને જુએ છે,
તે તુરંત જ તેના ઉપર અનુગ્રહ કરે છે.

જે પામ્યા છે, તેના જ તરફ માત્ર જુઓ,
જે બીજમાંથી વૃક્ષ ન થયું, તેના તરફ ન જુઓ.

જે ફાલી - ફૂલીને વૃક્ષ બન્યું છે,
તેના પ્રતિ તમારી દૃષ્ટિ રાખીને સહેજ વિચારો કે કદી
એ જોઈને શાંતિ મળી છે, તો મને પણ કેમ નહીં મળે?

હૃદયના ધબકારા આશાથી ભરપૂર જોઈએ.
મહાન વસ્તુની પ્રાપ્તિની અભિલાષામાં જે આનંદ છે.
જોવાની દૃષ્ટિ ઉપર જ જીવનની ખીલવટનો આધાર છે,
કેમકે નિરાશા સૌથી વધુ દુઃખકર છે.

પ્રભુને ન માનવાથી મોટી હાનિ પોતાના શુદ્ધ સ્વરૂપને ન માનવારૂપ જ છે. ઈશ્વરને ન માનવારૂપ નાસ્તિકતા એ એક પ્રકારે દંભ જ છે. ઈશ્વરને માનવાથી હૃદયમાં તેમનું સાંનિધ્ય અનુભવાય, તે મોટામાં મોટો લાભ છે.
'નતસ્ય પ્રતિમાઽસ્તિ ।' તથા 'ન તસ્ય પ્રતિમાઽસ્તિ ।' માં
'નત' એટલે વિનીતને માટે ઈશ્વરની પ્રતિમા છે,
નાસ્તિક માટે ઈશ્વરની પ્રતિમા નથી, આટલો ફેર છે.

જીવાત્મા 'ભૂત' છે, પરમાત્મા 'ભૂમા' છે.

પરમાત્મા માટે જીવાત્માએ જીવન મધ્યે જો
કાંઈપણ કરવાનું હોય, તો તે તેના ગુણગાન જ છે.
પ્રભુને પ્રાપ્ત કરવાનું ઉત્તમોત્તમ સાધન શરણાગતિ છે.

આત્મા અક્ષરબ્રહ્મ છે, પરમાત્મા પરબ્રહ્મ છે.

'अहं करोमि' કરતાં 'मया क्रियते' ભાવ આદરણીય છે.
પ્રથમ ભાવ દાસનું અને બીજો ભાવ ભક્તિનું પ્રતીક છે.

ફળરૂપી કાર્ય, ક્રિયારૂપી કર્મ અને કર્તારૂપી કારક
- એ ત્રણે જ્યારે અર્પણ થઈ જાય છે,
ત્યારે ઈશ્વરની કૃપા અને પ્રસાદ રૂપી
બન્ને ભુજાઓ દ્વારા ઊંચકાઈને જીવ
ભીમ-ભવોદધિને આસાનીથી તરી જાય છે.

ભગવાનનો સહારો લીધો, નિષ્ફળતા નહીં મળે.

વીતરાગ મહાવીર જેવા દૃષ્ટાઓએ
પ્રભુને સર્વવ્યાપી અને અનાદિ અનંત રૂપે નિહાળ્યા.
પ્રભુ મહાવીરને લીલા પાંદડામાં સ્ફુરણ પામતો જીવ દેખાયો.

સંસ્કૃતમાં 'ભવ' એટલે હોવું, એ રોગ છે.

મનમાં ઇચ્છા હોવી, એ અપૂર્ણતાની નિશાની છે.

<u>સવારે પરમાત્માની ભક્તિ કરવી જોઈએ...</u>

'થવા'ની ઇચ્છા છોડી 'હોવા'ની ભાવના દૃઢ કરવી;

પ્રભુ જેવા પૂર્ણ હોવાનું ચિંતન, મનન, નિદિધ્યાસન કરવું.

A sleepless sleep of nirvan = perfection.

પ્રભુ જેવી વૃત્તિ - સ્થિતિ જીવની થાય, તો જીવ પ્રભુ

સાથે એક થઈને પ્રભુની યથાર્થ ભક્તિ કરી શકે છે.

<u>ભગવાન પરત્વેની શ્રદ્ધા એ ધર્મની ઢાલ છે.</u>

પરમાત્મા સાથે આધ્યાત્મિક સંબંધ બાંધવો,

એ માનવજીવનનો સાર છે.

સર્વ ધાર્મિક વિચારકોએ આ વાતને માન્ય કરેલી છે.

પ્રભુપ્રાપ્તિની આ દીર્ઘ સફરે ભાગ્યશાળી નર તમન્ના રહી,

પ્રભુ સાથે તદ્રૂપ થવાનું દૃષ્ટાંત બીજા સર્વ દેશો કરતાં

ભારત દેશે વધુ સારી પૂરું પાડ્યું છે.

ભારતના ભક્તોએ ઊંડી ધાર્મિકતાથી પ્રભુપ્રેમ વિશે કહ્યું છે.

ભગવાનનું બહુમાન એ ભવનિર્વેદ સ્વરૂપ છે.

ભગવાન ભવ્ય જીવોમાં પહેલાં પોતાના પ્રત્યે
બહુમાન સ્વરૂપ અનુગ્રહનું સંપાદન કરે છે,
પછી જીવોમાં ઉપદેશના ગ્રહણની યોગ્યતા આવે.
પ્રભુ પ્રત્યે બહુમાન થવું, એ ય પ્રભુનો જ અનુગ્રહ છે,
કેમકે પ્રભુના અચિન્ત્ય પ્રભાવથી જ તે થાય છે.
બીજા ઉપર નહીં અને પ્રભુ ઉપર જ બહુમાન થવામાં
કારણ પ્રભુ સિવાય બીજું કોણ છે ?
બહુમાનથી સદુપદેશ ગ્રહણ, તાત્ત્વિક ધર્મ, તેનું પરિપાલન
અને ફલસ્વરૂપ મોક્ષ. એ સૌનાં દાતા પ્રભુ જ થાય છે.
એ રીતે પરમાત્મા ભવ્યશાસ્તૃતાની સંપત્તિવાળા છે,
તેથી જ તેઓ 'ધર્મચક્રવર્તી' કહેવાય છે.
'પ્રભુભક્તિમાં નિર્જરાનો હેતુ ભક્તિ છે'
અહર્નિશ ભક્તિરૂપ પરિણામ પામેલો પોતાનો આત્મા છે.
એ આત્મા અને પરમાત્મામાં
ભિન્નપણાથી કોઈ ભેદ રહેતો નથી.

## પરમાત્માના બે સ્વરૂપો:

## નિર્ગુણ (નિષ્કલ) અને સગુણ (સકલ).

સકલ પરમેશ્વરથી શક્તિ, શક્તિથી નાદ, નાદથી બિંદુ પ્રકટે.

બિન્દુથી પાછો નાદ અને બીજ (શક્તિ) પ્રકટે છે.

બિન્દુ શિવરૂપ અને બીજ શક્તિરૂપ છે.

બન્નેનો સમવાય નાદ છે.

એથી રૌદ્રી આદિ શક્તિઓ પ્રકટે, જે રૂદ્રાદિની જનની છે.

ભિદ્યમાન બિંદુથી જે નાદ પ્રકટે છે, તે જ શબ્દબ્રહ્મ છે.

પરમાત્મા સર્વનું ભલું અને સર્વ માટે સુખ ઈચ્છે છે.

પરમાત્માની આજ્ઞાના પાલનથી સુખ છે.

પરમાત્માની આજ્ઞા સત્કર્મ કરવાની છે. સત્કર્મને ન કરનાર આજ્ઞાભંગ કરે છે, તો તેને સુખ કેમ મળે?

પરમાત્મા દોષોથી રહિત છે, તેથી
દોષરહિત થવા માટે કરાતી સ્તુતિ તે નિર્ગુણ સ્તુતિ છે.

પરમાત્મા ગુણોથી સહિત છે, માટે
ગુણસહિત થવા માટે કરાતી સ્તુતિ તે સગુણ સ્તુતિ છે.

## દરેક શબ્દો ઈશ્વરવાચક

દુનિયામાં જેટલા શબ્દો છે, તે બધાં ઈશ્વરવાચક છે.

દાખલા તરીકે 'ઘડીયાળ'.

'ઘડીયાળ'નો સ્થૂલ અર્થ થાય સમય બતાવતું યંત્ર,
સૂક્ષ્મ અર્થ થાય ઘડીયાળમાં રહેલી શક્તિ તથા
સૂક્ષ્મતમ અર્થ થાય પરમેશ્વર અથવા જિનેશ્વર.

એવી જ રીતે દાખલા તરીકે 'ઘોડો.'

'ઘોડા' શબ્દનો સ્થૂલ અર્થ થાય તેનું શરીર,
સૂક્ષ્મ અર્થ થાય અંદરનો અધિષ્ઠાતા જીવ અને
સૂક્ષ્મતમ - પરમ અર્થ થાય ઈશ્વર અથવા પરમાત્મા.

એવી જ રીતે દાખલા તરીકે 'જીવ'.

'જીવ' શબ્દનો સ્થૂલ અર્થ થાય શરીરવાચક,
સૂક્ષ્મ અર્થ થાય અભિમાની તથા
સૂક્ષ્મતમ - પરમ અર્થ થાય અંતર્યામી અથવા પ્રભુ.

'સર્વે વેદા યત્પદમામનન્તિ |'
બધા વેદો એક જ પરમેશ્વરનું મનન કરે છે.

# ઈશ્વર બહાર છે કે અંદર ?

ઈશ્વર બહાર તેમ જ અંદર બધે છે,
પરંતુ તે અંદરથી પામી શકાય છે.
પ્રેમ, ક્ષમા, આત્મભાન વગેરે શબ્દો છે,
પરંતુ એ શબ્દોની અંદર રહેલી સત્તાનો આવિર્ભાવ અંદર
વસેલા અંતર્યામી પાસે ગયા વિના થઈ શકતો જ નથી.
પરમાત્માની પ્રાપ્તિમાં જીવનનો શ્રેષ્ઠ રસ રહેલો છે
અને એ પ્રાપ્તિ સત્પુરુષોના સંગાથથી સુલભ બને છે.
પ્રભુને નમસ્કાર તપશ્ચર્યાના તપથી ઘણું અધિક છે.
પ્રભુની પૂજા એ યોગીઓના યોગથી ઘણું અધિક છે,
નમસ્કાર એ આભ્યંતરતપના પ્રથમ અંગ પ્રકારરૂપ છે
અને પૂજા એ આભ્યંતરતપ પછીના અંગ પ્રકારરૂપ છે.
માટે આ યુગમાં વિજ્ઞાન - ઉદ્યોગના વિકાસની ધમાલમાં
ઈશ્વર ભુલાઈ ન જાય, તે ખાસ જરૂરી છે.
ઈશ્વર સ્વયં કોઈને સારું કે નરસું આપતાં નથી.
જે જેવું ચિંતન કરે છે, તે તેવો બની જાય છે.

'सर्वेऽपि मुक्तिसुखभाजनवन्तु ।'

સર્વશક્તિમાન વીતરાગ પરમાત્માનો એવો

સિદ્ધ સંકલ્પ છે કે: 'સાધકને સમાધિનો લાભ થાઓ.'

આમ ઈશ્વરકૃત સાધક મુક્તિસુખને પામે,

એવો પ્રભુનો સિદ્ધ સંકલ્પ રહેલ છે.

ઐશ્વર્ય-વાચક 'ઈશ્' ધાતુ ઉપરથી 'ઈશ્વર' શબ્દ છે.

'ઈશ્વર' શબ્દને એ અર્થમાં સમજવાનો છે કે તેઓ

3 જગતના અધિષ્ઠાતા જગતસર્જનના સામર્થ્યવાળા છે.

પ્રકૃતિને ફળીભૂત પમાડવાનું સામર્થ્ય ઈશ્વરમાં રહેલું છે.

ભગવાનની ભક્તિનો એક બીજમંત્ર છે કે:

પ્રભુ પ્રિય છે - પ્રભુ પ્રેમમય છે.

પ્રભુને પતિતની સેવા કરનાર પતિતપાવન વધુ પ્રિય છે.

જે બહુ ગાન ગાય છે, તે પ્રભુને બહુ ગમે છે.

'ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्।'

અર્થાત્: જેઓ મને ભક્તિથી ભજે છે,

તેઓ સૌ મારામાં છે અને હું તેઓમાં છું.

## ઈશ્વરસાક્ષાત્કાર = બ્રહ્મતત્ત્વને સમજવું.

પુરુષ અને ઈશ્વર - એ બન્ને ભિન્ન તત્ત્વો નથી.
જો તેઓ અત્યંત ભિન્ન હોત તો એકના સાક્ષાત્કારથી
અન્યનો સાક્ષાત્કાર થાત નહીં પરંતુ તેમ તો છે નહીં!

ઉપાધિનો બાધ કરવાથી તત્ત્વ એક જ ઠરે છે.
ઈશ્વર અને પુરુષ બન્નેમાં પુરુષત્વ સમાન હોવાથી
એક શાસનના અભ્યાસથી અન્ય શાસનમાં તે પ્રકારની
વ્યુત્પત્તિ થાય છે, તેમ ઈશ્વરના સ્વરૂપના સાક્ષાત્કારથી
પુરુષત્વ અંશમાં સમગ્ર અંશો મળતાં પ્રત્યેક જીવનો
પણ સહજ રૂપથી સૌ કોઈને સાક્ષાત્કાર થઈ શકે છે.

ઈશ્વરના પ્રકૃષ્ટ સત્ત્વરૂપ અને
જીવના મલિન સત્ત્વરૂપ ઉપાધિનો
બાધ થતાં શુદ્ધ ચિતિશક્તિરૂપ તત્ત્વ એક જ રહે છે.

જીવતત્ત્વના સાક્ષાત્કારથી ઈશ્વરતત્ત્વનો વિવેક
યથાવત્ થતો નથી અને ઈશ્વરતત્ત્વના સાક્ષાત્કારથી
જીવતત્ત્વનો સાક્ષાત્કાર થાય, એ વાત તદ્દન યોગ્ય છે.

ઉત્કૃષ્ટ પરમાત્મા પ્રેમસ્વરૂપ છે, તેથી તેમનો સાક્ષાત્કાર કરવા ઈચ્છનારે પણ પરમ પ્રેમસ્વરૂપ જ થવું જોઈએ.

પરમાત્મા આપણા આત્માથી જુદાં નથી, તેથી આત્મામાં નિઃસીમ પ્રેમનો ધર્મ અખંડ રીતે જાગ્રત રાખવો જોઈએ.

'સંયોગો યોગઇત્યુક્તો જીવાત્મ પરમાત્મનોઃ |' અર્થાત્: જીવ અને પરમાત્માનો સંયોગ જ 'યોગ' કહેવાય છે.

પરમેશ્વરને જોવાનું યથાર્થ સાધન આંખ નથી,
કિન્તુ યોગાભ્યાસથી પવિત્ર થયેલ શુદ્ધ અંતઃકરણ છે.

જેમ વિદ્યાભ્યાસ વિના વિદ્યાનું ફળ મળતું નથી, તેમ યોગાભ્યાસ વિના પ્રભુ ઓળખી કે મેળવી શકાતો નથી.

પરમાત્માનું જ્ઞાન સૃષ્ટિની રચનાને જોવાથી પણ થઈ શકે.

કર્તા વિના કોઈપણ કાર્ય બને નહીં,
તો જગતરૂપ મહાકાર્ય કર્તા વિના અસંભવિત જ છે.

જેમ પોતે જ પોતાના ખભા ઉપર બેસી શકે નહીં તથા પુત્ર પોતે જ પોતાનો પિતા થઈ શકે નહીં, તેમ જગત પોતે જ પોતાના જગતનો કર્તા થઈ શકે નહીં.

## બધાં વાદવિવાદો - તર્કશાસ્ત્રો શેમાં સમાય?

પ્રભુભક્તિ, પ્રભુમયતા, પ્રભુઉપાસના,
પ્રભુ ઉપર સમર્પણભાવની નિષ્ઠા તથા પરમ પ્રીતિમાં
બધાં જ વાદવિવાદો અને તર્કશાસ્ત્રો સમાઈ જાય છે.
પ્રભુમાં મન તન્મય થઈ ન શકે, તેનો ખટકો અને
'આપણી નિષ્ઠા કાચી જ છે' એનો નિર્ણય જોઈએ.
એ નિશ્ચિત હકીકત છે અને
એ વાત જ સદા રહેશે અને ઉપયોગી બનવાની છે કે:
તરવા માટે પ્રભુ અથવા ગુરુની કૃપા જ કામ લાગે છે.
સફળતાનું માપ બાહ્યપ્રાપ્તિ નહિ પણ પ્રભુની નિકટતા છે.
બાહ્ય સંપત્તિ તો મોડી યા વહેલી જવાની છે,
સાથે રહેશે પ્રભુ સાથેનો તથા અન્ય પ્રશસ્ત સંબંધો.
એટલે જ તીર્થોમાં પ્રભુની છાંયા એ મોટો લાભ છે.

°

*God says: Be still, be quiet, be patient and be receptive. The battle is not yours.*

'જગતમાં એવી કોઈ શક્તિ છે કે જે
મારાથી મોટી છે અને જેના વિના હું અધૂરો છું.'
એવો નમ્રતાનો અનુભવ હૃદયમાં પ્રથમ થાય,
પછી જ ઈશ્વરની સિદ્ધિ માટેનાં દરેકે દરેક
પ્રમાણ અને યુક્તિઓ પોષક અને સહાયક બને છે.

## મૂર્તિ અને ઈશ્વરત્વ

મૂર્તિ પોતે તો ઈશ્વર નથી પરંતુ ઈશ્વર વિશેની
માનવીની કલ્પના કે ભાવનાનું તે પ્રત્યક્ષીકરણ છે.
મૂર્તિઉપાસના એટલે મૂર્તિ દ્વારા અમૂર્તની ઉપાસના.
મૂર્તિ એક ગુરુ યા અનેક ગુરુસમૂહને સૂચિત કરે છે.
મૂર્તિરૂપી પ્રતીક દ્વારા સાધક ચિત્તશુદ્ધિની ઉપાસના
અથવા તો જીવનમાં સદ્ગુરુ વિચારની સાધના કરે છે.

ઈશ્વરે જે ધન આપ્યું છે,
તેનો ઉપયોગ ધન મેળવવા નહીં, સેવાર્થે કરવો જોઈએ.
દાન આપવાથી કોઈનું ધન ખૂટ્યું નથી અને
દાન આપનાર કોઈ દુઃખી થયો નથી.

પ્રભુ પ્રેમી એ કરતાં પ્રભુના પ્રેમી, તે વધુ સારું છે.

આપણે ભગવાનનું કામ કરીએ છીએ?

કે ભગવાન આપણું કામ કરે છે?

વિચાર કરીશું તો સમજાશે કે આપણે તો પ્રભુનું કશું ય
કામ કરતાં નથી અને ભગવાન જ આપણને જીવાડે છે.
સવારે ઉઠાડે પણ છે અને સાંજે સુવાડે પણ છે,
ખાવાની સામગ્રી ઉગાડી બધી વસ્તુ તે જ પૂરી પાડે છે.
પ્રભુ પાસે આપણા કામ કરાવવા માટે માનવજન્મ નથી
પરંતુ પરમાત્માનું કામ કરવા માટે માનવનો જન્મ છે.
જીવ જ્યારે શિવ થાય છે, ત્યારે
આત્મા અને પરમાત્મા વચ્ચેનું અંતર ભૂંસાઈ જાય છે.

o

God is good and good is god.
godliness and goodness go hand in hand.
goodness without godliness is a fiction &
godliness without goodness is fraud.

# પરમાત્મા છે ક્યાં ?

પ્રભુ પોતાનામાં જ છે, તેને આંખથી ઉલટાવી જોઈ લેવા.
ચક્ષુઓને જે રીતે ખુલ્લા રાખીને જગતના
સહુ પદાર્થો જોઈએ છીએ, તે ચક્ષુને તે કામમાંથી રોકી,
બાહ્યદૃષ્ટિ બંધ કરી, આંતરદૃષ્ટિથી જોશો,
તો પોતાને, પોતાનાથી, પોતાનામાં જ પરમાત્મા જણાશે.
ઈશ્વર બધે પ્રકૃતિ કણેકણમાં રહેલા છે, તો એમને
પોતાની જાત પૂરતાં સીમિત કેવી રીતે કરી શકાય ?
એ જ તો સમસ્ત સૃષ્ટિને ટકાવી રહ્યાં છે !
પ્રભુને પ્રીતિપૂર્વક તથા નિત્ય ભજનાર ભક્તોને
તેઓ બુદ્ધિ અને યોગબળ આપે છે,
જેના દ્વારા ભક્ત પ્રભુને પ્રાપ્ત કરે છે.
આવા ભક્તોને નિત્ય, નિરતિશય, સંપૂર્ણ સુખ મળે છે,
જે સુખથી અધિક સુખ બીજું નથી.
એમાં સ્થિતિ મળવાથી મોટાં દુઃખથી પણ ચલિત ન થવાય.
આવી શ્રેષ્ઠ ગતિ એ ભગવાનની ભક્તિનું જ ફળ છે.

ભાવના = પ્રભુ પ્રત્યે જલ્દી જ મળી છૂટવાની તમન્ના.

મનને ઈશ્વરના ચરણમાં રહેવું, એ પણ ઉપવાસ છે.

વ્યાકુળ થયાં વગર પરમાત્માના દર્શન થતાં નથી તથા

મનમાં ભોગ - વાસનાઓનો અંત ન આવે,

ત્યાં સુધી વ્યાકુળતા જતી નથી.

જે જીવ કંચન અને કામિનીમાં જ રમી રહ્યો છે,

તેના ભોગનો અંત આવતો નથી,

કારણ એને પ્રભુમિલનની વ્યાકુળતા પણ વરતી નથી.

ભગવાનને પામવા માટે કંચન - કામિનીનો ભોગ

અંતરાય રૂપ છે, તેથી તેનો ત્યાગ એ પ્રથમ શરત છે.

કામ અને રામ - એ બે સાથે રહી શકતાં નથી.

કામ માટે રામ નહીં પણ રામ માટે કામ છોડવો જોઈએ.

ચરણના રજની પણ રજ થયાં સિવાય

આપણા જીવનો ઉદ્ધાર અશક્ય છે.

જ્યારે શરીર અને મનની શુદ્ધિ થાય, ત્યારે જ

નામ જપવાની સાચી શક્તિનું ગુણસ્થાનક જાગે છે.

## ઈશ્વરને પ્રાપ્ત કરવાનાં ત્રણ ઉપાયો

(૧) તીવ્ર ઈચ્છા - 'નમો'

(૨) સત્સંગ - 'અરિહંત' (3) પ્રેમ - 'તાણં.'

## ઈશ્વરીય શક્તિની મહત્તા

ઈશ્વર આત્મારૂપે સંસારના સમસ્ત જીવોમાં રહેલાં છે.
આપણે મનુષ્યો અને પદાર્થોમાં
એ દિવ્ય ઈશ્વરીય શક્તિનું દર્શન કરીએ અને
બહારનાં દૃશ્યોથી એટલા બધા પ્રભાવિત અને મુગ્ધ ના
બનીએ કે અંદરના આત્માને જ તદ્દન ભૂલી જઈએ.
જે કાંઈ થાય છે, તે એની ઈચ્છાથી જ થઈ રહ્યું છે.
સ્વતંત્ર ઈચ્છા જેવું જે કાંઈ દેખાય છે,
તે પણ ઈશ્વરની શક્તિથી જ કામ કરે છે.
ઈશ્વરની શક્તિથી જ સમજાય છે કે સુખ આશીર્વાદ
અને દુઃખ અંદરના રોગને મટાડનારી દવા બરાબર છે.
ઈશ્વરની શક્તિ સમજાવે છે કે યાદ કરવાની ઉત્તમ
વસ્તુ તો સ્વાર્થરહિત ઉત્તમ કર્મો જ છે, દુઃખો નહીં!

## પ્રભુમાં ચિત્ત ચોંટાડવાના ૩ અકસીર સાધનો

(૧) કદી કોઈના ઉપર બહુ ગુસ્સો ન કરો.

(૨) દુનિયાને ચલાવવાનો ભાર તમારા ઉપર નહિ જ.

(૩) ધર્મનિરપેક્ષતાનો સિદ્ધાંત

સમાજમાં ધર્મને નામે ચાલતાં પાખંડ ન નભે, એ માટે લાગુ કરવો, ધર્મશૂન્યતા લાવવાને માટે નહીં.

આપણે જેનાથી દૂર ભાગીએ છે, તે પ્રભુ કહે છે તેમ ગરીબી, બીમારી, અનાદર કર્મેન્દ્રિયના અણમોલ સાધન છે.

પરમાત્માની દયા યાચવા અને પામવો

સમય તથા શક્તિ નકામા વેડફવા, એ બીજો મેળ નહિ. પરમાત્મા દરેક મનુષ્યના અંતરમાં છે, તેઓની ઉપર વિશ્વાસ રાખી શ્રદ્ધાપૂર્વક રોજેરોજ ઉપાસના કરવી.

પરમેશ્વરમાં મન લગાવવું, તે કામ સાધકનું અને બુદ્ધિ પ્રકાશિત કરીને પામવામાં લગાવવા, તે કામ પ્રભુનું. આત્માનું ભોજન પરમાત્મા છે - તેની વાડ વૈરાગ્ય છે.

વૈરાગ્ય વિના પરમાત્મામાં અનુરાગ અશક્ય છે.

ઈશ્વરને બહાર શોધો, એને તેઓ કદી મળતાં નથી.

ઈશ્વર એટલે આનંદ. તે બહાર નથી, અંતરમાં છે.

'પરમાત્મા સર્વોત્તમ અને સર્વસ્વરૂપ છે'

એમ માનીને તેમને જો સર્વ

સમર્પણભાવથી આરાધવામાં આવે, તો સફળતા મળે જ.

ઈશ્વરનું પ્રત્યેક નામ દિવ્ય એવા અમૃતરસે ભરેલું

અને અનંત દૈવી શક્તિથી પરિપૂર્ણ છે.

ભગવાનનું સ્વરૂપ શું ? એ સાચો સવાલ નથી.

સાચો સવાલ તો ભગવાનનું સ્વરૂપ શું નથી ? તે છે.

મન, બુદ્ધિ, ઈંદ્રિયોમાં કામનું નિવાસસ્થાન છે અને

તે ત્રણેને પ્રભુમાં સ્થાપવાથી આંતરિક કામનો નાશ પામે.

પ્રભુનું અસ્તિત્વ સ્વીકારવામાં મનને અહં આડે આવે છે.

'ભગવાન સૌમાં આત્મારૂપે રહેલો છે' એ દૃષ્ટિએ

આત્મા પ્રત્યે ભક્તિ - એ પણ ઈશ્વરભક્તિ જ છે.

પરમાત્માના સાંનિધ્યના અનુભવમાં

શાંતિ, શક્તિ અને ભક્તિ ત્રણે વસ્તુ સમાઈ જાય છે.

## પરમાત્માના બળનું માપ ✲ Nakoda, 16 4/68

(1) ૧૨ યોદ્ધા બરાબર એક ગોધા (બળદ) જેટલું બળ.

(2) ૧૦ ગોધા (બળદ) બરાબર એક ઘોડા જેટલું બળ.

(3) ૧૨ ઘોડા બરાબર એક પાડા જેટલું બળ હોય તે.

(4) ૧૫ પાડા બરાબર એક હાથી જેટલું બળ હોય તે.

(5) ૫૦૦ હાથી બરાબર એક સિંહ જેટલું બળ હોય તે.

(6) ૨૦૦૦ સિંહ બરાબર એક અષ્ટાપદ જેટલું બળ.

(7) ૧૦ લાખ અષ્ટાપદ બરાબર એક બળદેવ જેટલું બળ.

(8) ૨ બળદેવ બરાબર એક વાસુદેવ જેટલું બળ.

(9) ૨ વાસુદેવ બરાબર એક ચક્રવર્તી જેટલું બળ.

(10) ૧ લાખ ચક્રવર્તી બરાબર એક નાગેન્દ્ર જેટલું બળ.

(11) ૧ ક્રોડ નાગેન્દ્ર બરાબર એક ઈન્દ્ર જેટલું બળ હોય.

(12) અનંત ઈન્દ્ર એટલે પ્રભુની ટચલી આંગળીનું બળ.

<u>ભગવાનની શક્તિ અને ભક્તની ઇચ્છા-</u>

<u>બન્ને મળીને જ કાર્યનું સર્જન થાય છે.</u>

ફક્ત ઇચ્છા કે ફક્ત ભગવાનની શક્તિથી કાંઈ થતું નથી.

કન્નડ ભાષામાં લખાયેલો લેખ

'જેવી રીતે કેરીના હૃદયમાં છૂપાયેલા ગોટલામાં એક વિશાળ આમ્રવૃક્ષ છૂપાયેલું છે, તેવી રીતે હે માનવ ! તારી કાયામાં પરમાત્મા - ભગવાન છૂપાયેલો છે, એને તું શોધી લે !'

જેમ ગોટલામાં ઝાડ છે અને ચકમકમાં આગ છે, તેવી રીતે આપણી કાયામાં જ પરમાત્મા છે.

મનુષ્યનો સંસ્કાર = ઈશ્વરના રાજ્યમાં ઈશ્વરનો ઇન્કાર.

ઈશ્વરનું રાજ્ય મનુષ્યના મન અને હૃદયમાં છે.

તેના રાજ્યમાં તેને પ્રવેશ કરવાની મનુષ્ય મનાઈ કરે છે, ત્યાં સુધી જ તે તેના આશીર્વાદથી વંચિત રહે છે.

પ્રભુનું પરાત્પર, વિશ્વવ્યાપક, સખા, પ્રેમીનું સ્વરૂપ

અર્થાત્ ભગવાનને ઓળખવાનાં ૭ પગથિયાં:

ગતિ, ભર્તા, પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ અને સુહૃદ.

અખિલ બ્રહ્માંડના આવા સ્વામીની સાથે ક્ષુદ્ર મનુષ્ય સ્નેહનો સંબંધ બાંધી શકે છે, એ મોટું આશ્ચર્ય છે.

કૈન્કર્ય એ પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન છે.

માયા ભગવાનને આધીન હોવાથી જો જીવ ઉપર
ભગવાનની કૃપા ઉતરે, ત્યાંથી માયા દૂર ખસી જાય,
કેમકે તેને જગતનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

જીવ અને ઈશ્વર સાથે જ રહે છે, કિન્તુ
માયાનો પડદો છે એટલે જીવ ઈશ્વરને જોઈ શકતો નથી.

'મારું - તારું' ગયું એટલે...
સંદેહ થઈ ગયો અને માયા ગળી ગઈ.

જેમ શાન્તતાની સાથે તરંગ સાગરરૂપ બની જાય છે,
તેમ જીવાત્મા પણ માયાનો લોપ થતાંની સાથે જ
બ્રહ્મરૂપ બની જાય છે અને અતિ મોટો છે.

બ્રહ્મ = અપરિચ્છિન્ન વસ્તુ.

બ્રહ્મભાવ = પોતાની અભેદ વિશાળતાનો અનુભવ.

શાસ્ત્રોનો પાર નથી, પરન્તુ
એક ઈશ્વરને જાણો, એટલે સઘળું જાણી જશો.
ઈશ્વરને જોવાની દૃષ્ટિ શાસ્ત્ર સાંભળવાથી મળે છે.

ગઢસીસાણા, સં. ૨૦૨૪, આષાઢ વદી ૧૦, શનિવાર ૨૨-૭-૬૮

આપણી પ્રાર્થના : 'હે પ્રભો ! મને ઉપયોગી બનાવ ! મને નિર્દોષ બનાવ ! મને તારા પ્રેમનું સાધન બનાવ !'

પરમાત્માનો ઉત્તર : 'ભરેલો થવા માટે તું ખાલી બન.

નવીન બનવા માટે તું સરળ થા !

ગર્વ ના કર અને તું સફળ થઈશ.

અભિમાની ન બન અને તું વિજય પ્રાપ્ત કરીશ.

નમ્ર થા તો આ જગતમાં કોઈ તારી સાથે ઝઘડશે નહીં.

તારી જાતને ધ્યાનમાં ન રાખ, તો તું સર્વત્ર દેખાશે.'

ભગવાનનો એક અંશ મનુષ્ય માત્રમાં રહેલ છે.

ભગવાનનો અંશ એટલે ગુણ. આપણા બધામાં જ એકાદ ગુણ રહેલ અને બાકી અનંત દોષ રહેલ છે. ભગવાન હંમેશા ક્ષમા આપવા તૈયાર છે, તેની દયાથી જ ગુનેગારના હૃદયનું સમાધાન થઈ શકે. નદીઓના પાણી ભલે સુકાય પણ આત્માના ડાઘ ધોવા માટે પ્રભુની દયારૂપ પતિતપાવન ગંગા તો સતત વહેતી જ રહે છે !

## પ્રભુની મૂર્તિ શા માટે છે?

પ્રભુદર્શનમાં 'મારું આત્મસ્વરૂપ કેવું છે' તે જોવા માટે.

## પ્રભુનું આગમ શા માટે છે?

પ્રભુદર્શનમાં 'મારું આત્મસ્વરૂપ કેવું છે' તે જાણવા માટે.

## પ્રભુની ભાવના શા માટે છે?

આત્મસ્વરૂપ જાણી - જોયાં પછી તેને ભાવવા માટે.

## આત્મસ્વરૂપનું ધ્યાન શા માટે છે?

નિજસ્વરૂપને ધ્યાવવા માટે આત્મસ્વરૂપનું ધ્યાન છે.

## ઈશ્વર કહે છે કે...

મારું શાસન આંતરવૃત્તિ ઉપર છે.

તે જો પ્રસન્નતાપૂર્ણ પસાર થાય, તો બસ છે.

ચિત્તપ્રસન્નતા = આંતરસ્થિતિની કળા - શ્રેષ્ઠ સ્થિતિ.

તે છે બાહ્યપરિસ્થિતિથી નિરપેક્ષ એવી પ્રસન્ન આંતરદશા.

તે જ નિત્ય - નવીન પ્રભાવ છે.

જે મસ્તક પ્રભુને નમે, તેમાં અસદ્વિચાર ટકી ન શકે.

માથું નમાવવું = મારી બુદ્ધિ ઈશ્વરની ભક્તિમાં વાપરીશ.

## ઈશ્વરેચ્છા અને ઈશ્વરનો સત્ય સંકલ્પ.

ઈશ્વરના વિશુદ્ધ સત્ત્વ ગુણમય ચિત્તમાં નિરતિશય ઐશ્વર્યરૂપ ઉત્કૃષ્ટતા અને જ્ઞાન વિદ્યમાન રહે છે.

ઈશ્વરનો અર્થ છે 'ઈશાનશીલ' અર્થાત્
ઈશ્વરમાં જગતનો ઉદ્ધાર કરવાનું ઐશ્વર્ય અનાદિથી છે.

'વીતરાગ'માં વિગત રાગના સ્થાને વિશિષ્ટ રાગ અર્થ કરવામાં આવે, તો તેને પાત્ર ભગવાન જ બનશે.
ભગવાન સાથે રાગ એ વિષયોના મિત્ર બનાવે અને ભગવાન પ્રત્યે વિરાગ એ વિષયોના ગુલામ બનાવે છે.

ભગવાન ભક્તિથી મળે, ભાષણથી કે ભણાવણીથી નહીં.

ભજનમાં ૨ દિવસનું અંતરું ૨ મહિનાની પીછેહઠ કરાવે.

સત્યસાંઈ કહે છે: દરેક ધર્મના ઈષ્ટદેવતાઓ એક જ છે.
તેને તમે ભજતા હો તો સાચી રીતે વળગી રહો, પરંતુ તે રસ્તો સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમનો હોવો જોઈએ.
આમ સન્માર્ગે રહેશો, તો જરૂર ત્યાં ભગવાન મળશે, વિશ્વમાં જે પરમતત્ત્વ વિલસી રહ્યું છે, તેનો અનુભવ થશે.

ભગવાન કોઈ વ્યક્તિ નથી, કિન્તુ શક્તિ છે.

ભગવાન નહીં, કિન્તુ ભગવત્તા, અર્હં નહીં, કિન્તુ આર્હન્ત્ય.

અહંથી વિયોગ તે અર્હંનો સંયોગ છે.

આર્હન્ત્ય એક શક્તિ છે અને ચૈતન્યનો સર્વવ્યાપી,

અવ્યક્ત, અસીમ, અનિર્વચનીય મહાસાગર છે.

ભગવાનને આપણે પોકારવા પડતાં નથી, પરન્તુ

ભગવાનનો પોકાર સાંભળવાનો રહે છે.

બધા ધ્વનિ બંધ થાય, પછી પ્રભુનો નાદ ઉપલબ્ધ થાય.

પ્રભુની ભક્તિથી જન્મ - જરા - મૃત્યુનો નાશ થાય છે.

ઈશ્વરદર્શન માટે મનુષ્યે તેનાં મન, બુદ્ધિ,

ચિત્ત, પ્રાણ, અહંકાર ઈશ્વરને અર્પણ કરવાં જોઈએ.

ઈશ્વરકૃપા અને શક્તિપાત - બે એક જ વસ્તુ છે.

સંસારથી મિત્રતા તે ઈશ્વરથી દુશ્મનાવટ છે.

જે સંસારમિત્ર બનવા ચાહે, તે ઈશ્વરનો વેરી બને.

સંસારથી ભાગવાનું નથી, કિન્તુ માયાથી જાગવાનું છે.

ભાગવામાં ભય છે અને જાગવામાં આનંદ છે.

## ભગવાનનું દર્શન એટલે...

અમુક કાલ્પનિક ભાવ કે મનની કલ્પના કે સંસ્કાર.
તે પરંપરાગત જાણેલા એક ભાવના નહિ અથવા
શાસ્ત્રોમાં વર્ણવેલા દર્શનની સ્થિતિ પણ નહિ,
કેમકે તે પણ એક પ્રકારની મર્યાદા છે.

## ભગવાનનાં દર્શન ક્યારે થયાં ગણાય ?

ભગવાનના ભાવનું પ્રત્યક્ષ થવું,
એના ભાવની અંદર રહેલાં તત્ત્વો એટલે કે
સચરાચરપણું, અનંત - અમર્યાદ શક્તિ, અનેક પ્રકારના
ગુણો અને તેથી પણ પરની સ્થિતિ, નિર્વિકલ્પપણું -
સાક્ષીત્વપણું વગેરે પ્રત્યક્ષ અનુભવ રૂપે પ્રગટ થાય,
ત્યારે ભગવાનનાં દર્શન થયાં ગણાય.
ભગવાનને સમર્પિત થવાનું સાહસ જેની પાસે છે,
પોતાને મિટાવી દેવાનું, શૂન્ય થવાનું સાહસ જે કરી શકે,
તે ઈશ્વરને મેળવે છે - જે માંગે છે, તેને મળે છે.
જે મરવાને રાજી છે, તે જીવનને મેળવે છે.

જીવન રસમય છે, કેમકે એમાં ઈશ્વર છે.

ઈશ્વર સાથે સંબંધ બાંધી ઉદ્વેગ કાઢી નાંખો.

ભગવાનની સાથે લગની કરવા તેમની ભક્તિના પાઠો.

જો આપણે પોકાર કરીએ કે:

'હે પ્રભુ! હું તારી છું' તો સામો અવાજ આવશે કે:

'હે જીવ! તું મારો છે.'

ભગવાન એટલે પાલક, સ્વામી, ભર્તા, નિયામક.

આપણે માગીએ તે ન આપે, આપણને જોઈએ તે આપે.

ભગવાન કેવળ દ્રષ્ટા નહીં, કિન્તુ ભવભાગીદાર મળે છે.

બગલો માછલાં માટે પાણીમાં ધ્યાન ધરી ઉભો રહે છે.

ગધેડો ઘણું કામ કરી આપે, એટલે તેને

નદીકાંઠે સ્મશાન પાસે છોડવામાં આવે છે, ત્યારે

શરીરે ચિતાની ભસ્મનો લેપ કરે છે.

સર્પ વાયુનું ભક્ષણ કરી જીવન વિતાવે છે.

ચાતક પક્ષી ખાવા અને પીવાનું પણ છોડી દે છે, આમ

દ્રષ્ટા જ ભગવાન મળતાં હોત, તો આ બધાને મળત!

## જગતના ભૂખનું નિવારણ કરવા માટે

કેવળ ભગવાનની કૃપા જ સહાયક બની શકે છે.

પ્રભુની આપણા માટે સદા ય એવી ઇચ્છા હોય છે કે
આપણું જીવન સુખી - વ્યવસ્થિત બને, તેથી સર્વ
પ્રથમ ઈશ્વર આગળ આટલો નૈવેદ્ય ધરવો જોઈએ કે:
'સૌનું કલ્યાણ થાઓ, તન તંદુરસ્ત - મન પ્રસન્ન બનો.'

આથી આપણા અંતરમાં અજવાળાં થશે,
સ્વાર્થના અંધકારમય વાદળો વિખેરાઈ જશે,
આપણાથી અંતરના ઊંડાણમાં ઉતરાશે તથા
પરમાત્માની કૃપા ત્યાંથી જ પ્રગટશે.

વિશ્વનું સંચાલન પરમાત્મા કરી રહ્યાં છે,
તેમાં બાધા કે વિઘ્ન ન પહોંચે અને તે કાર્યમાં વેગની
વૃદ્ધિ થાય, તે જ એક આપણે જોવાનું રહે છે.
'ભગવાનને સર્વ કર્મ અને તેના ફળ સોંપી દેવા'
એટલે ભગવાનની આજ્ઞાનુસાર જ કર્મ કરવાં અને
તેનાં ફળ ભગવાનની આજ્ઞા અનુસાર જ સ્વીકારવાં.

## 'યોગેશ્વર' એટલે વિશ્વવત્સલ ભગવાન.

પ્રભુના સ્વરૂપને અને પ્રભુએ કહેલા તત્ત્વને જાણ્યા
વગર આપણો જીવ અનંત કાળ ભવસમુદ્રમાં ભટક્યો છે,
પરન્તુ જેને ભાનનું જરા ય અભિમાન નહિ,
એવો માનવી જ પ્રભુના નામનું સાચું ભાન રાખી
ઈશ્વરના રૂપનું સાચું દર્શન કરી શકશે.
જે જગતને ભૂલે, તેને જગદીશ્વર મળે.
જે વાસનાનો અંત લાવે, તે સંત છે.
જે મનના ખોરાકને વાગોળે, તે માનવ છે.
જે તનના ખોરાકને વાગોળે, તે પશુ છે.
ભગવાન મૂળમાં આર્તબંધુ અને ભક્તવત્સલ છે.
ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે ભક્તિ જોઈએ.
આવે તે પ્રભુનું અને જાય તે પ્રભુને અર્પણ.
પ્રભુની ભક્તિ 'સર્વભૂતહિતેરતાઃ |' હોવી જોઈએ.
'મારી સાથે મારા ભગવાન છે' એમ કદી ન ભૂલો.
જીવે જગત અને જગદીશ – બંનેને સાથે રાખવાના છે.

લંડનમાં St. Paul ચર્ચ બહાર તક્તીમાં લખ્યું છે કે:

'ઈશ્વરમાં માનો યા ન માનો, પરન્તુ જ્યાં સુધી
માનવી મૃત્યુનું રહસ્ય ઉકેલી શકશે નહીં, ત્યાં સુધી
ખુદાની બંદગીનાં સ્થળોના દરવાજા કદી બંધ નહીં થાય.'

કોઈનું અકાળ મૃત્યુ થાય, તે બોધ આપે છે કે:
જગતમાં સત્તા ભગવાનની છે, હું ક્ષુદ્ર છું.

'હું પ્રભુનો છું' એ ક્ષુદ્રતામાં પણ તેજસ્વીતા પ્રકટાવે છે.

ઈર્ષા અગ્નિ સમાન છે, એમાં પ્રભુદર્શનનો અપરાધ છે.
સર્વમાં રહેલા ભગવાનને ન જોવા, તે મહાઅપરાધ છે.

## પ્રભુ પાસે જવાનો અસાધારણ માર્ગ

અંતઃકરણને સંપૂર્ણપણે વિષયરહિત બનાવ
તેને ઈશ્વરમાં જ ડૂબાડી દેવું, બાકી બધું જ ભૂલી જવું.

સાધારણ માર્ગમાં સ્વપ્રયત્ન ઉપર ભાર છે, જ્યારે
અસાધારણ માર્ગમાં ઈશ્વરકૃપા ઉપર ભાર છે.

આપણા મનને ઈશ્વરકૃપાનો અનુભવ જો ન થાય, તો
એનો અર્થ એવો નહિ થતો કે ઈશ્વરકૃપા છે જ નહીં!

ધ્યાન વડે ઈશ્વરનું જ્ઞાન તથા હાજરી પ્રત્યક્ષ થાય છે.

જેઓને જ્ઞાનપ્રાપ્તિ થઈ હોય, તેઓ જ ફક્ત જાણે છે

કે આત્મા એ પોતે જ પરમાત્મા છે.

'તત્ત્વતઃ પરમાત્મા એવ જીવાત્મા ।' સિદ્ધાંત સિદ્ધ છે.

પરમાત્માનું નામ આપણા જ શાશ્વત સ્વરૂપનું નામ છે.

જે જોવા - સાંભળવા - વિચારવાની શક્તિ પૂરી પાડે છે,

તે કોણ છે ? તે જ ઈશ્વર છે અને તે જ તમે છો.

એ રીતે એકતાની અનુભૂતિ જ્યારે થાય છે,

ત્યારે સર્વ વિઘ્નો શમી જાય છે.

અંતરાત્માની સમતા એ

ભગવાન સાથેની એકતાની આવશ્યક શરત છે.

પવિત્રતર થવું = દૈવી આનંદ - પ્રકાશથી ભરપૂર થવું.

સમગ્ર સૃષ્ટિ એ પ્રભુની અભિવ્યક્તિ છે અને તમે

જે કાંઈ કરો છો, તે પ્રભુભક્તિ અને પ્રભુસેવા છે.

'સર્વ પ્રાણી એ ઈશ્વરનાં જ સ્વરૂપો છે'

એમ જોઈ તેમની સેવા કરશો, તે પ્રભુની જ સેવા છે.

સર્વ ધર્મોનો - શાસ્ત્રોનો સાર એ જ છે કે...

ઈશ્વરમાં અપેક્ષા અને જગતમાં ઉપેક્ષા.

એક સત્સંગનો માર્ગ છે, બીજો વૈરાગ્યનો માર્ગ છે.

ઈશ્વર સદાકાળ સાચા સાધકની શોધમાં જ રહે છે.

સાધકે ભક્તિ આદિ સાધનથી પાત્રતા કેળવવી જોઈએ.

ઈશ્વર અને ગુરુ - એ બે નહીં, પરન્તુ એક જ છે.

જીવમાંથી એકનું શરણું લેશો, તો ખાતરીથી માનજો કે તમે તરી શકશો, તેમાંથી જે વધારે કાળજી રાખશે તે તમને પોતાની તરફ ખેંચી લેશે. તે માટે નોકરીમાંથી રાજીનામું આપવાની કે ઘરનો ત્યાગ કરી દેવાની જરૂર નથી.

વેશપલટો કે ગૃહત્યાગ જ સાચો ત્યાગ નથી.

કામનાઓ, વિષયો અને આસક્તિઓનો ત્યાગ એ જ સાચો સંન્યાસ છે, જે મહાત્માઓએ સંસારનો ત્યાગ કરેલો છે, તે કુટુંબ - પરિવાર પ્રત્યેની અપ્રીતિથી નહીં, કિન્તુ વિશ્વ પ્રત્યેની પ્રીતિથી કરેલો છે.

ભગવાં વસ્ત્રોનો અર્થ પણ વિશ્વ ઉપર પ્રેમ કેળવવો છે.

ઈશ્વર સાકાર છે - સદાકાળ પ્રથમ પુરુષ - તે છે.

તે સદોદિત સમજ જ છે. તમે ભૌતિક પદાર્થો ઉપર પ્રીતિ રાખો છો, એટલે ઈશ્વર ઢંકાઈ જતો દેખાય છે. અન્ય સર્વ ત્યાગ કરીને કેવળ તેના જ શોધમાં લાગી જશો, તો તે કેવળ 'હું' - આત્મારૂપે વિલસી રહેશે. ભગવાન સદાકાળ તમારી જોડે તમારા અંતરમાં જ છે.

ઈશ્વરનો વિચાર કરવો એટલે...

ઈશ્વરની અંદર તમારી જાતનો વિલય કરવો.

ઈશ્વર તે હૃદયમાં વસે, જ્યાં ક્ષમા અને શાંતિ છે. ઈશ્વર પોતે પવિત્ર આનંદ અને શાંતિસ્વરૂપ છે.

'શાન્તં શિવં સુન્દરમ્ ।'

તમે એને ગમે તે નામે ઓળખો કે બોલાવો...

જેવાં કે સત્ય, પરમ સત્તા કે અનંત ચેતના.

પ્રભુની દિવ્યસંપત્તિ રૂપ લાભ, પ્રેમ, શાંતિ, આનંદને પ્રાપ્ત કરવા માટે પ્રથમ શરત એ છે કે સાધક સાધુ, સરળ, પવિત્ર જીવન ગાળવા સાચો સંકલ્પ કરવો.

## ઈશ્વરનો અનુભવ કરવા માટેની બે શરત:

ઈશ્વર માટે અનુરાગ અને પાડોશી માટે પ્રેમ.

મનુષ્યની ચેતના જ્યારે પૂર્ણપણે ખિલશે,

તેનું જ નામ પરમાત્મા.

તેની પ્રાપ્તિ માટે ખૂબ જ આશાવાદી દૃષ્ટિકોણ જોઈએ.

ઈશ્વરમાં બે પ્રકારનું અસ્તિત્વ: (૧) સંકલ્પમય (૨) કરૂણામય.

## પરમાત્માના સ્પર્શનો અનુભવ

કોઈ બાળક ગાઢ નિદ્રામાં હોય, તેને કોઈના હાથનો સ્પર્શ થાય તો યે ખબર ન પડે, છતાં જેણે સ્પર્શ કર્યો, તેને તો ખબર હોય છે કે પોતાનો સ્પર્શ બાળકને થયો.

તેવા જ રીતે પરમાત્માના સ્પર્શનું પણ છે.

કોની સાથે? બધા જીવોની સાથે, પરંતુ

એ સ્પર્શનો અનુભવ કરવાનું દરેકને બનતું નથી.

## ઈશ્વરના પાંચ કૃત્યો

સર્જન, પાલન, સંહાર, નિગ્રહ, અનુગ્રહ.

નિગ્રહ = ઉપસર્ગ નિવારણ. અનુગ્રહ = બોધિપ્રદાન.

## પરમાત્મા પાસે શું માંગવું જોઈએ ?

પરમાત્મા પાસે પ્રકાશ, પરાક્રમ, બળ, સામર્થ્ય, ક્ષમા, સહિષ્ણુતા, ઈશ્વરીય ગુણો, પવિત્રતા તથા સંસારને સુખી કરતાં કરતાં આપણે જીવન પૂર્ણ કરીએ તે માંગો.

## ઈશ્વરની સર્વોત્કૃષ્ટ પ્રાર્થના કઈ ?

દીનદુઃખિયા ઉપર દયા કરી વ્યથામાં સહાયતા કરવી તે.

જેમણે જન્મ આપ્યો, જ્ઞાન આપી મનુષ્ય બનાવ્યા, અખંડ દયાની વર્ષા કરી, તેમને માટે પ્રાર્થના કરવી તે.

નિરાકાર એવા પરમેશ્વરની અનુભૂતિ
ચૈતન્યની અખંડતાના આકારે થાય.

ઈશ્વરથી વિમુખ થઈને કરાયેલો વ્યવહાર રડાવે,
પ્રભુને માથે રાખીને કામ કરો, તો વિજય તમારો જ છે.

પ્રેમ અને રુદન પ્રભુને અત્યંત પ્યારા છે.

પ્રભુના આલંબને જે પ્રભાવે શુભ ભાવો પ્રાપ્ત થાય,
તે જ પ્રભુની દયા તથા કરુણા છે.

ભગવાનની દયા એટલે તેમની દયા યા કૃપા.

## પ્રભુની પાસે જવું હોય, તો એકલા નહીં જવાય !

ભક્તિભાવની સાથે જવું જોઈએ. ભગવાન તો ભોળિયા આત્માને સ્પર્શે છે, તેથી સૌ સાથે ભેદભાવ તજીને, ભક્તિભાવને મદદરૂપ થઈ, એકલપણાંનો ભાવ તજી દઈને, વ્યક્તિને બદલે સમષ્ટિની સાથે તાદાત્મ્ય ભાવ કેળવીને જીવન વ્યતીત કરીએ, તો જ પ્રભુનો સાક્ષાત્કાર થાય અને જીવનની સાર્થકતા પણ અનુભવાય.

## ખુદાને મળવાના બે માર્ગ : એક નાનો તથા બીજો મોટો.

નાનો માર્ગ દુનિયાના સંગાથી જુદા થવાનો છે,
મોટો માર્ગ ઈશ્વર તરફ વળવાનો છે.

## પ્રભુમિલન માટે ભક્તિ, કર્મ કે જ્ઞાનમાર્ગ ?

ત્રણે માર્ગમાંથી ગમે તે એકથી શરૂઆત કરી શકાય છે.
એકથી શરૂઆત કરનાર સાધક પરિપક્વ બને,
ત્યારે બાકી બેનો ઉદય થયાં વિના રહેતો નથી.
આમ ભક્તિ, કર્મ અને જ્ઞાનનો સંગમ થાય,
ત્યારે જ પરમાત્માના દર્શન થાય છે.

રુદ્રની ઉપાસનાથી રુદ્ર - બ્રહ્મની ઉપાસનાથી બ્રહ્મ બનાય.
તે માટે પોકળ - ખાલી બનો. સાંબેલું નહીં, વાંસળી થાઓ.

મનુષ્યની સેવા એ ઈશ્વરનું અનુસંધાન સાધવા માટેનો
એક પ્રયત્ન છે. પ્રતિક્ષણ પોતાની જાતને શૂન્ય કે
ખાલી કરી દેવા મથવું, જેથી પ્રભુ એને ભરી દે અને
પોતાના હાથને ઓજાર બનાવે, તે જ્ઞાનીની ભક્તિ છે.

પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટી છે, એમ ક્યારે સમજવું?

ભગવાનને સાક્ષી રાખીને તેમણે કરેલા સર્વ આજ્ઞા
પાળવા માટે જ પોતાના બધાં કાર્યો થવા લાગે, ત્યારે.

વીજળી અને વાદળની ગર્જના એ પ્રભુનું રુદ્ર રૂપ છે,
મેઘવર્ષા એ ભગવાનની અનુકંપા છે.

'આ મારા ભગવાન - આ તારા ભગવાન'માં વહેંચાતા ધર્મો
માનવહૃદયની સરળતા અને સહૃદયતાનું શોષણ કરે છે.

પવિત્રતા ભગવાનના ગૃહ વિષે
મોટી મોટી દલીલો કરવામાં નહીં, પરન્તુ ભગવાન
ઉપર પ્રેમ રાખવામાં અને પોતાને ભૂલવામાં રહેલા છે.

# ઈશ્વર કહે છે...

ધરતી ખેડવાનું કામ તારું, તેમાં વરસાદ પાડવાનું કામ મારું.
બીજ વાવવાનું કામ તારું, અંકુર જન્માવવાનું કામ મારું.
ખાવાનું કામ તારું, તારું ખાધેલું પચાવવાનું કામ મારું.
સુવાનું કામ તારું, પાસે બેસી રક્ષણ કરવાનું કામ મારું.
જીવ જો તે ઉપકારોને યાદ ન કરે, તો કૃતઘ્ની બને.

ઈશ્વરનું સ્મરણ કરતાં કરતાં સૂઈ જાઓ,
ઈશ્વર જાગતો રહીને તમારું રક્ષણ કરશે.
દિવસના અર્ધો - પોણો કલાક ઈશ્વર માટે કાઢો અને
પ્રેમથી પ્રભુનું ભજન - ધ્યાન કરો.
પરમાત્મા તમારી પાસે સંપત્તિ નહીં, સમય માંગે છે.
એ તમારા માટે ચોવીસે કલાક
શ્વાસોશ્વાસ આપવાની કામગીરી બજાવે છે,
તો તમે એના માટે અર્ધો - પોણો કલાક કાઢી ન શકો?
ઈશ્વર જીવને સતત મદદ કરતો રહે છે અને
તે પણ પોતાની જાતને છૂપાવીને.

## ભક્તિથી શું મળે અને શું દૂર થાય?

ભક્તિથી સમ્યક્ત્વ મળે અને મિથ્યાત્વનો વિલય થાય.

ઈશ્વર સચરાચર જગતના આધાર, રક્ષણ કરનાર તથા
રક્ષણ કરવા દ્વારા પરમ સુખ આપનાર છે,
તેથી જ ભગવંત પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ પ્રગટે છે.

ઈશ્વર = પૂર્ણ, જે સાવ ખાલી હૃદયમાં જ સમાઈ શકે.

માનવહૃદયને પ્રભુની શ્રદ્ધા સૌથી વધારે બળ અને
પ્રભુને કરેલી પ્રાર્થના સૌથી વધારે શાંતિ આપે છે.

દીનતા, શરણાગતિ, ક્ષમાયાચના દ્વારા ઈશ્વરનો મહિમા
અને પોતાની અશક્તિ સમજાય, ત્યારે જ
સાચી પ્રાર્થના થઈ શકે. માહાત્મ્ય જ્ઞાન દ્વારા થતી
ઈશ્વરની ભક્તિ એ જ સાચી ભક્તિ છે.

ભગવાનના નામની સાથે ધ્યાનથી, શ્રદ્ધાથી, આગ્રહથી
પ્રાર્થના થાય, ત્યારે તેની જુદી જ અસર થાય છે:
'પ્રભુ! તારી સાથ મળે, તો નિષ્ફળ ન જ બની શકું.
તારા નામની આબરૂ રાખજે, તારા ભક્તની લાજ રાખજે.'

ઈશ્વરને તમે નહિ માનતાં પણ ઈશ્વર તમને માને છે,
માટે ઈશ્વરથી ભાગવું અશક્ય છે.

પ્રભુનો પ્રેમ મહાન છે, વિશાળ છે.

જો આપણે ઈશ્વરવિમુખ હોઈએ, તો પણ તે આપણને પ્યાર કરે છે, તો જો આપણે શ્રદ્ધા અને ભક્તિથી તેના તરફ વળીએ, તો આપણને શું ન કરે?

ઈશ્વર કૃપા બે પ્રકારની : સામાન્ય અને વિશેષ.
સામાન્ય સર્વ ઉપર, વિશેષ ભક્તજન ઉપર હોય છે.

ભગવાન મફત મળે, તો પણ કોઈ લેવા તૈયાર નહિ, કેમકે મનઘરમાં વિચારરૂપી સામાન એટલો ખડકાયો છે કે હવે ભગવાનને રાખવા એટલી પણ જગ્યા રહી નહિ!

જે વસ્તુ સૌથી મૂલ્યવાન છે, તેને તરછોડીને તુચ્છ વસ્તુ પોતાના મનરૂપી ઘરમાં ભરવી, તે મોટી અક્કલનું જ કામ ગણાય!

ભગવાન સ્નેહના ભૂખ્યા છે, તે સ્નેહ સુકાઈ જવાથી ભગવાન સાથેનો આપણો સંબંધ અધૂરો બન્યો છે.

## 'પ્રભુ' શબ્દનો વ્યાકરણ મુજબ અર્થ

પ્ર = પુષ્કળ, ભૂ = થવું. પુષ્કળ એટલે અગણિત થવું.

'પ્રભુ' એટલે ઘણાંના આત્માને જાણવું.

પ્રભુના આશ્રયે ઠાંસોઠાંસ સુખ જ છે.

પ્રભુ અને સદ્ગુરુની કૃપાથી જ
સ્વરૂપભૂત આનંદનો પ્રકાશ પ્રાપ્ત થઈ શકે.

પ્રભુભક્તિ જ પરમાત્મપદ સુધી પહોંચાડે છે.

ઈશ્વરેચ્છા એક મોટું આલંબન છે.

ઈશ્વરમાં મન - બુદ્ધિ - અંતઃકરણને જોડવામાં આવે, તો શરીર અને મનનું ગમે તેવું દુઃખ પણ સહન થઈ શકે.

સ્ત્રીથી આઘા થનારમાં જેમ રૂક્ષતા આવે,
તેમ ભગવાનથી દૂર થનારમાં રૌદ્રતા આવે!

માનવીની આશા ન રાખવી, પ્રભુની આશા ન છોડવી.

જીવ ભાવુક ન બને, ત્યાં સુધી પ્રભુદર્શન થતાં નથી.

પ્રભુનું દર્શન થઈ જાય, દર્શન જ નહીં પણ મિલન થઈ જાય, ત્યારે થતાં સુખનું વર્ણન શબ્દોથી ન થઈ શકે!

પરમેશ્વર = આત્માનું જ પરમ અને સ્વચ્છતમ રૂપ.

ભગવાન એક અદૃશ્ય શક્તિ છે,
જેમાં દરેક માનવ વિશ્વાસ અને આશાઓ ધરાવે છે
તથા તે માટે ભક્તિરૂપી મૂલ્ય પણ ચૂકવતો રહે છે.
શાસ્ત્રાભ્યાસ દ્વારા જેનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે, પછી
તે ભક્તિ મુક્તિને આકર્ષવાનું Magnet બની જાય છે.
રત્નત્રયના બદલામાં કાચ કે ઐરાવણ હાથીને વેચી
ગર્દભને ખરીદે? આપણે એટલું જ માંગવાનું છે
કે પ્રભુભક્તિમાં મને ક્યારેય અંતરાય ન આવે!
થોડી પણ ભક્તિ ભગવાનની થાય છે, તો તે
પરંપરાએ મુક્તિનાં અનંત સુખ આપનારી થાય છે.

પ્રભુ તો ભક્તના પરતંત્ર બની જીવને સ્વતંત્રતા દે છે.

પ્રભુને પણ ભક્તિવશ ભક્તના કબજે આવવું પડે છે,
છતાં ભગવાન જીવમાત્રને પોતાની ભક્તિ શીખવી,
કે ન શીખવી, તે વિષયમાં સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષે છે.
તેનું જે અનુકરણ કરે, તેને પ્રભુપદની પ્રાપ્તિ થાય.

# ભગવાન હૃદયસ્થ થવાથી શું શું થાય ?

શાસ્ત્રને હૃદયસ્થ બનાવવાથી ભગવાન હૃદયસ્થ બને, તેમ નામાદિ મંત્રોને પણ હૃદયસ્થ બનાવવાથી ભગવાન હૃદયસ્થ થઈ સર્વાંગીણ - નખશિખ અનુભવાય છે. તેમાંથી સદ્ગ્રંથો રચાય, ગ્રંથોમાં સુસૂક્તિઓ ગુંથાય, તેના બળે સદ્વિચારો ફેલાય, તેમાંથી સદ્વર્તન પ્રગટે તથા પ્રાંતે પાપકર્મો ઘટે અને પુણ્યકર્મો વધે.

'અહં મે ભગવાન્, અહં ભગવત્તરઃ ।'

આવો ભાવ જેને હોય, તે સાક્ષાત ભગવાન છે.
લોકોના મનને હરી લઈ સાધના તરફ વાળે છે,
તે સામર્થ્ય ભગવાનની મૂર્તિ અને વાણીમાં છે.
ભગવાનનું મુખ જોઈ અને વાણી સાંભળીને થતાં આનંદ આગળ ઇંદ્રની ઋદ્ધિ પણ કાણી કોડી જેવી છે.
આ જગતમાં સૌથી વધુ કૃતજ્ઞ કોઈ હોય, તો તે પરમેશ્વર - પરમાત્મા છે, જેમનું નામસ્મરણ કરવા માત્રથી જ અનંત ભવભ્રમણનાં દુઃખ દૂર થાય છે.

## બે પ્રકારે ભગવાનનું સ્વરૂપ:

એક છે સર્વ સ્વરૂપ અને બીજું છે શુદ્ધ સ્વરૂપ.

જેનું નામ પણ સુખ આપે, એ 'સુખ આપનારા નહિ' એમ બોલવું, એ કેટલો મોટો વિસંવાદ ગણાય!

ભગવાન ત્રણ જગતના નાથ છે, કરુણાસિંધુ છે, માટે જ તેમનું નામ અને રૂપ પાપનો નાશ કરે છે.

પ્રભુ સત્ય છે, માટે સત્ય બોલનારને જ તે મળે.

પરમાત્મા = દેશકાળનો અને કાર્યકારણનો પરિચ્છેદ કે મર્યાદા જેને નહિ, તે બૃહત્ વસ્તુ.

આપણો આત્મા જ જ્યારે પોતાના મહિમામાં વિહાર કરતો હોય, ત્યારે તે 'પરમ + આત્મા' કહેવાય.

'વિભુ' એટલે વિવિધરૂપ હોવા છતાં અકળ, અતર્ક્ય, અચિન્ત્ય શક્તિવાળા હોવાની એકતા.

'વિભુ સાધુના સંરક્ષક અને અસાધુના સંહારક છે' એમ જે જાણે, તે સાધુતાને વધારવા કોશિષ કરે.

વિભૂતિ ત્રણ રીતે ઓળખાય: ઐશ્વર્ય, શ્રી અને બળ.

ભગવાન એ નામ નહીં, પરન્તુ વિશેષણ છે.

જેને ભગ = ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે, તે ભગવાન છે.

ભગવાનનો વિરહ વિરતિની અપેક્ષાએ છે,
આસક્તિની અપેક્ષાએ હંમેશા અવિરહ છે.

પ્રભુના સમાગમથી આત્મારામની મોજ સુલભ બને છે.

પ્રભુનામમાં મનને પરોવવાથી વિલસી રહેલ આત્માની
ઝાંખી થશે અને અનુપમ ઉરતો ઉધ લાગશે.

મનમાં જે દેહભાવ ભરાયો છે, તે દેહનો જ જો
ભરોસો નથી, તો એમાં આટલી લુબ્ધતા શા માટે?

બે કર્તવ્યો: વિષયો પ્રત્યે વૈરાગ્ય અને પ્રભુ પ્રત્યે પ્રેમ.

મનથી વંદન કરી ભગવાનને પ્રેમથી હૃદયમાં પધરાવો.

સર્વત્ર ઈશ્વરને જોવાથી મરણનો ભય ચાલ્યો જાય છે.

અંતકાળમાં મનુષ્યને જે ભય થાય છે,
તે કાળનો નહીં, પોતે જ કરેલા પાપનો હોય છે.

પ્રતિક્ષણ ઈશ્વરનું સ્મરણ રાખો, તેનું મરણ સુધરે છે.

સર્વમાં ઈશ્વરભાવ જાગે, તો જીવનમાં દૈન્ય પ્રગટે.

ધાર્મિક કાનૂનો અને ધાર્મિક પોલીસોના ડંડાઓ સાથે
એરીફાઈ કરી શકે, એવા જે કાનૂનો છે:

(૧) ઈશ્વરને પોતાના આત્માની જેમ ચાહવા.

(૨) જીવમાત્રને પોતાના આત્માની જેમ ચાહવા.

પ્રકૃતિના શાશ્વત નિયમો

ઈશ્વર કે સનાતન નિયમોને કોઈ ઠગી શકતું નથી.
[illegible] પાપો ધોવાય છે, એ માન્યતા ખોટી છે.
ધર્મની બાબતમાં સરવાળા - બાદબાકી ન થઈ શકે.
દુનિયાદારીના મહારાજો ઉપર વિશ્વાસ મૂકવા કરતાં
ઈશ્વરી નિયમો ઉપર વિશ્વાસ મૂકવો જ લાભદાયક છે.
દુન્યવી વ્યવહાર ઉપર વિશ્વાસ મૂકવાને બદલે
ઈશ્વરી કાયદા ઉપરનો વિશ્વાસ જ સલામત માર્ગ છે.
નિવૃત્તિ તે નિયમ, તેમાં કરુણા પ્રભુનો અનુગ્રહ છે.

ભગવાનનો પહેલો એ નિયમ છે કે:

પોતાના શરણાગતોની સર્વ પાપહાનિ કરવી.
જ્ઞાની, કર્મી, જોગીને અંત સમયે ભક્તિનું વિધાન છે.

## ઈશ્વર છે કે નહીં ? તેના ઉત્તરમાં

**ઈશ્વરના અસ્તિત્વમાં અપાતા પ્રમાણોના ત્રણ વિભાગ:**

(૧) કાર્યકારણ ભાવમૂલક = Cosmological.

કાર્યમાત્ર કોઈ બુદ્ધિમાન કર્તાની અપેક્ષા રાખે છે.

પૃથ્વી - પર્વત આદિ બધું કાર્ય છે.

તે કાર્ય ઘટપટાદિની જેમ જ

કોઈ બુદ્ધિમાન કર્તાની અપેક્ષા રાખે છે.

કાર્ય નાનું હોય કે મોટું, સાધારણ હોય કે અસાધારણ,
દૃશ્ય હોય કે અદૃશ્ય - બધે વ્યાપ્તિ સર્વત્ર સમાન છે.
જગતનું કારણ ઈશ્વર, તો ઈશ્વરનું કારણ કોણ ?

(૨) કલ્પના સત્તામૂલક = Ontological.

જો ઈશ્વરનું અસ્તિત્વ ન જ હોય, તો મનુષ્યના મનમાં
ઈશ્વરના અસ્તિત્વની ભાવના જ ઉત્પન્ન ન જ થાય!
ઈશ્વરની કેવળ કલ્પના ઉત્પન્ન થાય, તેટલાં માત્રથી
ઈશ્વરની સિદ્ધિ થતી હોય, તો કોઈ રંકને રાજાની
કલ્પના થવા માત્રથી રાજા થઈ જવો જોઈએ.

ઈશ્વરની કલ્પના મનુષ્યના મનમાં આવે છે,
માટે ઈશ્વરનું અસ્તિત્વ માનવું અનિવાર્ય છે.

(3) <u>કલ્પના પ્રયોજનમૂલક = Teleological.</u>

સૃષ્ટિમાં એક અદ્ભુત વ્યવસ્થા દૃષ્ટિગોચર થાય છે.
પ્રયોજનમૂલક અનુમાનથી વિશ્વના નિયામક
અને સંયોજકનું અનુમાન થાય, પરન્તુ
રચયિતા અને ઉત્પાદકનું અનુમાન ન થાય.

વેદાન્ત મુજબ ઈશ્વર જગતનું નિમિત્ત અને
ઉપાદાન - એમ ઉભય કારણરૂપ છે. નૈયાયિકો મુજબ
ઈશ્વર એ આ સૃષ્ટિમાં કેવલ નિમિત્ત કારણ છે.
વેદાંતમાં ઈશ્વરની સિદ્ધિ અનુમાન પ્રમાણથી નહીં,
કિન્તુ આગમ પ્રમાણથી માને છે તથા
ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યના કારણરૂપ વિવર્તરૂપે છે. ન્યાય
- વૈશેષિક ઈશ્વરની સિદ્ધિ અનુમાન પ્રમાણથી માને છે,
ઈશ્વર કેવળ જ્ઞાતા, દ્રષ્ટા, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે,
એમ નહીં પણ પિતાની સમાન સૃષ્ટિના કર્તા પણ છે.

## વિશ્વનું વ્યવસ્થિત સંચાલન કોણ કરે છે?

કાર્ય છે, માટે કર્તા જરૂર હોવો જોઈએ.
એ વ્યવસ્થા, અને તેનું સામંજસ્ય કેવળ
પરમાણુ સંયોગાદિથી અસંભવિત છે, તેથી
કોઈ શક્તિશાળી મહાન યોજનાશક્તિ અવશ્ય છે,
જેણે આ સૃષ્ટિની રચના કરી છે.



જીવની અચિન્ત્ય સ્ફૂર્તિશક્તિ,
ઈશ્વરનું અગાધ - અગોચર જ્ઞાન અને
સત્પુરુષોની સર્વને સુખી કરવાની પ્રબળ ભાવના - એ
બધાં મળીને વિશ્વનું વ્યવસ્થિત સંચાલન થઈ રહ્યું છે.
આ સમસ્ત વિશ્વનું સંચાલન વ્યવસ્થિત છે,
માટે તેની પાછળ કોઈ ઉચ્ચ હેતુ અને
તેનો ઘડવૈયા કરનાર સત્તા પણ હોવી જ જોઈએ.
અપૂર્ણ જ્ઞાન, શક્તિ અને સુખ દેખાય છે, તો
પૂર્ણ જ્ઞાન, શક્તિ અને સુખ પણ હોવું જ જોઈએ.
ઈશ્વર = Universal energy.

## જૈનો તથા બૌદ્ધોની એ દલીલ છે કે...

સંપૂર્ણ કાર્યોના કર્તા તરીકે જો ઈશ્વર છે,
તો ઈશ્વરના કર્તા તરીકે પણ કોઈ હોવો જોઈએ.
તેણે કારણ શોધવાનો ઇન્કાર કર્યો, અને
કેવળ શ્રદ્ધાના આધાર ઉપર ઈશ્વરને સ્વીકારવાનું રહ્યું,
જો કે Anselm તથા Descarte આદિ ઈશ્વરના
અસ્તિત્વમાં એ પ્રમાણ આપે છે કે જો ઈશ્વરની સત્તા
જગતમાં ન હોય, તો આમારા હૃદયમાં તેના અસ્તિત્વની
ભાવના જ કેમ ઉઠે? Kant આ મતનો વિરોધ કરે છે.
કેવળ કલ્પનાથી કોઈ કોટ્યાધિપતિ થવાતું નથી,
તેમ કલ્પનામાત્રથી ઈશ્વરસિદ્ધિ ન થઈ શકે.
સૃષ્ટિમાં એક અદ્ભુત વ્યવસ્થા દૃષ્ટિગોચર થાય છે.
Cosmic harmony માટે શક્તિશાળી મહાન
યોજનાશક્તિ માનવી જરૂરી છે કે જે તેનું પાલન કાર્ય
કરે છે. વિશ્વના નિયામક અને સંયોજક ઈશ્વરની
કલ્પના ન્યાય્ય છે પણ એકેશ્વરની કલ્પના અમાન્ય છે.

નામ પૃથક્ - પૃથક્ છે, પરન્તુ વસ્તુતત્ત્વ એક જ છે.

'ભગવાન્ પરમાત્મેતિ પ્રોચ્યતેઽષ્ટાંગયોગિભિઃ ।
બ્રહ્મેત્યુપનિષન્નિષ્ઠૈર્જ્ઞાનં ચ જ્ઞાનયોગિભિઃ ॥'

ભક્ત તેને ભગવાન, યોગી પરમાત્મા, વેદાન્તી તેને પરબ્રહ્મ અને જ્ઞાની તે પ્રભુને જ્ઞાનસ્વરૂપ કહે છે. સરલ વિશ્વાસપૂર્વક જે ભગવાનનું નિત્ય સ્મરણ કરે, તેને પ્રભુકૃપાથી બુદ્ધિયોગ મળે છે. એ મળ્યાં પછી જ અનિત્યની પાછળ નિત્ય તત્ત્વ રહેલું દેખાય છે.

માત્ર જ્ઞાનથી વિષય - વાસના નાબૂદ થતી નથી. એ માટે દૃઢ સંકલ્પ, અવિરત પ્રયત્નોની સાથે સાથે ઈશ્વરની નિરન્તર કૃપાનો સમન્વય પણ જોઈશે.

પ્રભુની સાક્ષાત્ અનુભૂતિના પર્યાયવાચિ શબ્દો ઈશ્વરસાક્ષાત્કાર, આત્મસાક્ષાત્કાર, જીવ - શિવનું મિલન, ભગવત્પ્રાપ્તિ, ભગવદ્દર્શન તથા આત્મજ્ઞાન આદિ. ઈશ્વરીય શક્તિના સાક્ષાત્કાર માટે ભિન્ન ભિન્ન શબ્દોનો પ્રયોગ સાધન - પ્રણાલિઓના ભેદને કારણે જ પડે છે.

વિષયસેવનની કાળકોટડીમાં જેઓ પૂરાઈ રહે છે,
તેઓને ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી.

ભગવાન સહજ - સુહૃદ છે, ભક્તિ કરો યા ન કરો, સેવા કરો યા ન કરો, કિન્તુ તમે એક જીવ છો અને ભગવાન જીવમાત્રના સહજ બંધુ છે, તેઓ વગર કહ્યે પ્રેમ કરી સદા હિત કરવા માટે પ્રસ્તુત છે. એ વાતનું અજ્ઞાન અને અવિશ્વાસ એ જ અશાંતિ અને દુઃખનું મૂળ છે. પ્રભુ સર્વજ્ઞ - સર્વ શક્તિમાન હોવા છતાં નાહક તુચ્છ પ્રાણીને પણ ન ભૂલે અને અકારણ સ્નેહ વર્ષા કરે તથા મંગળ કરવા જ ચાહે, એ કેટલી મોટી વાત છે !

ભગવાનની આટલી સહજ કૃપા હોવા છતાં જે તેના ઉપર વિશ્વાસ ન મૂકે, કોઈપણ જાતની શરત વિના પોતાની જાતને તેમના ઉપર છોડી ન શકે અને ભગવાનની ઉપર નિર્ભર રહીને પોતાના જીવનનું સર્વોચ્ચ ધ્યેય સાધી ન લે, તેના જેવો અભાગી કોણ?

પ્રેમ એ પરમાત્મસ્વરૂપ છે, એનો કદી પરાજય નથી.

ઈશ્વરની સમીપ મનુષ્યનું બીજું સ્થાન છે, તેથી જ ઈશ્વરના ભાગ - વિગ્રહો જનકલ્યાણ અર્થે મનુષ્યના શરીરમાં જન્મે છે. પશુ-પક્ષી આદિનાં શરીરો કેવળ કર્મ ભોગવવા માટે છે, જ્યારે મનુષ્ય જન્મ કર્મ ભોગવવા માટે અને નવા કર્મ કરવા માટે છે.

દેવ-ગુરુના પૂજન તથા સેવા વડે જ મનુષ્ય
ઈશ્વરની કૃપા મેળવવા માટે પાત્ર બને છે.

પૂજા અને સેવા - એ બેમાં ફરક છે.

સેવા = પ્રભુના ઉપદેશનું યથાવિધિ આદરથી આચરણ,
સેવ્યનાં કાર્યોનું અનુમોદન અને સક્રિય સહકાર.

મોટામાં મોટી સેવા = દેવ-ગુરુની આજ્ઞાનું પરિપાલન.

મનુષ્ય સરકારના કાયદા પાળે,
બીમાર પડે, ત્યારે વળી ડૉક્ટરના ય કાયદા પાળે,
પરન્તુ ઈશ્વરના કાયદા પાળવામાં ઉપેક્ષા કરે,
એ કરતાં બીજું મોટું આશ્ચર્ય કયું ?

જિનેશ્વરના ચાર નિક્ષેપ - આપણા શરીરમાં ક્યાં ?

નામજિનનું સ્થાન આપણી જીભમાં છે,

સ્થાપનાજિનનું સ્થાન આપણા ચક્ષુમાં છે,

દ્રવ્યજિનનું સ્થાન આપણા મનોરથોમાં છે તથા

ભાવજિનનું સ્થાન આપણા હૃદયમાં છે.

પ્રભુનું સમ્યક્ત્વ = કરુણાભાવ,

ચારિત્ર=જીવો પ્રત્યે કરભાવ, રક્તભાવ = ભાવિતાત્મકતા.

ભગવાને જગતના કલ્યાણ માટે હજારો વર્ષ સુધી

રાત્રિ - દિવસ સતત ભાવના રાખી હતી અને

તે માટે ગમે તેવા કષ્ટો સહન કર્યા હતાં.

તેમને ઉપસર્ગ સહન કરવાથી આંખોમાં પાણી નહિ આવતાં,

પરન્તુ સામાની દયાથી આંખોમાં આંસુ આવી જાય છે.

વાત્સલ્યભાવ એ પરમાત્માના સ્વરૂપનો એક અંશ છે.

'અસત્ય વિના ધંધો ન ચાલે' તેવું બોલે, તે સત્યનું

અપમાન કરે છે. સત્ય કદી અસત્ય કરે જ નહીં

અને આપણે તો સત્યની પૂંઠ ભૂલી કાઢીએ છીએ!

## ભગવાન પાસે એક જ માંગણી કરવી કે...

'મને કામના અને વાસનાનાં બંધનથી છોડાવો.'

સાચી પ્રાર્થના એ છે કે આજુબાજુનું કાંઈ ભાન ન રહે અને ભગવાનની ભક્તિમાં મન તન્મય બની જાય. સંતસમાગમ દ્વારા ઈશ્વરકૃપા આપણા પ્રતિ વહે છે.

જે કરવાનું છે, તે ફક્ત કૃપા માટે - પ્રાર્થના. પ્રાર્થનારૂપી પક્ષી - વિચારો એ પ્રભુનાં જ આપ્યાં છે. પ્રાર્થના અને ધ્યાન - બંનેના સમય દરમ્યાન મન અંતર્મુખ થાય છે, બાકીના વખતે તે અશાંત રહે છે. જ્યારે મન સ્થિર ન રહે, ત્યારે આપણે યાતના અનુભવીએ છીએ. તે વખતે ઈશ્વરને પ્રાર્થના કરવી જ જોઈએ, જેથી ઈશ્વરમાં આપણું મન સ્થિર રહે.

આપણે જે કાંઈ કરી શકીએ, તે થોડું જ છે, બાકીનું તો ઈશ્વરે આપણા માટે સંભાળી લેવાનું છે.

ઈશ્વર સાથેનું આ રીતનું અવિચ્છિન્ન અનુસંધાન એ આત્મજ્ઞાન અથવા આત્મસાક્ષાત્કારનું સાધન છે.

પરમાત્માને શરણે જાઓ અને હૃદયમાં દૃષ્ટિ રાખીને

રોજ છ માસ સુધી સવાર - સાંજ પ્રાર્થના કરો કે:

'હે ભગવાન! મને સારી બુદ્ધિ આપો, પાપનો નાશ થાઓ.

મારા ધર્મ વડે બધા સુખી થાઓ, બોધિલાભ પામો.

અજ્ઞાન-દુઃખ ટળો, ચૌદ રાજલોકમાં શાંતિ થાઓ.'

છ માસ સુધી આવું કરે, તો ઘણાં દોષો જતાં રહે.

પ્રભુ પાસે શેની પ્રાર્થના કરવી? આત્મભાવની.

પ્રાર્થના એટલે જીવનના મધ્યબિન્દુની શોધ.

પ્રાર્થનામાં અજબ શક્તિ છે, એનાથી

અંતરનાં ઊંડાણનો અવાજ ઝડપથી જગદીશ્વરને પહોંચે છે.

સાચા દિલથી કરાતી પ્રાર્થના અવશ્ય ફળે છે.

ભાવપ્રાર્થનાનાં લક્ષણો

(૧) અર્થનું આલોચન (૨) ગુણનો રાગ (૩) ભવનો ભય

(૪) પ્રાપ્તિનો વિસ્મય (૫) ભાવની વૃદ્ધિ.

પ્રાર્થના કે નમસ્કાર how to know માટે નહિ,

કિન્તુ How to love માટે છે.

## કેવી પ્રાર્થના પૂર્ણ થશે ?

જગતની ઇચ્છા સાથે સમન્વયવાળી ઇચ્છા એ જ
ખરી પ્રાર્થના છે અને આખા વિશ્વનો તેમાં ટેકો છે.

આવી પ્રાર્થના હશે, તો જરૂર પૂર્ણ થશે.

પ્રાર્થનાનો હેતુ સર્જનાત્મક જોઈએ, વિનાશાત્મક નહીં.
શુદ્ધ અને નિષ્કલંક જોઈએ. એકને જ લાભદાયી નહીં,
કિન્તુ બધા જીવોને ય લાભદાયી હોવી જોઈએ.

ઈશ્વર ખરેખર આપણા હૃદયદેશે રહ્યા છે.

તેની નિરંતર પ્રાર્થના અને સ્મરણ કરતાં
આપણે તેમને વિષે જાગ્રત થઈશું. પરમાત્મા વિષેની
જાગૃતિ આપણને સમૃદ્ધિ આનંદ અને શાંતિ આપે.
હરિની ઇચ્છા બળવતી છે, પ્રાર્થના નિરર્થક + અનર્થક છે.

સર્વ પ્રભુનું છે, પ્રભુ સર્વ સામર્થ્યવાન છે.

આખું જગત પ્રભુનું દાસ છે, કિન્તુ બધા દાસત્વનું
સ્વીકારતાં નથી, તેથી તેમને દાસધર્મ સિદ્ધ થતો નથી.
ભગવાન વસ્તુના નહીં, પરન્તુ ભાવનાં જ ભૂખ્યા છે.

## આજનો એક મનોરથ

પ્રભુ આપણી અંદર છે, આપણી સાથે છે, આપણી આસપાસ સર્વત્ર છે. એ આપણું અંતિમ આશ્રયસ્થાન, માતા છે, પિતા છે, સર્વસ્વ છે. તમારા ઉપર પ્રભુકૃપા રહો અને તે દ્વારા તમે નિત્ય પ્રભુ સ્મરણમાં રહો! તમારા પોતાના પ્રયાસોથી તમને કાંઈ જ મળવાનું નહિ પણ પ્રભુના સહકારથી અજાયબ કામ કરી શકશો. બહાર કોઈને પ્રાર્થના કરવાનો અર્થ નહિ. તેમ કરવાથી તમારી અંદર જે પ્રભુ છે, તેનો તમે નિષેધ કરો છો.

આંતરિક રીતે તો આપણે મળ્યાં જ છીએ.

આપણું અસ્તિત્વ અને સમરૂપત્વ અનુભવ્યું છે.

આ એક મહાન બાબત છે.

## પ્રાર્થના ન ફળે, ત્યારે...

પ્રાર્થનાના બળમાં ખામી છે એમ નહીં, પરન્તુ

પ્રાર્થના કરવાની પદ્ધતિમાં ખામી છે, એમ માનવું.

પ્રાર્થના સમયે પ્રભુ આપણી સમક્ષ છે, એમ અનુભવવું.

## પ્રાર્થના - માંગણી - યાચના એટલે...

જે વસ્તુની પ્રાપ્તિ જીવને કોઈ કાળે પૂર્ણ કરી નહિ,
એવા સંપૂર્ણ વસ્તુની પરમાત્મા પાસે
એકાગ્ર ચિત્તે યાચના કરવી તે.
નાશવંત પદાર્થો જીવે માંગ્યા - યાચ્યા છે અને તે તે
વસ્તુ પામી અનંત જન્મ - મરણનાં ચક્રો અનુભવ્યા છે.
આવા પદાર્થોની માંગણી પ્રાર્થનારૂપ નથી, કિન્તુ
વાસનારૂપ છે. એમાં સમજપૂર્વકનું લક્ષ્ય હોતું નહિ.

## નિયમિત ઈશ્વર પ્રાર્થના એટલે...

આપણી હૃદયશુદ્ધિ માટેની ભાવયુક્ત તાલીમ.
જ્યારે માનવહૃદયને લાગી આવે છે કે પોતાની
ખરી જરૂરીયાત શાશ્વત વસ્તુ છે, નિત્ય સત્ય છે.
જે ઘડીએ જીવાત્મા ક્ષણિક વસ્તુએ વિરમે છે અને
શાશ્વત કે નિત્ય વસ્તુને ઝંખે છે,
તે ઘડીએ જ સાચી પરમાત્મપ્રાર્થના શરૂ થાય છે.
દિવ્ય પ્રાર્થનાનો એ સનાતન સ્રોત વહેતો જ રહે છે.

# નિષ્કામ પ્રાર્થનાનો પ્રભાવ

સાધુ, સંત, ભક્તો નિષ્કામ પ્રાર્થના કરતાં જ રહે છે. એ પ્રાર્થનાના સ્વીકારરૂપે જ આપણી માનવને પૃથ્વી પાણી, પવન, વૃક્ષ, સૂર્ય, ચંદ્ર, મેઘ વગેરે સમસ્ત કુદરત નિઃસ્વાર્થ સહાય કરી રહી હોય અને માનવહૃદયને અમૃત સિંચતી અમરવેલને વધુ ઉન્નત કરવા માટે પ્રયત્ન કરી રહી હોય, એમ શું અનુભવાતું નથી?

ચિત્ત ચૈતન્યની દિવ્ય એકતા, આત્માનું અમૃત, હૃદયનું રસાયણ, અંતઃકરણની તમામ વૃત્તિઓનું તાલબદ્ધ દિવ્ય
સંગીત સલિલની પ્રાર્થના જેનાં હૃદયમાં ઊઠે છે,
તેઓ નિઃશંક, નિર્ભીક, નિશ્ચિન્ત બની જાય છે.

આવી દિવ્ય પ્રાર્થનાનું તત્કાલ ફળ એકાંત હૃદયશુદ્ધિ છે. હૃદયને શુદ્ધ કરવું અને એ શુદ્ધિને કાયમને માટે ટકાવીને રાખવી, એ જ પ્રાર્થનાની ખરી સિદ્ધિ છે. હૃદય અથવા ચિત્ત શુદ્ધ, સ્વસ્થ અને શાંત હોય, તો જ તેમાં પરમાત્માનું યથાર્થ પ્રતિબિંબ પડી શકે.

'સૌનું ભલું ઇચ્છવું' એ...

જગતની ઊંચામાં ઊંચી જાતની ભક્તિ,

દેવરમાં દેવરનું રાજ, પ્રભુની મોટામાં મોટી આશા,

મનુષ્યનું મોટામાં મોટું કર્તવ્ય, મહાત્માઓનો ઉપદેશ,

સર્વ શાસ્ત્રોની મોટામાં મોટી આશા ઉપરાંત

મોટામાં મોટો ધર્મ સહેલામાં સહેલો યોગ છે.

'ભગવાન સૌનું કલ્યાણ કરો...'

એ પ્રાર્થના જ્યારે હૃદય અને જાગરથી થાય,

તે વખતે ચહેરા ઉપર અનેરો આનંદ,

જીભમાં અમૃત જેવું કાંઈક ખૂબ મીઠું તત્ત્વ,

આંખોમાં ભરી દયાની દેખાશે,

રોમે - રોમ અદ્ભુત આનંદનો અનુભવ,

અંતરના પડદા ઉઘડી જતાં રહે અને સંસારની

બધી ઉપાધિઓ ભૂલાઈ જતી રહે, તેમ જણાય છે.

પ્રભુભક્તિ = સૌ - સૌના ધર્મ મુજબ વર્તવું.

પોતપોતાના ધર્મ પ્રમાણે સર્વ ભજે ભગવાન.

સૌના કલ્યાણની પ્રાર્થના મોઢે બોલી જવાથી શું લાભ?

તેનો ઉત્તર એ છે કે:

શુભેચ્છાઓ ઇચ્છવી, એ આપણું કામ છે, પણ
ઇચ્છાઓ પાર પાડવી, એ તો પરમાત્માના હાથમાં છે.
સર્વ માટેની શુભેચ્છાઓ રાખવી, એ સૌની ફરજ છે.

પ્રભુને સૌનું કલ્યાણ ઇચ્છવાની પ્રાર્થના કરવાથી...

હૃદયનો ભાર હળવો થાય છે, દિલને દિલાસો મળે છે,
આત્મામાં શાંતિ થાય - મન આનંદમાં આવી જાય છે,
બુદ્ધિ સ્થિર થાય છે અને કાંઈક નવું - નવું
જીવન જાણે આવી ગયું હોય, એવું લાગે છે.
યાત્રાનો - વ્રતોનો - યોગસાધનાની કઠિન ક્રિયાઓનો જે
આનંદ હોય, તેના કરતાં ય 'સૌનું કલ્યાણ' ઇચ્છવાનો
આનંદ વધારે અનુભવાય છે, એ વાત સાચી છે.
એ આનંદ લૂંટવાની સદ્બુદ્ધિ પ્રભુ સૌને આપો.
આ ભાવનાની પાછળ પરમાર્થની ઇચ્છાનું બળ છે,
જે પ્રભુને અને સકલ જગતને બહુ ગમે છે.

'પ્રાર્થના' એટલે અનંત ચિદાકાશમાં વ્યાપ.

પ્રાર્થના = પ્રકૃષ્ટ અર્થ. તે ઉત્કૃષ્ટ પ્રત્યભિજ્ઞાપક છે.
તેના પ્રભાવે શેતાન પણ ઇન્સાન બની સાક્ષાત્કાર કરે.

પ્ર. પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાય છે? ના. પ્રાર્થનાથી
મનોવૃત્તિ પલટાય છે અને પછી તે પરિસ્થિતિ પલટે છે.

Thy will, not mine, be done.

'तेरी इच्छा, मेरी नहि, पूर्ण हो।'

ભગવાનની ઇચ્છામાં પોતાની ઇચ્છા લીન કરી દેવી,
તે ખરેખરી પ્રાર્થના છે, જેથી આત્મા ઊંચે ચઢે છે.
પ્રભુની પ્રાપ્તિનો આ સર્વોત્તમ ઉપાય છે.
પ્રભુનું મન એટલે આપણું મન.
પ્રભુની ઇચ્છામાં આપણી ઇચ્છાને વિસર્જિત કરવી,
કેમકે બીજાના કલ્યાણ માટે પ્રાર્થના કરવાથી
પ્રભુ અને કુદરત - બન્નેને પ્રસન્નતા થાય છે.
ભગવાનની કૃપા અહૈતુકી છે,
માટે પ્રાર્થના પણ અવ્યભિચારિણી જોઈએ.

## પ્રાર્થનામાં શરત ? જી હા.

પ્રાર્થનાની પહેલી શરત ભગવાન ઉપરની શ્રદ્ધા છે.

જીવનમાં અર્થનું, આહારનું, વ્યાપારનું કે

લગ્નનું જેટલું મહત્વ આંકીએ છીએ, તેટલું જ બલ્કે

તેથી અધિક પ્રાર્થનાનું મહત્વ આંકવું જોઈએ.

બેંક - બેલેન્સ, ચાંદી - સોનાના ટુકડા,

પાકીટમાં રહેલી સો કે હજારની નોટમાં જેટલી શ્રદ્ધા છે,

તેના કરતાં ય વધુ શ્રદ્ધા પ્રાર્થનાના બળમાં અને એ

જિનેશ્વરદેવની અચિન્ત્ય શક્તિમાં હોવી અનિવાર્ય છે.

પ્રાર્થના કરતી વેળા ભાવોલ્લાસ, ચિત્ત પ્રસન્નતા અને

હૃદયની આર્દ્રતાનો અનુભવ થવો જોઈએ.

પ્રાર્થના એ હૃદયનો મેલ કાઢવા સર્વોત્તમ વિરેચન છે.

નમ્ર હૃદયની પ્રાર્થનાથી પરમાત્મા પીગળે છે અને

પ્રાર્થના કરનાર ઉપર અનુગ્રહ કરે છે.

લૌકિકમાં પ્રથમ જ્ઞાન અને પછી શ્રદ્ધા એ નિયમ છે,

લોકોત્તરમાં પ્રથમ શ્રદ્ધા અને પછી જ્ઞાન એ નિયમ છે.

# What is Total surrenderness ?

'પરમાત્માનું શરણું લેવું' એટલે પોતાનું સમગ્ર જીવન
પરમાત્માના કાર્યને સોંપી દેવાનો પાકો નિશ્ચય.
આ પાકો નિશ્ચય કર્યા પછી
પોતે જીવે છે, તેવો સ્વીકારી લેવા પરમાત્માને પ્રાર્થના
અને પાકા નિશ્ચયને મનમાં રાખી
મન, પ્રાણ, શરીરની દરેક પ્રવૃત્તિ કરવી જોઈએ, ત્યારે
જે સમર્પણતા અશેષ થાય, એને જ surrender,
self-offering અથવા તો consecration કહે છે.
બધા ધર્મો કહે છે : ઈશ્વર શરણ વિના ઇષ્ટસિદ્ધિ નહિ.
પ્રભુના પ્રભાવથી આપણી ભાવના, આશંસા પૂર્ણ થાય છે,
એને જ 'પ્રાર્થના' કહેવામાં આવે છે.
પ્રાર્થના = તીવ્ર અભિલાષા - આશંસા - માગણી - ભાવના.
પ્રભુની દ્રવ્યપૂજા = અષ્ટપ્રકારી, ભાવપૂજા = સ્તવનાદિ.
પ્રાર્થનાનું ફળ મેળવવા જય વીયરાય - પ્રણિધાન સૂત્રમાં
ઈશ્વર માટે વીતરાગ, જગદ્ગુરુ, ભગવંત 3 સંબોધન છે.

ઈશ્વરની પ્રાર્થના એક પ્રકારનો દિવ્ય આત્મસંતોષ છે.

પ્રાર્થનાનો વિષય અંગત કામનાનો ન હોવો જોઈએ,
કિન્તુ 'બહુજનહિતાય, બહુજનસુખાય ।' એવો જોઈએ.
'તસ્મિન્ પ્રીતિઃ ।' એ ભક્તિ છે અને
'તસ્ય પ્રિયકાર્યસાધનં ।' એ ભજન છે.
પ્રભુની યાદ નિરંતર રહે, એ યાચના ઉત્કૃષ્ટ ભક્તિ છે.
એક ક્ષણ કે જેમાં પ્રભુનું સાચું સ્મરણ રહે,
તે લાખો સોનામહોરોથી પણ અધિક મૂલ્યવાન છે.
પ્રાર્થનાનો ઉત્તર જો ન મળે,
તો સમજી લેવું કે તે ઉચિત મનોયોગથી થઈ નથી.
વિફલતા ભગવાનની ઉપેક્ષાના કારણે નહીં, પરન્તુ
ભક્તની પોતાની શિથિલતાના કારણે જ હોય છે.
આપણે ચૂપચાપ આપણને જેવા જાણીએ કે માનીએ,
તેવા જ નિરંતર બનતાં જઈએ છીએ.
આપણી જ ભાવનાઓ આપણા મુખથી બહાર નીકળી
આપણા ગુપ્ત મન - અંતરાત્માનું નવનિર્માણ કરે છે.

'इत्थमेव इष्टफलसिद्धेः ।' પ્રાર્થનાથી ઇષ્ટસિદ્ધિ થાય.

જ્યાં ઇષ્ટદેવ આગળ પ્રાર્થના નથી,
ત્યાં ઘમંડ છે તથા સ્વશક્તિનો ખોટો વિશ્વાસ છે.
ઇષ્ટદેવની કૃપા સંપાદન કર્યા વિના કોઈ સિદ્ધિ ન થઈ શકે!
ગણધર ભગવંતો પણ 'નમોત્થુણં' કહીને
સામર્થ્ય યોગનો નમસ્કાર મેળવવા પ્રાર્થના કરતાં રહે છે,
તે ખરેખર ઉદાર સમજને જ.
સ્વયં દ્વાદશાંગી રચનારા મહાપુરુષ પણ આ વાત સમજે
છે કે પરમેષ્ઠિને નમસ્કાર પ્રાર્થના સહિત હોવો જોઈએ.

પ્રાર્થના એ અભિલાષાની અભિવ્યક્તિ છે.

સાચા સદ્ગુરુની પ્રાપ્તિ પોતાના જ બળે થતી નથી.
પોતાના પ્રયત્નની સાથે એ ગુરુ જેમને પ્રાપ્ત થયા છે,
તેમની કૃપા - સામર્થ્યના બળે જ થઈ શકે. માટે પ્રાર્થના
એ સમ્યગ્દર્શનપૂર્વકનું એક સદનુષ્ઠાન સ્વીકારાયેલું છે.
પ્રાર્થના દ્વારા પરમેષ્ઠિના જે જે ગુણોની પ્રશંસા કરાય,
તે તેમને પામવાની અભિલાષા સહિત જ હોવી જોઈએ.

સાચી પ્રાર્થનામાં ૭ વસ્તુની હાજરી રહે:

૧ દર્શન, ૨ આસન, ૩ અનુગ્રહ, ૪ અલંકાર,
૫ એકાંત, ૬ મૌન, ૭ પાપનાશ સહિત યોગ્યતા.

પ્રાર્થના એ પ્રણિધાનના પાંચ ફાયદા,
જેમાં પ્રભાવ અને શક્તિ પરમાત્માનાં સમજવા:

(૧) પ્રણિધિ : પ્રવચનની આરાધના.
(૨) પ્રવૃત્તિ : સન્માર્ગની મજબૂત દૃઢતા.
(3) વિઘ્નજય : વિઘ્નોમાં ય કર્તવ્યતાનો નિશ્ચય.
(૪) સિદ્ધિ : શુભાશયની વૃદ્ધિ થતાં ગુણની સિદ્ધિ.
(૫) વિનિયોગ : સાનુબંધ શુભાનુષ્ઠાનની પ્રભુકૃપાથી પ્રાપ્તિ.

સાચી પ્રાર્થનાનો સ્રોત કંઠ નહિ પણ હૃદય છે.
જીવાત્માએ પરમાત્મા સાથે હૃદયની અનન્ય
પ્રેમભક્તિ વડે સંબંધ જોડવો, તે પ્રાર્થનાનો ઉદ્દેશ છે.

०

Sit quietly doing nothing. Simply hear the still small voice within.

## અરિહંતને પ્રાર્થના કરતી વખતે

મનમાં કયા ભાવ - કયા મંત્રપદથી ઉચ્ચારણ કરી શકાય ?

'નમો અરિહંતાણં । સોઽહં ૐ ।' - વર્ણ ૧૦

'દાસોઽહં સોઽહં ૐ અર્હં નમો અરિહંતાણં ।' - વર્ણ ૧૫

'નમો અરિહંતાણં મહિ તદ્રૂપં સ ભવાઽહં ।' - વર્ણ ૧૬

'ૐ હંસઃ સોઽહં ૐ ૐ હંસઃ સોઽહં ૐ ।' - વર્ણ ૧૨

શ્રેષ્ઠ પ્રાર્થના: પંચપરમેષ્ઠિની ઉપાસના મને ભવોભવ હોજો, કેમકે પરમાત્મા સિવાય સંસારમાં કશું પ્રાપ્ય નથી.

### પ્રાર્થનાનાં ૭ નિયમો

(૧) પ્રશાન્ત બનો. (૨) નિરાશાભાવના ત્યાગો.
(૩) પ્રભુની સ્તુતિ કરો. (૪) વિનયપૂર્વક માંગણી કરો.
(૫) ભગવાનની એકાગ્રતા કેળવો. (૬) અટલ શ્રદ્ધા રાખો.
(૭) મનમાં સદા કૃતજ્ઞતાનો ભાવ રાખો.

ભગવાન બધી ભાષા જાણે છે.

મનની શુદ્ધિ માટે ભગવાનની ભક્તિ જરૂરી છે.

એકાંતમાં બેસી ભગવાનના નામનું સતત સ્મરણ કરો.

## ઈશ્વરના ગુણોનું ધ્યાન - પ્રાર્થના શાને જરૂરી ?

આપણો એકેક દુર્ગુણ કે પાપ લઈને પરમાત્માના
પ્રતિપક્ષી ગુણને વિચારવાથી અને તે મળવા માટે
સાચી પ્રાર્થના કરવાથી દુર્ગુણ જલ્દી દૂર થાય છે.

સર્વજ્ઞ પ્રભુના જ્ઞાનની હાજરીનો વિચાર કરવો.
પ્રભુના જ્ઞાનથી પોતાની જાતને સંતાડી શકાતી નથી.
મનમાં થતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર પણ
એને સર્વ સિદ્ધિ આગળ પ્રત્યક્ષ છે,
મનુષ્ય હૃદય પણ હંમેશા હાજર રહે છે.
'હૃદયમાં દિવ્ય શક્તિ હાજર છે' એ જાણનાર નિર્ભય છે.

પ્રભુ હૃદયમાં આવે, ત્યારે અહં બહાર જાય છે.
અહં અંદર આવે, ત્યારે પ્રભુ બહાર જાય છે. બે માટે
જગ્યા નથી. એકે તો બહાર નીકળવું જ પડે છે.

ભગવાન મનથી પણ અગ્રાહ્ય છે,
ત્યાં વાદ, તર્ક કે યુક્તિ કામ આવતાં નથી, પરંતુ
હૃદયની નિખાલસ શ્રદ્ધા જ કામ આવે છે.

Faith in God - By charles Fillmore

God is my help in every need,
God does my hunger feed:
God walks beside me, guides my way,
through every moment of the day.
I now am wise, I now am true,
Patient, kind and loving too.
All things I am, can do and be,
through god, the truth that is in me.
God is my health, I can't be sick,
God is my strength, unfailing quick:
God is my all : I know no fear,
since God & love and truth are here.
The Spirit of the Lord goes before me
and my health, happiness, prosperity.

મને આજે એવી ખબર છે કે...

પ્રભુકૃપા જ મારાં પાપોને ટાળનારી મહૌષધિ છે,
સમસ્ત તાપ શમાવવાનું શાંતિજળ છે અને
અજરામર બનાવનાર પ્રેમામૃતનું અદ્વિતીય ઝરણું છે.

તેથી મારાં હૃદયની અંતઃસ્પર્શી પ્રાર્થના છે કે...

હે પ્રભો ! મારાં આત્માને તારાં દિવ્યરૂપે ઘડીને
મને તૈયાર કર, જેથી તારાં દર્શનનો લ્હાવો લઈ શકું,
તારી પૂજા કરીને મારાં જીવનનું સાર્થક્ય કરી શકું,
તારાં પ્રેમામૃતનાં સીંચનથી મારું શુષ્ક હૃદય વિકસિત કરું,
જેથી મારાં સકળ પાપો અને દુઃખોનો અંત આવે.
તારી કરુણા જ ભક્તના હૃદયનું શાંતિસલિલ છે.

હે પરમ દેવ !

હું ભલે કે દિશા તો ભૂલી ગયો છું,
તો પણ મારાં જીવનનો તું જ એક ધ્રુવ તારો છે.
તારાં સ્વરૂપને હું ઓળખી શક્યો નહિ, પરન્તુ મારાં
અંતરમાં ઊંડે-ઊંડે તારું જ દિવ્ય સ્વરૂપ બિરાજિત છે.

પ્રભો! તારાં દિવ્ય સ્વરૂપ તરફ નજર માંડીને જોઉં છું,
ત્યારે જો કે મારી આવરણવાળી અપૂર્ણ દૃષ્ટિ
તારાં આ તેજને સહી શકતી નથી,
તેના અલ્પાંશને પણ પચાવી શકતી નથી, પરંતુ
હૃદય કોઈ અવર્ણનીય શાંતિ - શીતળતા અનુભવે છે.
દીન, હીન, મલિન તો ય હું તારો અંશ છું,
તારું જ સંતાન છું, તું મારો કદી ય ત્યાગ કરીશ નહીં.
હું પણ તારો ત્યાગ ન કરું, એવી વૃત્તિ સદા પ્રેરજે.
પ્રભો! મારાં અંતરચક્ષુ ખોલી અંતરમાં પ્રકાશમાન થા.
તને જોઈને મારાં નયન - મન સફળ બનો.
તું ઉજ્જવળ આવીને મારાં અંતરમાં વાસ કર, જેથી હું
વિશ્વવિજયી પ્રેમ અને સત્યનાં બળથી બળવાન બનું.
તારાં જ્ઞાનના બિન્દુ માત્રનો મારામાં સંચાર કર,
કે જેથી મારાં સમસ્ત સંશયો નાશ પામે!
તારાં અનંત, અપાર અને ગંભીર જ્ઞાન - પ્રેમના ઝરો
મારાં હૃદયમાં ઝુલતા થાઓ - ઝુલતા થાઓ!

હે પરમેષ્ઠિ ભગવંત ! તારાં આત્મશુદ્ધિથી ખેંચાઈને
સંસારના સમસ્ત મોહબંધનથી હું મુક્ત થાઉં.
તારી જ્ઞાનમય જ્યોતિ મારી ભીતર સતત પ્રકાશતી રહો.
હું સંસારના અંધકારમાં અસહાય બની ભટકી રહ્યો છું.
એ અંધકારમાંથી મને પ્રકાશ તરફ દોરી જા.
હે પ્રભો ! હું અસત્યની મોહજાળમાં જકડાયો છું,
તેમાંથી મને છોડાવી સત્યના વિરાટ માર્ગે લઈ જા.
ક્ષણે ક્ષણે મૃત્યુનાં મુખમાં બેઠો છું,
તેમાંથી મુક્ત કરી, તું મને અમરધામ તરફ લઈ જા.
અંધકારથી પ્રકાશમાં, અસત્યથી સત્યમાં અને
મૃત્યુથી અમરતામાં દોરી જા !
તુજ વિનાનું મારું જીવન પ્રાણ વિનાનું મડદું છે.
તારું પ્રેમમય મિલન એ જ મારું સાચું જીવન છે.
મારી ક્ષુદ્ર આત્મા તારી પ્રભુતા ગ્રહણ કરવા અસમર્થ છે,
છતાં પ્રભુ તારાં અવલંબન વિના મારી અન્ય ગતિ નથી!
તું મને આશ્રય નહીં આપે, તો બીજો કોણ આપી શકશે?

હે ભગવાન ! મારાં આત્માની ત્રુટિઓ
તારાં વિના બીજો કોણ દૂર કરી શકે તેમ છે ?
તારી પ્રેમાળ જ્યોતિનું એક જ કિરણ પણ મારાં ભય,
રોગ, શોક, જરા, વ્યાધિ, વિપત્તિને હરી શકે એમ છે.
મારાં દલિત-પીડિત આત્માને તારાં આશ્રયનું ભાજન કર.
તું સમસ્ત જગતનો પિતા, માતા, બંધુ અને મિત્ર છે.
તારું વિરાટ હૃદય સર્વ તરફ એકસરખું આકર્ષિત છે.
હે જિનેશ્વર ! કોણ તને અતિપ્રિય નથી ?
મારું આ ક્ષુદ્ર હૃદય
તારી કૃપા રૂપી અગ્નિની અસર તળે આવ્યું નથી,
ત્યાં સુધી જ હું દુઃખી, દીન અને અસહાય છું.
એક માત્ર તું જ મારાં ભવનું ધ્રુવ સત્ય છે !
મારું હૃદય તારી સન્મુખ રહે, એવી કરુણા વરસાવ,
જેથી સંસારના બધા ય કર્તવ્યોની વચ્ચે પણ
સંસારદશાની પેલે પાર રહેલા એવા તારી સમીપમાં જ
મારો આત્મા કાયમ સહવાસવાળો બની રહે !

હે પરમાત્મા ! તારાંથી વિમુખ રહેવાના
કડવા પરિણામોનો હવે અંત લાવ. દયા લાવીને મારાં
મોહરૂપી અંધકારમાં તારી જ્ઞાનની એકાદ ચિનગારી મૂક.
મારાં વ્યાકુળ હૃદયમાં તારાં પ્રેમની અમીધારા છોડ.
મારાં આત્મામાં અપરાજિત શક્તિનો સતત સંચાર કર.
મારાં જીવનનું અવલંબન તું જ છે !
મારાં જીવનનો જ્યારે અંત આવશે,
ત્યારે પણ તું જ માત્ર મારાં જીવનનું અવલંબન રહીશ.
બાળક જેમ પિતાની પાસે આવીને
બળ, વિશ્વાસ અને આનંદ મેળવે છે,
તે જ પ્રકારે હું તારાં સાંનિધ્યમાં સર્વ પ્રકારનાં
શોક - સંતાપ અને પરાધીનતામાંથી મુક્ત થવા ઈચ્છું છું.
હે પ્રભુ ! એ જ આશાએ તારે બારણે ઊભો છું.
હવે દર્શનનાં દાન આપી મારી વાંછના પૂર્ણ કર.
હે પ્રભો ! મારાં સૈંકડો અપરાધોની હવે ક્ષમા આપીને
મારાં પ્રત્યે પ્રસન્ન થા - પ્રસન્ન થા !

નવજાત બાળકની લાચાર અને અસહાય દશાનો
જરા પણ ખ્યાલ ન કરી, અસીમ વાત્સલ્ય ભાવે
એક માતા એમ તેનું પાલન - પોષણ કરે છે,
તે જ પ્રકારે નિષ્કામ પ્રેમની અપૂર્વ સામગ્રીથી
મારાં અંતઃકરણને તારાં સાન્નિધ્યનું મધુર દર્શન આપ!
હે પ્રભુ! તારાં પ્રેમમય સહવાસથી જ
મારી અનાદિ આત્મા સનાતન થશે.
મારાંથી જ ઉત્પન્ન થયેલ મોહની દિવાલ દ્વારા
તું મારાંથી જુદો પડી ગયો છો,
તે અંતરાય તોડી નાંખી તું મારી સન્મુખ પ્રગટ થા!
તારાં પ્રગટીકરણથી મારાં સર્વ દુઃખો મટી જશે તથા
મારાં સર્વ ખેદ દૂર થશે - બધી આશા ચરિતાર્થ થશે.
એકવાર તારાં સ્વરૂપની ઝાંખી થવાથી મારાં આકુળ
નયનો જરૂર તૃપ્ત થશે. મારાં હૃદયનો પ્રેમ ઉછળીને
તારાં માધુર્યમાં લીન બને તેમ કર.
બસ! હે પરમાત્મ! તું મારાં આત્મામાં પ્રગટ થા!

હે પરમાત્મા ! આ દીન હૃદય તને પૂછીને
જાણે ક્યાં શાંતિ મેળવી શકે તેમ છે?
આ સંસારની માયાજાળ પાછળ હું હજુ યે
ક્યાં સુધી પરિભ્રમણ કર્યા કરીશ ?
તારી કૃપાનાં અમૃતબિંદુથી મારી જીવનલતા મંજરીત-
સુવાસિત થશે. એ અમૃતબિંદુને પ્રાપ્ત કરી હું મારી
સમસ્ત વેદનાને દૂર કરી શકીશ.
પળે પળે તારાં મુખના દર્શનની પ્રતિક્ષા કરતો,
વાટ જોતો હું તારે બારણે ઊભો છું !
પરમ દેવ ! શાંતિદાન, દર્શનદાન આપી
કૃતાર્થ કર ! કૃતાર્થ કર ! કૃતાર્થ કર !
'જો સાહમ્મિઅં પડિવજ્જઇ સો મંતિ ।
જો ગિલાણં પડિવજ્જઇ સો મંતિ ।'
આજની પ્રાર્થના : સર્વ જીવો પ્રત્યે મૈત્રી પ્રેમ અને પરમાત્માના નામસ્મરણમાં ક્ષણે ક્ષણ પસાર થાય, તેવું બળ દેવ-ગુરુ પસાયે પામો, એ જ અભિલાષા.

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં... તેરમું સ્વપ્ન રત્નરાશિ.



દિગંતને સ્પર્શતી રશ્મિઓથી આકીર્ણ, ઉન્નત અને રમણીય રત્નરાશિ
આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ ગુણવાન આત્મા અનંત ગુણોથી ઝળહળતો હશે.



જેનો પ્રભાવ ત્રણ ભુવનમાં વિસ્તરી રહ્યો છે, તે ‘પ્રભુ’!
...પણ આપણને અત્યારે ભગવાન સાથે છૂટાછેડા ચાલે છે!
પ્રભુના શાસનમાં રહેવાનું શીખવાને સંસાર એક પાઠશાળા છે.
‘પ્રભુના સંબંધી તે મારા સંબંધી’ એવું માનવામાં જેટલી અધૂરાશ,
તેટલો ભગવાન ઉપરનો પ્રેમ ઓછો! જગતના તમામે તમામ જીવો એક
મહાકુટુંબ રુપે છે. એ પોતાનું લાગે અને એના ઉપર ભાવથી પ્રેમ જોડાય,
ત્યારે જ ભગવાન રીઝે. તેઓ રીઝે એટલે આપણા આત્માનો મોક્ષ થાય.

www.fiestadesigns.in

## ૧૨ પ્રકારના તપની સમજણીમાં

### ૬ પ્રકારના બાહ્યતપ

'તપમાં પ્રથમ અનશન = આહારનો ત્યાગ છે,' તેનો અર્થ
૫ ઇંદ્રિયો + મનના સૌ વિષયોનો ત્યાગ સમજવાનો છે.
ઉપવાસ એ આત્માની સમીપે વસવાની ક્રિયા છે.

બીજા ઉણોદરી તપમાં શરીર - મન - ઇંદ્રિયોને આહાર
આપવા છતાં તેના ચરમ સ્થિતિ આવતાં પહેલાં
તે આહારને લેતો રોકી લેવાથી આત્માનું બળ વધે છે.
ઉણોદરી = ભીતરમાં અટકવું, ચરમ સીમા સુધી ન પહોંચવું.
ઉણોદરી કેળવવાથી આત્મસંયમી બનાય છે.

ત્રીજા વૃત્તિસંક્ષેપ તપમાં વૃત્તિમાત્રનો સંક્ષેપ કરવાનો છે.
પ્રત્યેક વૃત્તિને સ્વ - સ્વ કેન્દ્રો સાથે સંબદ્ધ રાખવા,
કિન્તુ બુદ્ધિને તેમાં માત્ર સાક્ષીભૂત રાખવા.
વૃત્તિસંક્ષેપ = પ્રત્યેક વૃત્તિને એના કેન્દ્ર પર જ સંક્ષિપ્ત
કરવી - ભૂખ લાગે તો પેટથી લાગવી, મનથી નહીં.
જે ઇંદ્રિયનું જે કાર્ય છે, તે જ કાર્ય તેના પાસેથી લેવું.

ચોથા રસત્યાગમાં રસ કોઈ બાહ્ય વસ્તુમાં નહિ, પરન્તુ આપણી વૃત્તિઓમાં છે, તેથી તેમાં જ આકુળતા કેળવવી.

રસપરિત્યાગ = સ્વયંમાં છૂપા સ્વરસને પ્રગાઢ કરી લેવો.

ભોજન સ્વાદ લેવામાં મનને ન પરોવવું, તટસ્થ રહેવું.

કાયક્લેશમાં 'કાયા જ ક્લેશરૂપ કે કષ્ટરૂપ છે' એમ માનીને તેને શાંતિથી સહી લેવા, એ તપરૂપ છે.

કાયક્લેશ = કાયા અને ક્લેશ - શરીર અને દુઃખ છે, એમ માની દુઃખની સ્વીકૃતિ કરી મનને અલિપ્ત રાખવું.

છઠ્ઠું બાહ્યતપ સંલીનતા એ સ્વશક્તિના સંચયરૂપ છે.

આસનજય પણ 'સંલીનતા'નો જ પ્રકાર છે.

સંલીનતા એ આભ્યંતર તપમાં જવા માટે સેતુસ્વરૂપ છે.

સંલીનતા = તલ્લીનતાની જેમ સંલીનતામાં જ વ્યક્તિ સ્વમાં લીન થઈને માત્ર આત્મા જ રહી જાય છે.

આ છ પ્રકારના તપનું ક્રમશઃ સેવન એ રક્તવાહિની નાડીઓનું શોધન કરે છે.

એ બાદ જ આભ્યંતર તપનો વાસ્તવિક અધિકાર મળે.

આ ક્રમનો ભંગ કરીને જો અભ્યંતર - અંતિમ કોટિના
તપનું સેવન કરે, તો વિકૃતિ કે સંમૂઢ દશાને પામે છે.

સંલીનતામાં આત્માભિમુખી અંતર્યાત્રા હોય છે,
તેથી તે બાહ્યતપ હોવા છતાં અભ્યંતરનો સેતુ બને છે.

## છ પ્રકારના અભ્યંતર તપ

આમાં પ્રધાનતા માનસિક અને આધ્યાત્મિક શોધનની છે.

અભ્યંતર તપનો પ્રારંભ પ્રાયશ્ચિત્તથી હોય છે.

પ્રાયશ્ચિત એ પશ્ચાત્તાપરૂપ નહીં પણ અહંકારગલનરૂપ છે.
પશ્ચાત્તાપવાળો પોતાના આત્મામાં ભૂલ જોતો નથી પણ
બાહ્યાલંબન કોઈ કર્મમાં જ ભૂલને જુએ છે, તેથી થઈ
ગયેલ ભૂલ માટે માત્ર માફી માંગી છૂટી જવાનું હોય છે
અને વારંવાર ભૂલ કરવાનું અને માફી માંગવાનું થવાથી
અહંકારપોષક એક રૂઢિ માત્ર બની જાય છે.

પ્રાયશ્ચિત્ત = ભૂલ જ ન હોય, એમ ચેતના જાગ્રત કરવી.

પ્રાયશ્ચિત દ્વારા અહંકાર ગળે છે અને પછી જ
બાદ અભ્યંતર વિનય તપનું પાલન હોય છે.

જીવના જીવત્વનો આદર તે 'વિનય' છે.

વિનય = સહુને સ્વસ્વરૂપે સ્વીકારવા તે. એમ લાગે કે 'મારાં વિરુદ્ધ સર્વ સાચા છે;' ત્યારે વિનય પેદા થાય.

ત્રીજું વૈયાવચ્ચ તપ સેવા દ્વારા પુણ્ય મેળવવા માટે કે કોઈ કાર્યની સિદ્ધિ માટે નહીં પણ કર્મક્ષય માટે છે.

વૈયાવૃત્ય = સેવા. એનો મારાં ઉપર કોઈ ઉપકાર હતો, કોઈ ઋણ હતું, તે સેવાથી ઘટે, એ જ સાચી સેવા છે.

કોઈ પ્રયોજનથી સેવા કરવી, તે સેવા નહિ,
કિન્તુ ઋણમુક્તિ માટે પ્રયત્ન કરવો, તે સેવા છે.

ચોથા સ્વાધ્યાય તપમાં સ્વ = આત્મા, તેની સન્મુખ થવા જે કોઈ સત્શાસ્ત્ર - અધ્યયન થાય, તે લેવાનું છે.

સ્વાધ્યાય = સ્વનું અધ્યયન, આત્માનું વાચન.

'હું કોણ છું' એ જાણવું, તે સ્વાધ્યાય છે.

પાંચમું તપ ધ્યાન પણ આત્મધ્યાન અર્થમાં લેવાનું છે. આ એક પ્રક્રિયા છે. અહીં આત્મા કેવળ સમજાતો જ નહિ, કિન્તુ તે સાધકને અનુભવાય પણ છે.

શરીરાદિ બાહ્ય પદાર્થો સાથે જે એકતા કરી છે, તે સત્ય
કે પારમાર્થિક નથી, પરંતુ આત્મા કે પરમાત્મા સાથે
જે એકતા - અભેદનો અનુભવ તે જ સત્ય છે અને
તે ધ્યાનજન્ય તપ દ્વારા સાધી શકાય છે. પૂર્વના પ્રકારો
પણ આ ધ્યાનતપની પરિકર્મણા રૂપ સમજવાના છે.
શરીરાદિથી પૃથક્ ભાવ અનુભવવાના અભ્યાસ માટે
બધાં પ્રકારના તપોનું આસેવન કરવાનું છે.

એ રીતે તપના બધા પ્રકારો
પરસ્પરનાં પૂરક અને એકબીજાને પૂર્ણ સહાયક છે.

અંતિમ અને છઠ્ઠું આભ્યંતર તપ છે: <u>કાયોત્સર્ગ</u>.
વ્યક્તિ જ્યારે પૂર્ણ ધ્યાનસ્થ થઈ જાય છે, ત્યારે
કાયાનો બોધ - કાયાનું સ્મરણ જ મટી જાય છે અને
વ્યક્તિ ઊંડા અવચેતન મનમાં ઉતરી જાય છે.
કાયોત્સર્ગમાં કાયભાવનો સદંતર ત્યાગ છે અને
આત્માનુભૂતિનો તીવ્ર અભ્યાસ છે.

કાયોત્સર્ગ = 'હું શરીર નહીં, આત્મા છું' એવો બોધ.

કાયક્લેશમાં કાયાજનિત ક્લેશોને સહવાનો
અભ્યાસ રહેલો હોવાથી તે બાહ્ય તપ છે,
કાયોત્સર્ગ તપમાં સમગ્ર કાયભાવ અને દેહાધ્યાસનો
ત્યાગ કરવાની અંતરંગ ક્રિયા હોવાથી તે અભ્યંતર તપ છે.

કાયોત્સર્ગની મુખ્ય વસ્તુ એ છે કે
જે જેવું છે, તે તેવું માનવું, તે રીતે જાણવું અને જોવું.

'શરીર એ પાંચ ભૂતોનું બનેલું છે, જ્યારે
આત્મા સ્વ જ્ઞાન - દર્શન - ઉપયોગસ્વરૂપ છે.'
એ રીતે કાયાદિની માલિકીનો ત્યાગ અને પોતે માત્ર
જ્ઞાન - દર્શન રૂપ ચૈતન્ય છે, તેવું અનુભવવું.

'આંખમાં જે પ્રકાશ છે, તે સૂર્યનો છે.
હાથ - પગ - પેટમાં જે માટી છે, તે પૃથ્વીની છે. શરીરમાં
શ્વાસ - પવનાદિ છે, તે આકાશાદિ ભૂત - ભૌતિક છે.
તે બધું બાહ્ય વિશ્વનું છે, જગતનું છે, આત્માનું નહીં.'
કાયોત્સર્ગ દ્વારા એવું સતત ભાન અને સ્મરણ થતાં
આત્માનો ગૂઢ અભ્યાસ સધાય છે.

કાયોત્સર્ગ એ દેહાધ્યાસ ઘટાડવાની અને
આત્માધ્યાસ વધારવાની તપઃક્રિયા છે.

'કેવળ આ શરીરનો જ નહીં પણ સમગ્ર આ વિશ્વનો
સંચાલક આત્મા છે, આત્મતત્ત્વ છે અને તે હું પોતે છું,
મારું સાચું તાત્ત્વિક સ્વરૂપ તે છે.'

સૂતાં પહેલાં અને સવારે ઉઠતી વખતે
આ લક્ષનું ચિન્તન - મનન ખૂબ જ સહાયક બને છે,
તેથી નિદ્રા અને જાગૃતિમાં આ લક્ષ કાયમ રહે છે
અને મરણ વખતે
ચિત્તની સમાધિ અને સ્વસ્થતા પણ ટકી રહે છે.
કાયોત્સર્ગ, ધ્યાન અને સ્વાધ્યાયાદિ અભ્યંતર તપના
પ્રકારો એ રીતે સમાધિમરણ પામવાના પૂર્વાભ્યાસરૂપ છે.
તપ જેમ જેમ અભ્યસ્ત થતો જાય, તેમ તેમ સંયમ
અને અહિંસાનું પાલન પણ શુદ્ધ થતું જાય છે.

તપ વગર સિદ્ધિ મળે નહીં.

જેણે તપ કર્યું છે, તેને સર્વત્ર પ્રભુદર્શન થાય છે.

શરીરને અને મનને તપાવે, તે તપ.

તપ માટે ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૩૦, ગાથા - ૩૦માં
ટૂંકી વ્યાખ્યા આપતાં અહીં કહ્યું છે કે:

દેવ, ગુરુ, ધર્મ, મોક્ષ અને તેના સાધનો પ્રત્યે
અંતરનો આદરભાવ તે વિનય,
દેવ - ગુરુ અને ધર્મની સેવા તે વૈયાવચ્ચ,
આત્મોન્નતિ કરનાર શાસ્ત્રોનું અધ્યયન તે સ્વાધ્યાય,
મનને અશુભથી રોકવા શુભવૃત્તિમાં એકાગ્રતા કરવી, તે
ધ્યાન અને લોકસમૂહનો ત્યાગ કરી એકાકીભાવે વિચરવું
તથા કાયાનું મમત્વ છોડી આત્મભાવે રહેવું, તે વ્યુત્સર્ગ,
જે કામ કરવા યોગ્ય નહિ, એવું કામ થઈ જતાં એની
વિશુદ્ધિ માટે યથોચિત અનુષ્ઠાન કરવું, તે પ્રાયશ્ચિત્ત.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૯, ગાથા - ૩૫માં કહ્યું છે કે:

હે પુરુષ! તું આત્માની સાથે જ યુદ્ધ કર.
બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે?
આત્મા વડે જ આત્માને જીતવાથી સાચું સુખ મળે છે.

'यथाशक्तिविधानेन नियमात् सफलप्रदः ।' सूक्तिः
યથાશક્તિ તપ કરવાથી નિશ્ચે સફળતા મળે છે.

## તપ એટલે શું ? તે શું કરે ?

બ્રહ્મચર્ય એ તપ છે, સત્યભાષણ એ તપ છે અને
કોઈપણ જીવોને ન દુભવવા, તે પણ તપ છે.
જે અપમાન કરે - નિંદા કરે,
તેના ઉપર પણ સદ્ભાવ રાખવો, એ પણ તપ છે.
જે તપ ન કરે, તેનું જલ્દી પતન થાય છે.
દાનથી ધનનો મેલ અને તપથી તનનો મેલ જાય છે.

## યથાશક્તિ તપવિધાનનું માહાત્મ્ય

વાસ્તવિક સ્વરૂપ - ભક્તિ ચિત્તશુદ્ધિની અપેક્ષા રાખે
અને ચિત્તશુદ્ધિ ઔચિત્યના પાલનની અપેક્ષા રાખે.
પૂર્ણ આજ્ઞાપાલન - તેનો અર્થ અન્યૂનાનતિરિક્ત કરવો.
શક્તિથી ઓછું પણ નહીં અને
અધિક પણ નહીં, તે આજ્ઞાનું પૂર્ણ પાલન છે.
આત્માનુભૂતિ પર્યંત પહોંચવા ક્રમિક પાલન જરૂરી છે.

## સ્વરૂપલીનતા એ જ તપ.

જેમ અખંડ સ્વભાવની રુચિના ઘોલનમાં
આહારની ઈચ્છા સહેજે તૂટી જાય છે,
અને ઈચ્છાનો નિરોધ કરી સ્વરૂપમાં લીનતા થવા,
તેને પ્રભુ ભગવાને 'તપ' કહ્યું છે.

બાહ્ય તપ અભ્યંતર તપના હેતુરૂપે ગ્રાહ્ય છે.

બાહ્ય તપની ઉપેક્ષા અભ્યંતર તપની ઉપેક્ષામાં પરિણમે.

અનશન પ્રાયશ્ચિત્તનો હેતુ છે.

ઉણોદરી વિનયનો, વૃત્તિસંક્ષેપ વૈયાવચ્ચનો, રસત્યાગ સ્વાધ્યાયનો, કાયક્લેશ કાયોત્સર્ગનો અને સંલીનતા એ ધ્યાનનો અંતરંગ હેતુ છે, માટે અનિવાર્ય છે.

સંયમમાં અને નિયમમાં રહેવું, તે તપ છે.

શ્રી દમદંત જેવો સમભાવ, શ્રી મેતાર્ય જેવો દયાભાવ, શ્રી કાલિકસૂરિ જેવો સમવાદ, શ્રી ધર્મરુચિ સમ અનવદ્ય, શ્રી ચિલાતીપુત્ર જેવો સમાસ, શ્રી ઈલાપુત્ર સમ પરિણામ અને શ્રી તેતલીપુત્ર સમ પ્રત્યાખ્યાન પ્રશસ્ય છે.

તપ એ ચિકિત્સાક્રિયા એટલે કે દુષ્કૃતગર્હા છે.

'ચતુર્દશ્યાં વિશિષ્ટાયામપિ મે નો મનોઽભવત્ ।
વિશિષ્ટ સુ તપઃ સત્ત્વં, હા હા મે કીદૃશી ગતિઃ ॥'

અર્થાત્: ચતુર્દશી જેવી વિશેષ તિથિમાં પણ મારું મન તપમાં વિશેષ રક્ત - સંબંધિત થતું નથી કે લાગતું નથી, આથી હું જાણું છું કે હાય હાય, મારી કેવી ગતિ થશે! મનને વિષે પ્રેરક - પ્રેર્યતાભાવ છે, આત્માથી પ્રેરાય છે- ઇંદ્રિયોને પ્રેરે છે. આથી શીખવાનું છે કે વિશિષ્ટ શુભ ભાવથી બાહ્ય તપો નથી કરતાં, તેની નિન્દા કરવામાં જો ના આવે, તો જરૂર તે આત્મા ઊંચી ગતિ પામે છે,

પરંતુ તપ જો ભૂલવાને માટે થતો હોય,
તો તે ભવની વૃદ્ધિ કરનારો બને છે.

'તપથી ભવભ્રમણ ટળે, તપથી ભવભય જાય,
વિવેકે ભવભય ટળે, અવિવેકે તે થાય.'

કર્મને નિમિત્તે કષ્ટ સહન કરવું, તે તપ નથી પણ ભાગ્યને કર્મવિપાકને સમતા વડે સહવાથી તપ થાય છે.

શારીરિક તપ    વાચિક તપ    માનસ તપ

'देवद्विजगुरुप्राज्ञ - पूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च, शारीरं तप उच्यते ॥'

ભગવાન, બ્રાહ્મણ, ગુરુ મહારાજ અને ડાહ્યાં માણસની પૂજા કરવી, પવિત્રતા અને સરળતા રાખવી તથા બ્રહ્મચર્ય રાખી અહિંસા પાળવી, તે શારીરિક તપ કહેવાય છે.

'अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव, वाङ्मयं तप उच्यते ॥'

કોઈને ઉદ્વેગ ન થાય એવું, સત્ય - પ્રિય - હિતકારી વચન બોલવું તથા સ્વાધ્યાય - અભ્યાસ કરવો, તે વાણીનો તપ કહેવાય છે.

'मनःप्रसादः सौम्यत्वं, मौनमात्म विनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्, तपो मानसमुच्यते ॥'

મનની પ્રસન્નતા - સૌમ્યતા ટકાવી રાખવી, મૌન કરવું, આત્માને કાબુમાં રાખવો તથા ભાવશુદ્ધિ જાળવવી, તે મનનો તપ કહેવાય છે.

## તપ : શરીર - મન - વચન દ્વારા થાય.

શારીરિક તપ એટલે દેવ - ગુરૂની ભક્તિ કરવી.

વાચિક તપ એટલે શાસ્ત્ર - સ્વાધ્યાય - મંત્રજાપ કરવો.

માનસિક તપ એટલે ભાવોની પવિત્રતા રાખવી.

પૃથ્વી તમામ જડ પદાર્થોને ગુરૂત્વાકર્ષણથી
જેમ જકડી રાખે છે, તેવી જ રીતે આપણા
આત્માને આ દેહે પીંજરામાં જકડી રાખે છે.
તેને છોડાવવાનો એક ઉત્તમ ઉપાય તપ છે.
તપ એ વાતની સાબિતી છે કે આત્મા દેહની નહીં,
પરન્તુ આત્માની આસ્થામાં છે.

ચિત્તની એકાગ્રતાપૂર્વકની વિચારણા એ જ પરમ તપ.

તપની ક્રિયા સંયમ અને સમભાવથી શોભે છે.
તપની ચરિતાર્થતા સંયમ અને સમભાવથી છે.
સામાન્ય રીતે તપ સાથે ક્રોધ અને સત્ય સાથે શેખાઈ
કે 'હું જ સાચો' એવી શેખી જોડાયેલી રહે છે,
પરન્તુ તે તપ અને સત્યનું વિકૃત સ્વરૂપ નથી.

અહીં પ્રકરણનાં તપમાં અનશન આદિ શારીરિક તપ છે,
સ્વાધ્યાય એ આપણી વાણીનું તપ છે અને
મંત્રજાપ એ આપણા મનનું તપ છે, પરન્તુ
ઇચ્છાનિરોધ તો મહાન તપ છે.
તેનું તાત્પર્ય સ્વસુખવિષયક ઇચ્છાને
સર્વસુખવિષયક ઇચ્છામાં પલટવી, એ જ મોટું તપ છે.
સ્વસુખવિષયક ઇચ્છા એ મળ છે,
સર્વસુખવિષયક ઇચ્છા એ તેનું શોધન છે.
તપ = શુષ્કતા, વિલાસ = સ્નિગ્ધતા એ ભ્રમણા છે.
તપ પાછળ તૃપ્તિ - શાંતિના આભા ઉભરાતાં રહે છે.
તપ એ માત્ર દેહદમન નહિ તથા
ત્યાગ એ માત્ર બુદ્ધિનો વૈભવ નહિ.
તપથી વાસના તૂટે છે અને ત્યાગથી વૈરાગ્ય જાગે છે.
બાહ્ય તપ રૂકવણું છે, તો આંતર તપ સુવાસ છે.
બાહ્ય તપથી જેમ નિર્મળતા - સ્વસ્થતા સ્વતઃ મળે,
તેમ અંતરંગ તપથી હૃદયની સુકુમાર વૃત્તિઓ ખીલે છે.

## ભગવાન મહાવીરની સર્વ સિદ્ધિમાં

જે સિદ્ધિ ઉડીને આંખે વળગીને હૃદયના તારેતાર ઝણઝણાવી નાંખનાર નીવડી, ધર્મનું મૂળ છે : અહિંસા અને તપ.

હિંસા કરીને કોઈને પીડા કરવી, તે પાપ છે.

અહિંસાના પાલન વગર ધર્મ કોઈ રીતે જ નહીં, કારણકે ધર્મનું મૂળ દયા, અનુકંપા, પ્રેમ, સહાનુભૂતિ છે, ક્રૂરતા, દ્વેષ, વેર કે ધિક્કાર નહિ. મનુષ્યની ઊંચાઈનું માપ તેના દયા અને પ્રેમભાવના માપથી નીકળે છે. બ્રહ્મચર્ય ઉપરનો ભાર, તપ-વ્રતોનો આગ્રહ અને બધા અહિંસક આચારધર્મો - એ જૈન ધર્મનો નિચોડ છે. અહિંસાની ભાવના હૃદયના માર્ગે જ પુષ્ટ થાય છે, માટે ભગવાન વારે ક્ષમાપના - શુભેચ્છા વડે, મન-ઇંદ્રિયોને દમવા વડે હૃદયને અત્યંત નિર્મળ રાખવાનો બોધ કર્યો.

જો આપણે હૃદયની સાફસૂફી પ્રત્યે બેદરકાર રહીશું, તો રસ્તો ભૂલાશું, પ્રકાશ બુઝાઈ જશે, અજ્ઞાન અને મોહનો અંધકાર ચારેબાજુ ફરી વળશે.

# તપભાવના

ચઉનાણી, સુરમહિત, તદ્ભવ મુક્તિગામી તથા સર્વ તીર્થંકરો પણ પોતાના જીવનમાં તપ આદરે છે. જેઓ તપને પરમધર્મ માનતા નથી અને ખાવા-પીવામાં ગાંડાતુર બનેલા રહે છે, તેમને અંત અવસ્થામાં પ્રબળ દાહ થાય છે. ખાવા-પીવામાં ભાન ભૂલાઈ જતાં ફાવે તેમ ઠાંસ્યું રહે, તેથી અંત સમયે ઝાડાનો રોગ થાય છે. ઝાડો છૂટવાની સાથે પ્રાણ પણ છૂટી જાય છે. તેથી આત્મા શિયાળવો ઈયળ કે તિર્યંચ ગતિમાં જાય. આવી હીનદશાની પ્રાપ્તિ ન થાય, માટે ખાવા ઉપર કાબુ રાખી, તપને શ્રેષ્ઠ ધર્મ તરીકે કબૂલ કરવો ઘટે. 'વિષ્ટા સહિત બાળવામાં આવે, તો શિયાળીયો થાય' એ કથનનું તાત્પર્ય આ રીતે ખરું જોતાં તો આહારસંજ્ઞા ઉપર કાબુ અને અંકુશ રાખવા માટેનું જ હોવું જોઈએ, નહીં કે મરતી વખતે પાણી છાંટીને મારી નાંખવા માટેનું. 'આહારસંજ્ઞા વધારો નહીં અને તપ કરવાની ટેવ રાખો.'

તપ, અહિંસા અને સત્ય આદિ
ધર્મની પાછળ પણ જો વિવેકને ન લાવે,
તો તે ધર્મ તરફ તેમને ય ધૃણા ઉત્પન્ન થવા લાગશે.
જે તપધર્મની પાછળ મુક્તિનો ઈરાદો ન હોય અને
આરોગ્ય - યશ આદિ પૌદ્ગલિક ધ્યેય હોય,
તે ધર્મ તરફ જૈનોની દૃષ્ટિ પણ ધૃણાત્મક જ હોય, અન્યથા
તેઓ વિવેકને ધર્મના મૂળ તરીકે સમજ્યા ન જ ગણાય.
તપરૂપી અગ્નિ, કર્મરૂપી પશુ,
બ્રહ્મચર્યરૂપી સ્નાન, હિત - મિત - પથ્ય - સત્ય વાણી,
હૃદયમાં પરોપકાર, મનમાં અનિત્ય - અશરણ - એકત્વ
- અન્યત્વ - સંસાર - અશુચિ - આશ્રવ - સંવર - નિર્જરા -
લોકસ્વરૂપ - ધર્મ - બોધિદુર્લભ તથા મૈત્રી - પ્રમોદ - કારુણ્ય
- માધ્યસ્થ્ય ભાવના તથા જે બુદ્ધિ ધર્મમાં સ્થિર રહેશે,
તે સરળ જીવો આરાધક થઈને જીવનને સફળ કરશે.
દાન ધનના રાગને અને શીલ યૌવનના રાગને વાળે છે,
તપ શરીરના અને ભાવ સ્વજનના રાગને વાળે છે.

પ્રશ્ન: મેં ઘણાં સત્કાર્ય કર્યાં છે, પરન્તુ
'તપ' શું કહેવાય, તેની મને ખબર નથી. તપ શું છે?
ઉત્તર: તમે કહો છો કે 'મેં ઘણાં સત્કાર્ય કરેલાં છે'
તો એ 'મેં' શબ્દ ક્યાંથી ઊઠે છે, તેની જો બરાબર
શોધ કરી શકો, તો તે મોટામાં મોટું 'તપ' છે.
જ્યારે આપણે કોઈ મંત્રનો જપ કરીએ છીએ,
ત્યારે એ અવાજ જ્યાંથી નીકળે છે,
ત્યાં જો મનને એકાગ્ર કરી શકીએ,
તો તે પણ 'તપ' જ છે.
તમે તમારા મનને પાછું વાળો, તેના મૂળની જ શોધ કરી,
બધા વિચાર ક્યાંથી ઉત્પન્ન થાય છે, તેની તપાસ કરી,
તે મૂળ જડશે જ આનંદમય - પ્રકાશમય આત્મા છે.
તપથી મન તથા દેહની શુદ્ધિ થાય છે.
જ્ઞાન-દર્શનથી તપ-ત્યાગ પ્રત્યે સ્થિરભાવ રહે છે.
જ્ઞાન અને દર્શન નેત્રનાં સ્થાને છે,
તપ અને ત્યાગ હાથ અને પગનાં સ્થાને છે.

# તપ છે શાંતિનો છડીદાર.

બળતો અગ્નિ એકકે દિશા કે ખૂણાને
એમ બાળ્યા વિના છોડતો નથી, તેમ તપ પણ
મનુષ્યજીવનની એકકે દિશા કે ખૂણો છોડતો નથી,
પરન્તુ જ્યાં જ્યાં નકામો કચરો રહેલ,
નકામા વિકૃતરૂપ બોજો રહેલ અથવા તો
નકામા કે હાનિકારક ટેવરૂપી આડખીલા રહેલ,
ત્યાં પહોંચી જઈ, એને બાળી સફાચટ કરે,
ત્યારે જ તેને શાંતિ થાય છે.
સઘળા કચરાને બાળી દીધા પછી જ તપ
શાન્ત યા અદૃશ્ય થાય છે અને પછી
એ મનુષ્યના જીવનમાં સંપૂર્ણ શાંતિ પ્રગટે છે.
તપ એ શાંતિ અને સમતા,
સંતોષ અને સમાધિનો છડીદાર છે.
શાંતિથી વિચાર કરી શકાય,
એ પણ કાંઈ ઓછો તેનો લાભ કે તપ નથી.

તપ = યોગાદિ હૃદયની વિચારણા.

તપ = વૃત્તિ સ્ખલન કરવાની શક્તિ.

તપ = ઇંદ્રિયોને જીતવા માટેનું અનુષ્ઠાન.

ઇંદ્રિયોને સ્વાધીન કરવા જે કષ્ટ ભોગવવું પડે, તે તપ.

તપ = તિતિક્ષા, વિચારપૂર્વકનું વર્તન, આત્માની સાધના.

તપના મૂળમાં વિચાર અને જ્ઞાન છે.

ઇચ્છા જન્મે પછી જીવનના ધ્યેયમાંથી ચલિત થયાં વિના જે માનવી કાર્યરત રહે, તે કાર્યનું જ નામ 'તપ'.

'જ્ઞાનસાર'માં કહ્યું છે તેમ:

'જ્ઞાનમેવ બુધાઃ પ્રાહુઃ કર્મણાં તાપનાત્ તપઃ ।'

બાહ્ય તપ અભ્યંતરતામાં સહાયક, તે ઉપચારથી 'તપ' છે.

અભ્યંતર તપ સંયમના પ્રાણભૂત છે, જ્યારે

બાહ્ય તપ સંયમના શરીરરૂપ છે.

નવકાર મંત્ર કે સામાયિક એ અભ્યંતર તપ છે.

અષાઢ ચાતુર્માસ, પર્યુષણની અઠ્ઠાઈ, સંવત્સરી વગેરે પર્વના દિવસે તપ કરવાથી પર્વનું બહુમાન થાય છે.

નાડલાઈ, ફાગણ સુદ ૪, શનિવાર

તપનો મર્મ સમજાય, તે માટે શાસ્ત્રોમાં વ્યાખ્યા છે કે:

શરીર, ઇંદ્રિયો અને મનની
વહેતી શક્તિને બચાવનાર 'તપ' છે.

તપ એ શરીર, ઇંદ્રિય, મનનો શોધક અને પોષક છે.

જે તપસ્વી નથી, તે દુઃખી જ થાય છે.

તપસ્વીને દુઃખનું કારણ રહેતું જ નથી.

તપથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે.

તપની શક્તિથી અપાય પણ ઉપાયરૂપ બની જાય છે.

નિર્ગર્વતા, નિર્મત્સરતા, ભૂતદયા, નમ્રતા અને
પરોપકાર - એ સૌ ઉપાયના અનુપાન છે.

કર્મો ખસે, તો જ્ઞાન જાગૃત થાય.

તેને દૂર કરવાના સાધનોમાં તપ મુખ્ય છે.

તપથી આત્મા શુદ્ધ અને જ્ઞાન જાગૃત થાય છે, કિન્તુ
જ્ઞાન અને તપનો આ સંબંધ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં કે
ભૌતિક વિજ્ઞાનવાદમાં દેખાવામાં આવતો નથી.

## તપધર્મ એટલે...

પરમાત્મ રૂપ આત્મતત્ત્વ ઉપર બહુમાન સહિત રુચિ પ્રગટવાથી આત્મા તરફ આકર્ષિત થવા જાય તે.

## બાહ્ય - અભ્યંતર તપભેદ

કર્મને તપાવનાર હોવાને લીધે તપ તે જ્ઞાન જ છે, તેથી અંતરંગ તપ જ ઇષ્ટ છે. અનશનાદિ બાહ્ય તપ અંતરંગ તપને વધારનાર હોય, તો જ ઇષ્ટ છે. પ્રાયશ્ચિત્ત આદિ ભેદવાળા જ્ઞાનવિશુદ્ધિ રૂપ અંતરંગ તપને પુષ્ટ કરનાર હોવાથી બાહ્ય તપ પણ તપ ગણાય છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન તથા કાયોત્સર્ગ એ છ અંતરંગ તપ છે, કેમકે તેમાં જ્ઞાન વિશુદ્ધિ સહકારી છે.

પ્રાયશ્ચિત્ત તપમાં પાપવિપાકની કટુતાનું જ્ઞાન છે.

વિનય તપમાં ગુણવિશુદ્ધિની હિતકરતાનું જ્ઞાન છે.

વૈયાવચ્ચ તપમાં પાત્રવિશુદ્ધિની ઉપકારકતાનું જ્ઞાન છે.

કાયોત્સર્ગ તો સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ છે,

કેમકે કાયોત્સર્ગ વડે આત્માનુભૂતિ થાય છે.

તપ એટલે કષ્ટ, પુરુષાર્થ, મનન તથા

બુદ્ધિપૂર્વક કરેલો અખંડ ઉદ્યમ.

દરેક પ્રાપ્તિ જે ચીજ માંગે છે:

તપ અર્થાત્ શ્રમ અથવા તપ અને ત્યાગ.

એ બન્નેને છૂપું બળ ધીરનાર તત્ત્વ ભક્તિ છે.

ભક્તિ એ કોઈ પ્રશંસાના શબ્દોનું ઉચ્ચારણ નહિ,

પરંતુ ઇષ્ટ તરફ ગતિ કરવાની શક્તિ છે.

જૈન અને જનમાં જે માત્રા અધિક છે.

લક્ષ્ય આકાશગામી કલ્પનાશક્તિ અને તપ-પુરુષાર્થ.

એ જે પાંખો જ જનને જૈન બનાવે છે.

તપનો આધ્યાત્મિક ઉત્કર્ષ

ઉપવાસાદિ દ્વારા દેહદમન તે બાહ્ય તપ તથા

ધ્યાન, પ્રાયશ્ચિત, વિનય, સેવાસુશ્રૂષા અને સ્વાધ્યાય

દ્વારા ચિત્તનું સંશોધન તે આભ્યંતર તપ કહેવાય છે.

જૈન તપની પ્રકૃષ્ટ આરાધના મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.

તપ વિના આધ્યાત્મિક ઉત્કર્ષ અશક્ય છે.

# શાથી શરીર વડે તપ અને સંયમમાં ઉદ્યમ કરવો?

'રૂમઝુમ કરતી કામિની, ગઈ દશામે સ્થાન,
દશામે દેવદર્શન હુઆ, લાગી લવની લાત.'

શરીર અસ્થિર છે, છતાં
તે વડે સ્થિર એવું મોક્ષસુખ પ્રાપ્ત થઈ શકે છે.
શરીર મલીન છે, છતાં
તે વડે શુદ્ધ એવું આત્મસ્વરૂપ પામી શકાય છે.
શરીર નિર્ગુણ - નિઃસાર છે, છતાં
તે વડે સારભૂત કેવળજ્ઞાનાદિ ગુણ મેળવી શકાય છે.
માટે સ્થિર મોક્ષસુખ, શુદ્ધ આત્મસ્વરૂપ અને
સારભૂત કેવળજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવા માટે
શરીર વડે તપ - સંયમમાં ઉદ્યમ કરવો.
શુદ્ધ જ્ઞાનયુક્ત તપ આત્મશક્તિઓને ઉત્પન્ન કરે
તથા સાધકની ચિત્તવૃત્તિઓનો રોધ કરે.
જે તપ કરવાથી કષાયોનો રોધ, કામવાસનાની નિવૃત્તિ
અને શુદ્ધ સ્વરૂપનું ધ્યાન થાય, તે તપ શુદ્ધ છે.

'तीव्रस्तपघंटीऽयं, क्षमामर्कटीकान्वितः ।
धृतिर्हस्तो मनः कीलं कर्मधान्यानि चूरयेत् ॥'

<u>અર્થ</u>: તપ રૂપી આ ઘંટી કર્મ રૂપી ધાન્યને દળે છે.
મન રૂપી ખીલો, ધૃતિ રૂપી હાથો અને
ક્ષમા રૂપી મર્કટીથી યુક્ત એવી તે ઘંટી છે.
જે પ્રકરણના પદમાં ઉપરનું પદ બાહ્ય તપ છે અને
નીચેનું પદ અભ્યંતર તપ છે. કર્મ પીસાઈ જાય છે.
બાહ્ય તપ રેચક છે, અભ્યંતર તપ ઉદ્દીપક છે.
<u>કર્મમલના સંચય વડે ઉત્પન્ન થયેલ અજીર્ણ
બાર પ્રકારના તપ દ્વારા દૂર થાય છે.</u>
જ્ઞાન એ પ્રકાશ આપનાર, તપ એ કચરો કાઢનાર
અને સંયમ એ નવા કચરાને આવતો અટકાવનાર છે.
સંયમ રૂપી દૂધને તપ રૂપી અગ્નિથી ઉકાળી
જ્ઞાન રૂપી સાકર ભેળવવાથી મધુર બને છે.
જ્ઞાન પણ સંયમ-તપના પ્રમાણમાં રહે, તો ગુણ કરે.
દૂધ કરતાં ખાંડ વધી જાય, તો કફ-અજીર્ણ કરે.

## જ્ઞાનીઓ કહે છે : 'જ્ઞાનયોગઃ તપઃ શુદ્ધમ્ ।'

શુદ્ધ તપ એ જ્ઞાનયોગ સ્વરૂપ છે,
જ્ઞાન એ પાપના પશ્ચાતાપરૂપ છે,
જ્ઞાનીના વિનયરૂપ છે તથા જગતની વૈયાવચ્ચરૂપ છે.
સ્વાધ્યાય, ધ્યાન અને કાયાના ઉત્સર્ગરૂપ છે.
તપ વડે નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે.
જ્ઞાનસ્વરૂપ શુદ્ધ તપ એ જ ભાવનિર્જરા છે.
દેહદમન તે તપ નહિ પણ જ્ઞાનદશા તે તપ છે.
જેમ ચંદનની સાથે સુગંધ જોડાયેલી છે, તેમ
શુદ્ધ જ્ઞાનની સાથે તપ જોડાયેલો છે.
શારીરિક એવા બાહ્ય તપના બધા પ્રકારોનું
સેવન ચાર પ્રકારના આહારના ત્યાગથી થાય,
તેથી છ પ્રકારમાં પ્રથમ એવું અનશન મુખ્ય છે.
યોગનો હેતુ મનની સમાધિ, તપનું શ્રેષ્ઠ કારણ યોગ,
તપ એ મોક્ષસુખ રૂપી વેલડીનું ફૂલ છે,
તેથી હંમેશ મનની સમાધિ ધારણ કર !

તપ માટે એક સામાન્ય નિયમ છે કે:

ઉદરના બે ભાગ અન્નથી, એક ભાગ જળથી ભરવા અને પેટનો એક ભાગ વાયુ માટે ખાલી રાખવો.

અન્નનો પ્રભાવ મન ઉપર પડે છે, તેથી અન્ન સાત્વિક - ન્યાયનીતિપૂર્વક મેળવેલું હોવું જોઈએ.

નિષ્કામ તપ સાત્વિક, સકામ તપ રાજસિક, અજ્ઞાન તપ તામસિક છે, પછી ભલે તે શરીર - વચન - મન સંબંધી હો.

વિષયોને જીતવા બાહ્ય - કષાયોને જીતવા આભ્યંતર તપ.

એક વડે શરીરની અને બીજા વડે મનની શુદ્ધિ થાય છે.

બાહ્યાંતર તપ વડે સૌથી પ્રધાન ફટકો પડે છે જીભને. તપથી જીભને બોલવા - ખાવા ઉપર કાબુ આવે છે. હાથ-પગ, પેટ, માથું દુઃખે પણ જીભ ગમે તેટલું બોલે કે ખાય, છતાં ન થાકે. એક તપ વડે જ તેના ઉપર કાબુ મેળવી શકાય. વિષય પર કાબુ મેળવવાનું તપ અનશન અને કષાય ઉપર કાબુ મેળવવા માટે પ્રાયશ્ચિત.

મિચ્છામિ દુક્કડં એ પણ તપ છે.

અભ્યંતર તપમાં ધ્યાન એ સર્વશ્રેષ્ઠ તપ છે.

અંતરાત્મભાવમાં રહીને થતું પરમાત્માનું ધ્યાન પોતાના આત્માને પરમાત્મસ્વરૂપ બનાવી દે.

શાસ્ત્રમાં ઘોર, દુષ્કર, દુશ્ચર એવાં તપ કોને કહ્યાં છે?

પ્રાણીમાત્ર ઉપર સમત્વ બુદ્ધિ, નિર્વૈર ભાવના, મન, વચન, કાયાથી સાવદ્ય-આસક્ત પ્રવૃત્તિનો ત્યાગ અને દુશ્ચર બ્રહ્મવ્રતના ધારણાને શાસ્ત્રમાં ઘોર તપ કહ્યું છે.

આપીડન, પ્રપીડન, નિષ્પીડન એટલે તપશ્ચર્યાથી કેવળ દેહદમન જ નહીં, કિન્તુ આત્મશોધન કરવાનું છે. માત્ર દુઃખને સહન કરવાની શક્તિ મળવી, એ તપનું ફળ નથી, કિન્તુ ચિત્તશુદ્ધિ + આધ્યાત્મિક સુખનો અનુભવ તે તપનું ધ્યેય છે. ચિત્તક્લેશ નિવારણ માટે કાયક્લેશ ઉપાદેય છે, આત્મવિરાધના + સંયમવિરાધના ત્યાજ્ય છે. તિતિક્ષાભાવ કેળવવા માટે કાયક્લેશ પણ આવશ્યક છે.

'તપ' એટલે ધર્મપાલનાર્થે કષ્ટ સહવું.

તપનું અજીર્ણ ક્રોધ તથા જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે.

## અલગ પ્રકારના તપ

અનુચિત કાર્યોનું પ્રાયશ્ચિત કરવું,
ફરી એવું ન કરવાનો સંકલ્પ કરવો, સદ્ગુણ વધે અને
તેનો ઉપાર્જન કરવા માટે પ્રેરણા મળે,
સેવા વિનય - વૈયાવચ્ચાદિ કાર્ય કરવા, સદ્ગુણો વધે
તેવો સ્વાધ્યાય કરવો, ચિત્તની એકાગ્રતા વધે અને
મમત્વાદિ ઘટે, તેવો પુરુષાર્થ - તે તપના જ પ્રકાર છે.
એક તપસ્વીના ત્યાગથી લોકોનો લોભ મટે છે,
એક તપસ્વીના તપથી લોકોનો મોહ ઘટે છે તથા
એક તપસ્વીના શીલથી લોકોની વાસના શમે છે.
એકની દીક્ષાથી લોક બધા વાસ્તવમાં નહીં તો પણ
ભાવના રૂપે આદર્શમાં દીક્ષિત બને છે. પવિત્રતા
એકની પણ તેથી લોક બધાનું જીવન પવિત્ર થાય છે,
અને દુનિયા આધ્યાત્મિક વિકાસમાં આગળ વધે છે.
દીક્ષાની ક્રિયા જ્યાં સુધી વિદ્યમાન રહેશે, ત્યાં સુધી
ત્યાગની ભાવના માનવોના દિલમાં દૃઢ કરનારી દીક્ષા છે.

## વૃત્તિનિરોધ એટલે તપ છે.

સદાચાર એ સંયમ અને તપ બન્નેને આવરી લે છે,
તપથી પૂર્વસંચિત કર્મ બળે, સંયમથી ક્રિયાઓ રોકાય છે.
અશુદ્ધ પ્રવૃત્તિઓનું નિવારણ સંયમથી થાય અને
અશુદ્ધ વૃત્તિનું નિવારણ તપથી થાય છે.
ધર્મનું પ્રથમ પગથિયું જ્ઞાન, બીજું દર્શન અને ત્રીજું
પગથિયું ચારિત્ર છે. જ્ઞાન તથા દર્શન આત્માનું અને
ચારિત્ર આચરણનું, તે ધર્મ 3 પ્રકારે ઉપલક્ષિત છે.
એક અહિંસામાં આત્માના ત્રણે ગુણ આવી જાય છે.
સંયમ-તપ અહિંસાના જ વિધાયક-નિષેધક સ્વરૂપ છે.
બાળજીવને પ્રથમ ધર્મકથામાં પ્રીતિ ઉપજાવવી, પછી
ધર્મમાં દૃઢતા લાવીને શક્તિ મુજબ પચ્ચક્ખાણ કરાવવું.

### ઉપધાન તપમાં સમાવિષ્ટ છે...

(૧) એક લાખ નવકાર (૨) ૮૦૦૦ લોગસ્સ
(૩) ૧૫૦૦ શક્રસ્તવ (૪) ૯૦૦૦ ખમાસમણા
(૫) ૧૬૦૦ વાંદણા (૬) નિત્ય પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિ.

## ઉપધાન તપ શા માટે કરવું?

સમ્યગ્જ્ઞાનાદિ દયાગુણ, દયાદિ આત્મસ્વભાવદર્શિત્વ, તે વડે અનન્તાનુબંધી કષાયચોકડીનો - તીવ્ર રાગદ્વેષનો અભાવ, તે વડે ઇંદ્રિયોનું દમન અને કષાયોનો નિગ્રહ અર્થાત્ વિષય - કષાય ઉપર વિજય.

ગાઢ ગ્રન્થિભેદ - સમ્યક્ત્વલાભ - સર્વત્ર અપ્રતિબદ્ધતા, વિવેક, હેયોપાદેય વસ્તુવિચારમાં અત્યન્તબદ્ધ લક્ષ્યતા, પવિત્ર - ઉત્તમ એવા અહિંસા લક્ષણ દશવિધ યતિધર્મ કરવા - કરાવવામાં આસક્તચિત્તતા, ઉત્તમ ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, બાહ્યાંતર સર્વ સંગ પરિત્યાગ, બાહ્યાંતર અતિ ઉગ્ર - ઘોર - વીર - દુષ્કર તપ ચારિત્રાનુષ્ઠાનમાં રક્તતા, સત્તર પ્રકારના સંયમાનુષ્ઠાન પરિપાલનમાં બદ્ધૈકલક્ષ્યતા, સર્વોત્તમ સત્યોદીરણ, છ જીવનિકાયહિત, અનિગૂહિત બલ - વીર્ય તથા પરાક્રમ, પુરિસકાર પરિતોલનપૂર્વકના સર્વોત્તમ સ્વાધ્યાય - ધ્યાનરૂપી જલથી પાપકર્મમલનું પ્રક્ષાલન થાય છે, તે કારણે ઉપધાન તપ કરવું જોઈએ.

દુઃખને માંગો અને સુખને ત્યાગો.

ત્યાગે તેની આગે અને માંગે તેને લાગે.

સંસારમાં દેહ હોવા છતાં દુઃખને ન ઈચ્છવા,
એ કેવળ તાપરૂપ હોઈને વળી દુઃખ સ્વરૂપ છે. એ
તાપનું ઔષધ તપ છે કે જેમાં દુઃખને માંગવાનું હોય છે.
તપ વડે તાપ જાય છે, માટે તપ એ કર્તવ્ય છે.

તપ = દેહમાં દુઃખ આવે, તેને પ્રસન્નતાથી વેઠવા.

તપથી બાહ્ય દુઃખ છે અને આંતર સુખ છે.
તપના અભાવમાં બાહ્યથી સુખ - અભ્યંતરમાં દુઃખ છે.
બુદ્ધિથી પણ પર જે આત્મતત્ત્વ છે, તેને પ્રાપ્ત કરાવનાર
તપ જ છે અને તપ 'નામ'માં પર્યવસાન પામે છે.
જે તપ કરે છે, તે 'નામ' દ્વારા ઊર્ધ્વગતિ પામે છે.
જે તપ ન કરે, તે પતન દ્વારા અધોગતિને પામે છે.
સર્વ જીવો સાથે હૃદયપૂર્વકની પ્રીતિ કરવાની છે.
દુઃખ સહન કરીને જે કોઈ ભક્તિ કરે તથા
સર્વ જીવોમાં સદ્ભાવ રાખે, તે 'તપ' કહેવાય.

તપ સાથે થતાં જાપથી તપે વિષય-કષાયો.

તપની સાથે સાથે થતી જાપની ક્રિયા
સાધકના મનને વધારે ઊંડાણમાં લઈ જાય છે અને
પરમ પુરુષો સાથે માનસિક સંબંધ કરાવી આપે છે.
તે સંબંધ પ્રતિદિન વધતો રહીને સર્વ અંતરાયોનું
નિવારણ કરી આત્માને નિરાલંબ કરી આપે છે.

તપ તલવારનું કામ કરે છે, જાપ ઢાલનું કામ કરે છે.
સંસારવૃક્ષનું મૂળ કષાય અને તેનું મૂળ વિષય છે.

ફક્ત શરીરને જ કૃશ કરવાથી મુક્તિ નથી,
કર્મોને અને કષાયને કૃશ કરવાથી મુક્તિ છે.

બારે પ્રકારોમાં કયો તપ લાભથી નક્કર?

ઉપવાસની જેમ જ બારે પ્રકારના તપમાંથી
કોઈપણ તપનું સેવન બધા પ્રકારના લાભ આપે જ છે.
તપના બધાં ભેદોમાં ઇચ્છાનિરોધ અનુસ્યૂત છે.
લાભથી નક્કર તે નક્કર છે,
લાભથી દૂર - તે દેખીતી નક્કર હોય, તો પણ દૂર છે.

તપનું પહેલું સૂત્ર : ભૌતિક શરીર સાથે તાદાત્મ્ય તોડો.
એ તોડીને જ તપના જગતમાં પ્રવેશ થઈ શકે.

તપનું પૂરું સૂત્ર : 'હું બાહ્યશરીર નહિ, પ્રભુશરીર છું'.
તપનું પ્રથમ સૂત્ર 'હું શરીર નહિ' એ નિષેધાત્મક છે.
બીજું સૂત્ર 'હું પ્રભુશક્તિસ્વરૂપ છું' એ વિધેયાત્મક છે.
હકારાત્મક સૂત્રની અભાવ નકારાત્મક સૂત્ર નિર્બળ છે.
તેને બળવાન બનાવવા માટે 'હું પ્રભુ છું, ઊર્જા છું'
એ હકારાત્મક સૂત્રની જરૂર છે.

તપની મૂળ પ્રક્રિયા પ્રભુઊર્જાની સાથે તાદાત્મ્ય જોડવાની
અને ભૌતિક શરીર સાથે તાદાત્મ્ય તોડવાની છે.
ભોગની યાત્રા મૃત્યુની - યોગની યાત્રા અમૃતત્વની છે.
શરીર સાથેના તાદાત્મ્યને તોડીને જ તપની શરૂઆત થાય.

'હું અતીન્દ્રિય છું પણ ઐંદ્રિયક નહીં' તથા
'હું ભૌતિકશરીર નહીં, પરન્તુ પ્રભુશરીર છું'
એ સંયમ અને તપના હકારાત્મક સૂત્રો છે.
જોર તો હકારાત્મક સૂત્ર ઉપર જ આપવાનું છે.

## બાહ્ય તપ પ્રધાન શા માટે ?

આપણે બાહ્ય છીએ, તેથી આપણા માટે બાહ્ય તપ પ્રધાન છે.

આત્માનંદ ભૌતિક શરીરમાંથી પેદા થતું નથી, ભૌતિક શરીરના માધ્યમ દ્વારા તે પ્રકટ થતું હોય છે. એનું મૂળ શરીર તો સૂક્ષ્મ હોય છે. તપનું કાર્ય સૂક્ષ્મ શરીર ઉપર જ થાય છે. સૂક્ષ્મ શરીર = ઊર્જા શરીર. ષટ્ચક્રો પણ ઊર્જા શરીરમાં છે. તેને correspond કરનારા દરેક સ્થાનો ભૌતિક શરીરમાં છે, અરિહંતનું જ.

તપ ચિત્તશુદ્ધિરૂપ છે. ૐ 18-4-72

તે ઇચ્છાનિરોધ, ઇચ્છાનિવૃત્તિ અને આત્મરતિરૂપ છે. વિષયાસક્તિના ત્યાગના મૂળમાં ઇચ્છાનિરોધ રહેલો છે.

તપ એ જળ વિનાનું સ્નાન છે.

તપ અંતરંગ ચેતનાને તપાવે છે, જ્ઞાનજ્યોતિ પ્રકટાવે છે.

'શ્રમણઃ શ્રામ્યતિ તપસ્યતિ ઇતિ શ્રમણઃ ।' - નિયમસાર

તપથી કર્મની નિર્જરા થતાં દુઃખમુક્તિ થાય છે તથા દુઃખમુક્તિ એ તો માનવનો પરમ પુરુષાર્થ છે.

## મનની એકાગ્રતા એજ તપ.

પંડિત ગણપતિ શાસ્ત્રીને મહર્ષિ રમણે તેમના એક પ્રશ્નનો જે ઉત્તર આપ્યો, તે 'તપ'ને સમજવાર્થે મહત્વનો છે.

પ્રશ્ન : મેં ઘણાં ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે. ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો, ગીતા વગેરેનું ઠીક ઠીક જ્ઞાન ધરાવું છું, પરન્તુ 'તપ' કોને કહેવાય, તેની મને સમજણ પડતી નથી.

ઉત્તર: તમે કહો છો કે 'મેં અભ્યાસ કર્યો છે' એમાં 'મેં' શબ્દ ક્યાંથી ઉઠે છે, તેની બરાબર શોધ કરી શકો, તો તમે તપ કર્યું છે, એમ કહેવાય. જ્યારે કોઈ મંત્રનો જપ કરતાં હોઈએ, ત્યારે તે અવાજ જ્યાંથી ઉદ્દભવ થાય, ત્યાં મનને એકાગ્ર કરીએ, તો એ તપ છે.

## તપ કરે, તેનું પતન નથી.

સર્વમાં સદ્ભાવ રાખશો, તો સર્વ તરફથી તે મળશે.

સર્વમાં સદ્ભાવ રાખવો, તે એજ તપ છે.

૧૨ પ્રકારના તપથી પરપદાર્થની ઈચ્છાનો ત્યાગ થાય છે.

ભગવાન મહાવીરની છદ્મસ્થાવસ્થાનો પર્યાય
માગસર વદ ૧૦ થી વૈશાખ સુદ ૧૦ - તેમાંથી
૧૨॥ વર્ષ અને એક પક્ષમાં કરેલા તપશ્ચર્યાની વિગત:
(તપના આખંડ દિવસો ૧૧ વર્ષ, ૬ મહિના, ૨૫ દિવસ)
૧ વાર છ માસી તપ,
૧ વાર પાંચ દિવસ ન્યૂન એવું છ માસી તપ,
૯ વાર ચાર માસી તપ, ૨ વાર ત્રણ માસી તપ,
૨ વાર ૨॥ માસી તપ, ૬ વાર બે માસી તપ,
૨ વાર ૧॥ માસી તપ, ૧૨ વાર ૧ માસી તપ,
૭૨ વાર અર્ધ માસી તપ,
૧૨ અટ્ઠમ - ૨૨૯ છટ્ઠ,
૧ વાર ૧૦ દિવસની સર્વતોભદ્ર પ્રતિમા,
૧ વાર ૪ દિવસની મહાભદ્ર પ્રતિમા,
૧ વાર ૨ દિવસની ભદ્ર પ્રતિમા, ૧ અહોરાત્રિ પ્રતિમા,
૧ વાર દીક્ષા ગ્રહણ કરી તે દિવસે ઉપવાસ.
૧૨॥ વર્ષ તથા ૧ પખવાડીયામાં ફક્ત ૩૪૯ પારણા.

# સંયમ અને તપની જુગલબંધી

સંયમ એ માત્ર સંવર રૂપ છે,
તપ એ સંવર-નિર્જરા ઉભય સ્વરૂપ છે.
સંયમથી વિષયવૃત્તિ કાબૂમાં આવે છે,
તપથી કષાયભાવ નાબૂદ થાય છે.
સંયમ વડે ભોગવાસના જીતાય છે,
તપ વડે ભવવાસના નાશ પામે છે.
સંયમ ઈંદ્રિયનિગ્રહરૂપ હોવાથી વિષયવૈરાગ્ય કેળવે છે,
તપ મનોનિગ્રહરૂપ હોવાથી કષાયનો ત્યાગ કરાવે છે.
સંયમ વડે ઈંદ્રિયજય થાય, તપ વડે મનોજય કરાય.
સંયમ એ વાસનાનાં - તપ એ ઈચ્છાનાં નિરોધરૂપ છે.
અહિંસાપાલનાર્થે ત્રણે યોગોની વિશુદ્ધિ જોઈએ,
તપ-સંયમ વડે મન-વચનના યોગો જ શુદ્ધ બને છે
તથા અહિંસા વડે કાયયોગની વિશુદ્ધિ કેળવાય છે.
જેમ બાહ્ય તપ અભ્યંતર તપનો ઉપબૃંહક છે, તેમ
બાહ્ય ભક્તિ એ આંતર ભક્તિની ઉત્તેજક છે.

**સૌથી મોટું તપ = શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું પાલન.**

પ્રભુ આજ્ઞા એ ઇચ્છારૂપી રોગનું પરમ ઔષધ છે.

**તપધર્મની શુદ્ધિ એ છે કે:**

કર્મકલ્પિત વિભાવસ્વરૂપમાં રાચવું નહીં,
પરંતુ આત્મસ્વરૂપમાં રમણતા કરવી.

તપના દિવસોમાં સામાન્યથી શીલપાલન અને વિશેષથી
સ્વરૂપરમણ રૂપ બ્રહ્મચર્યનું પાલન હોવું જોઇએ.
શક્તિ મુજબ દ્રવ્યભાવ જિનપૂજા અને
ક્રોધાદિ કષાયોનો નિગ્રહ - એ તપને શોભાવનાર છે.

**તપસ્વીને બાધક કોણ?**

ક્રોધ, માન, માયા કે લોભને બાધક તપસ્વી ન હોય,
પરંતુ તે ચારે તપસ્વીને બાધક કરે છે, તેથી
તપ એ સર્વ ધર્મમાં રાજાના સ્થાને છે.

આત્મરમણતા કરનાર તપસ્વીથી કષાયો દૂર રહે છે.
તપગુણથી ખુદ પોતે શોભે, તે આરાધક અને
જે તપગુણને શોભાવે, તે પ્રભાવક.

તપ એ કર્મનો ઉદય નહીં પણ ક્ષય - ક્ષયોપશમ છે.
તપનું ફળ પણ સંવર - નિર્જરા છે,
તેથી સ્વરૂપની ઉપલબ્ધિ સહજ બને છે.

જે વ્યક્તિ અસંયમી છે, પાપી છે, દુરાચારી છે તથા જેનું મન ચંચળ છે, તે ઊભો રહે, તો ય ચાલે છે, ચંચળ છે પણ જે નિશ્ચલ છે, ઉદાત્ત છે, સંયમી છે તથા સદાચારી છે, તે ચાલતો રહે છતાં સ્થિર છે. સર્વ વ્રતો જીવદયા માટે છે, માટે દાનધર્મમાં સમાય અથવા સર્વ વ્રતો પચ્ચક્ખાણરૂપ છે, તેથી તપધર્મમાં પણ સમાઈ જાય છે. ચોથું વ્રત શીલધર્મમાં સમાય છે.

જીવનના કલ્યાણ માટે જાતે તપવું, તે તપ.

ઉપવાસ, ઉપાસના, મૌન, ધ્યાન દ્વારા પોતાના અંગત જીવનને તપાસી, તેમાં રહેલી ક્ષતિઓ દૂર કરી અને જીવનને સ્વચ્છ અને પવિત્ર કરવાનો પ્રયત્ન કરવો, તે તપનું ઉત્તમ ધ્યેય છે. તપ માટે અધ્યાત્મ જરૂરી છે અને અધ્યાત્મના મહેલમાં તો ખુદ પ્રભુનો વાસ છે.

## તપ એટલે...

મનની શુદ્ધતા + ચિત્તની પ્રસન્નતા જે દ્વારા વધે તે.

બ્રહ્મચર્ય પણ તપ છે, સત્ય પણ તપ છે.

તે વડે મન, ચિત્ત તથા બુદ્ધિની મલિનતા દૂર થાય છે.

'નાઽતપસ્વિનો યોગઃ સિદ્ધ્યતિ ।
ભવતાપેન તપ્તાનાં યોગઃ પરમૌષધમ્ ।'

અર્થાત્: અતપસ્વીને યોગ સિદ્ધ થતો નથી.
સંસારના તાપથી તપેલાંને યોગ - એ પરમ ઔષધ છે.

વિચારપૂર્વકનું વર્તન એ પણ તપ જ છે.

તપ એટલે સહનશીલતા, વિઘ્નજય, દૃઢ ઇચ્છાશક્તિ.

રોગ જેમ આકરો, તેમ દવા પણ આકરી.

નારકીના જીવો ઉપવાસ કરે, પશુના ભવોમાં ભૂખ્યું રહાય,
ભૂંડના ભવમાં નિર્દોષ ભોજન કરે, તોય કર્મ ના છૂટે.
'કેવી રીતે આહારમાંથી મુક્ત થાઉં અને
ક્યારે અણાહારી પદને પામું' એ ભાવનાપૂર્વકના
ઉપવાસ, આયંબિલ વગેરે કર્મરોગનાં પરમ ઔષધ બને.

## અનેક પ્રકારના તપ

દીપ્તતપ = man invincible = અજેય મહાત્મા.

તપ્તતપ = તેજોલેશ્યા. મહાતપ = દીર્ઘતપ.

દીર્ઘતપ = ભદ્રતપ[૨], મહાભદ્રતપ[૪], સર્વતોભદ્રતપ[૧૦] = ૯૬.

ઘોરતપ = અનેક પ્રકારના અભિગ્રહયુક્ત તથા
જીવન પર્યંત છઠ્ઠ - અઠ્ઠમના સતત તપ.

જલ્લતપ = શરીરનો મેલ ન ઉતારવાનો નિયમ.

ઘોર ગુણ = નિરતિચાર ચારિત્રપાલન.

ઘોર પરાક્રમ = માથે ખેરના અંગારા રાખી

એક લાખ યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવું સહેલું છે,
પરન્તુ આત્મા સાથે લડીને વિજય મેળવવો કઠિન છે.

મનોબલી = અંતર્મુહૂર્તમાં શ્રુતસાગરનું અવગાહન કરે.

વચનબલી = સર્વ શાસ્ત્રો કંઠસ્થ કરી શકે.

કાયબલી = ડુંગરને ડોલાવે.

'ધ્યાન' એટલે પ્રભુઆજ્ઞાનો જાપ.

તપ એ જપ + ધ્યાન સાથે મળીને લબ્ધિઓ પ્રકટાવે છે.

## તપધર્માંશ : નવતત્ત્વ ગાથા - ૫

'નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા ।
વીરિયં ઉવઓગો ય, એઅં જીવસ્સ લક્ખણં ॥'

## તપ : દ્રવ્ય અને ભાવ

૧૨ પ્રકારનો તપ એટલે નિર્જરાતત્ત્વ.
ઇચ્છાનિરોધ તે તપ - નિશ્ચય તપ.

'તાપયતિ અષ્ટ પ્રકારં કર્મ ઇતિ તપઃ ।' અર્થાત્:
આઠ પ્રકારના કર્મને તપાવે, માટે 'તપ' કહેવાય છે.

'તાપયન્તે રસાદિધાતવઃ કર્માણિ વા અનેનેતિ તપઃ ।'
રસ રુધિર માંસ મેદ અસ્થિ મજ્જા શુક્રાદિ ધાતુઓને યા આઠ પ્રકારના કર્મોને તપાવે યા બાળે, તે તપ. બાર ભેદમાંથી કોઈપણ એક ભેદવાળો તપ જીવમાત્રને હોય તથા જીવ સિવાય અન્ય દ્રવ્યમાં તે હોતો નથી.

કર્મથી છૂટવા, સ્વરૂપ તરફ જવા આત્માનો બળપૂર્વક પ્રયત્ન, તે તપવીર્ય - કરણવીર્ય - લબ્ધિવીર્ય - યોગ - ઉત્સાહ - બળ - પરાક્રમ - શક્તિ - વીર્ય છે.

# વીશ સ્થાનક તપવિધિ - પ્રભાવ

'કર્મ તપાવે ચીકણાં, ભાવમંગલ તપ જાણ;
પચાસ લબ્ધિ ઊપજે, જય જય તપ ગુણખાણ.'

સમતા સહિતનો તપ નિકાચિત કર્મનો પણ છેદ કરે છે. અગ્નિ વડે સુવર્ણ, તેમ તપ વડે જીવશુદ્ધિ થાય છે. તપથી દ્રવ્ય તથા ભાવલક્ષ્મી મળે, ભવસંતતિનો છેદ, રોગનું નિર્મૂલન, કર્મનો અંત, વિઘ્નોનો વિનાશ, ઈંદ્રિયોનું દમન, ઈષ્ટની સિદ્ધિ, દેવોનું આકર્ષણ, કામવિકારનો નાશ તથા મંગળની પરંપરા સર્જાય છે.

પ્રથમ જિનેશ્વરે વર્ષ પર્યંત ઉપવાસ કર્યા અને ચરમ જિનેશ્વરે છ માસ પર્યંત ઉપવાસ કર્યા.

જે સાધ્ય દૂર, દુરારાધ્ય અને દેવોને પણ દુર્લભ હોય, તે તપ વડે સાધ્ય થાય. તપનો પ્રભાવ અચિન્ત્ય છે. શ્રીપાળરાજાને કોઢ રોગ નાશ થયે કાયા કંચનવર્ણી થઈ. દૃઢપ્રહારી, ચિલાતી પુત્ર તથા દ્વારિકામાં દ્વૈપાયને ૧૨ વર્ષ પર્યંત આયંબિલ કર્યા અને ઉપસર્ગ અટક્યા.

ચિત્તરૂપી કરંડીયો, ઇંદ્રિયોરૂપી વિવર, વાંછારૂપ પવનનું
લક્ષણ, તેથી રાગાદિ રૂપ ભુજંગ વધે છે. તેને ભૂખ્યા
રાખવાથી નાશ પામે નહીં, અનુભૂત સૂત્ર પ્રગટે છે.

તપમાં મંદતા એટલે ઉપસર્ગોની સહજતા.

કુગ્રહોની પીડાનો અને દુર્નિમિત્તાદિક દોષોનો કેર નહીં
શુભ સંપદાઓની પ્રાપ્તિ - એ તપમંગળના ફળ છે.

અઠ્ઠમના પ્રભાવે માગધ - વરદામ - પ્રભાસ
ગંગા - સિંધુ - અધિષ્ઠાયક દેવો - ચક્રવર્તીને વશ થાય છે,
હરિકેશિબળને દેવો સેવે છે.

તપથી જૂના બંધનો કપાઈ જાય છે.

ઇંદ્રિયોમાં જિહ્વા જીતી, તેણે જગત જીત્યું.
જિહ્વા મૌન, મિતાહાર અને ઉપવાસથી જીતાય છે.

તપથી દેવતાઓ પણ દાસ થાય.

'સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે,
ક્ષમા સહિત જે આહારનિરીહતા, આતમઋદ્ધિ નિહાળે,
તે ભવમુક્તિ ભાખી જિનવર... તપ પદને પૂજીજે...'

## તપમાં વચમાં આવવું યાને અંતરાય.

તપ કરવાના ઉપદેશના અભાવથી કે
અભાવ કરવાવાળાઓના પરિચયથી આત્મકલ્યાણ માટે,
સદ્‌ગતિ કે સમાધાન સુખાર્થે તપ કરનારની ટીકા કરનાર
સ્વયં અંતરાય ઉપાર્જે કે જન્માંતરમાં તપના મહિમાનું
શ્રવણ, આચરણ કે અનુમોદન પણ એને ન મળે.
ભોગોપભોગની અભિલાષા છતાં તેનાં
સાધનો ન મળે કે કર્મબંધથી બચવાની બુદ્ધિ ન હોય,
તો જરૂર અંતરાય ગણાય.
મોક્ષના સાધન તરીકે તપ અત્યંત ઉપયોગી જાણવું.

## એ ન માનવું, તે હઠ - કદાગ્રહ છે કે...

નવા કર્મોના રોકાણ અને જૂના કર્મોના ક્ષય માટેનો
ઉપદેશ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ છે, ઔદયિક નહીં.
ઉપદેશકને અંતરાયનો બંધ અને શ્રોતાને ઉદય નહિ.
તપમાં જેમ રસનેન્દ્રિયના ભોગનો ત્યાગ છે, તેમ
બ્રહ્મચર્યમાં સ્પર્શનેન્દ્રિયના ભોગનો ત્યાગ છે.

## કેવા તપને કષ્ટ ન કહેવાય ?

જે તપથી શ્રોત્રાદિ ઈંદ્રિયોને હાનિ - નુકસાન ન થાય,
જે કરવાથી મન સાધ્ય નિરપેક્ષ બને,
આર્ત - રૌદ્રમાં ન પ્રવેશે, જે કરવાથી મોક્ષ સાધ્ય માટે
પ્રતિદિન કરાતાં સ્વાધ્યાય - ધ્યાન - પ્રતિક્રમણાદિ
યોગોની હાનિ થાય નહીં, તેને કષ્ટ કોઈ કહે નહીં.
એવું બાહ્ય દુઃખરૂપ કાર્ય પણ પરિણામે જો સુખનો
શેવધિ હોય, તો તે દુઃખ ન કહેવાય. આત્માને લાગેલાં
કર્મો શોધનારું તપ અંતરાયરૂપ - દુઃખરૂપ છે નહીં.
દાન સાધ્ય થાય ધનવ્યયથી, શીલ સાધ્ય થાય દેહદમનથી
અને તપ સાધ્ય થાય વિશિષ્ટ દેહદમનથી.
કર્મક્ષય કરવા તપ જેવું ઉપયોગી બીજું સાધન નથી.
તપ એ કોઈ બંધન અથવા અંતરાયનો ઉદય નથી.
પુદ્ગલાનંદી, ઈંદ્રિયારામી, આહારાદિના કીડા જેવા માનવ
'નહીં ખવાયેલા દ્રાક્ષ ખાટી છે - દુઃખરૂપ છે'
એમ માની તપથી દૂર રહે છે.

જે ગુરુ ઉપર દ્વેષ, માત્સર્ય કે નિહ્નવ, તે ગુરુ ન મળે,

કારણ કે તેનો અર્થ એવો થાય કે:

તપ ઉપર દ્વેષ નહિ પણ તેને કરનાર ઉપર દ્વેષ છે.

લંઘન ક્રિયા એ આરાધન ક્રિયા છે, કિન્તુ

તપ કરવાની બુદ્ધિ કે ઇચ્છા વિના ખાવાની જ બુદ્ધિ

અને ઇચ્છા છતાં ભૂખ્યું રહેવું પડે, તે લાંઘણ ક્રિયા,

તેનાથી પણ અકામ નિર્જરા જરૂર થાય.

અકામ નિર્જરા બાલતપ થઈ દેવાનુબંધના હેતુ છે.

મોક્ષનું પ્રબળ સાધન અને આત્મકલ્યાણનો હેતુ એવા

તપસ્યાને 'લંઘન ક્રિયા'ના નામે નહીં ઉડાવતાં,

તેમાં પ્રવર્તવું અને પ્રવર્તાવવું - એ જ હિતકર છે.

## તપશ્ચર્યા - એક મહાન સદ્‌ગુરુ

સંસારમાં ભટકાવનાર કર્મ છે. તેનો છેદ કરવા માટે

શાસ્ત્રોક્ત જે કોઈ ક્રિયા થાય, તે લાભયુક્ત જ છે.

ચારિત્ર તથા તપગુણમાં કટિબદ્ધ રહેનાર જીવોને જ

પરચિત્તને જણાવનાર અવધિજ્ઞાન આદિ લાભો થાય.

ખાનપાન, ગાનતાન, વિષયકષાયમાં ગુલતાન ન રહેવું,
ઉપરકે તીર્થંકરો - ગણધરો - ચક્રવર્તીઓ - બળદેવો -
સુંદરી આદિ ૧૬ સતીઓ - બાહુબલિ આદિ મુનિઓ
પણ તપગુણમાં રતિબદ્ધ રહેનાર જ્યાં હોય છે - ત્યાં,
તેથી આપણીને પણ તપની જરૂર હોય છે.

3 કે ૪ જ્ઞાનવાળા, તે જ ભવમાં મોક્ષે જવાવાળા,
રત્નત્રયની અત્યંત શુદ્ધ દશા ઉપર રહેલાં, દેવેન્દ્રો
અને નરેન્દ્રોથી પૂજિત અરિહંતભગવાને પણ જો તપની
જરૂર પડે છે, તો બાળ સામાન્યજનોને કેમ નહીં?
તપસ્યા કરવા નહીં ટેવાયેલાંને તપદશા આકરી પડે.

'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે કે:

તપનું પચ્ચક્ખાણ એકવિધ એકવિધ.

આહારાદિકના ત્યાગ બતાવનાર કે આહારાદિને
ત્યાગનાર - દિગંબર દરેક પચ્ચક્ખાણ કરનારો ગણાયો છે.
એકવિધ અનેકવિધ ભાંગાને પણ સંવર સ્વરૂપ માનેલ છે.
પચ્ચક્ખાણગ્રહણની બુદ્ધિ કર્મના ગ્રહણની અધિકતા છે.

મુક્તિમાર્ગે અભાવ જેમ, તપ એ મહાસાધન છે.

'પારણાંદિકની ચિન્તા કરીએ, તો
અતિચાર લાગે, તેથી તપ ન કરવું' એમ વિચારવું,
તે વિપરીત શ્રદ્ધા છે - વિરુદ્ધ પ્રરૂપણા છે.

અતિચારનો અભાવ કરીને તપ જેવા
મહાન વ્રતને ન કરવાનો ઉપદેશ ઉત્સૂત્ર પ્રરૂપણા છે.
યાવજ્જીવ તપનું પચ્ચક્ખાણ એ તો ઉત્તરગુણ રૂપ છે.
જિનકલ્પી સ્થવિરના મુનિઓ કે શ્રાવકોને માત્ર મનથી
લાગેલાં અતિચારોનું પ્રાયશ્ચિત માત્ર મિચ્છામિ દુક્કડં છે,
કિન્તુ તેઓને કાયાથી થયેલાં વ્રતોના અતિચારનાં
૨૮ ઉપવાસ સુધીનું પ્રાયશ્ચિત છે.

વસ્ત્રનો ઘણો મેલ માત્ર પાણીના સંયોગે જ દૂર થાય
અને શેષ માટે ક્ષારાદિકની જરૂર છે, તેમ અહીં પણ
સમ્યગ્દર્શનરૂપી ક્ષાર સહિત તપરૂપી જળની જરૂર છે.

દર્શન નિશ્ચયકારક છે, જ્ઞાન પ્રકાશકારક છે,
તપ નિર્જરાકારક છે તથા ચારિત્ર અવરોધકારક છે.

કર્મોને તોડવા કે રોકવાનું સામર્થ્ય

નિર્જરાના ભેદ તરીકે ૧૨ પ્રકારની તપશ્ચર્યા જ છે.

જ્ઞાની ક્ષાયોપશમ/ક્ષાયિકમાં કર્મ ખપાવે,

તેમાં કારણ જ્ઞાન નહીં પણ ગુપ્તિ છે.

અહીં યોગોથી થતાં પ્રાણાતિપાતાદિ આશ્રવજન્ય અશુભ વ્યાપારને રોકે, તો જ સંયમ - સંવર. ગુપ્તિરૂપ સંયમનું સામર્થ્ય કર્મના ક્ષયમાં પ્રબળ નિમિત્ત છે.

પ્રત્યાખ્યાનથી તૃષ્ણાનો છેદ, તૃષ્ણાછેદથી અનુપમ શાંતિ, અનુપમ શાંતિથી અપૂર્વ નિર્જરા, તેથી અપૂર્વ પ્રત્યાખ્યાન.

ઉપચાર કર્મનો કારણોમાં - અહીં રત્ન ઉપરાંત અન્ય સાધનની જરૂર તે તપ, તેનાથી ચિરભવોના સંચિત

નિધત્ત તથા નિકાચિત કર્મોનો ક્ષય થઈને

અવ્યાબાધ સુખસ્વરૂપ મોક્ષસુખની શ્રેણી પ્રાપ્ત થાય છે.

કર્મનો બંધ રાગ-દ્વેષના તારતમ્ય ઉપર આધાર રાખે છે.

રસના આદિનું દુર્જયપણું તપ આડે આવે છે.

રાગ-દ્વેષના કારણોમાં મુખ્ય ભાગ શરીર ભજવે છે.

તંદુલમત્સ્ય આહારસંજ્ઞાથી જ અનંત કષ્ટો ભોગવે છે.

તપ કરવામાં તલ્લીન રહેનારને
સરસ - નીરસ, સુરભિ - દુરભિ, મિષ્ટ - કટુ,
સ્નિગ્ધ - રૂક્ષ આદિ રાગ-દ્વેષ હોતાં નથી.

આયંબિલ - નીવિ - એકાસણાં - ઉપવાસની ટેવવાળા જ સમભાવ રાખી શકે છે. ટેવ વિનાનાને ખોરાક ઉપર, ભાજન ઉપર, પીરસનાર - રાંધનાર ઉપર તીવ્ર - અશુભ ધ્યાન હોય છે. તેથી અપૂર્ણ ભોજને જ ઉઠે છે અને આખો વખત ક્રોધથી ધમધમે છે. તપસ્વીઓને આહાર આદિનો સંયોગ ન હોય, તો ય પેટ બળ્યું લાગતું નથી. 'પેટ બળ્યું, તેણે ગામ બાળ્યું' એ ક્રોધનું વચન છે. તપસ્વીઓને સ્નિગ્ધ બદલે રૂક્ષ, મિષ્ટ બદલે અમિષ્ટ, સંસ્કૃત બદલે અસંસ્કૃત લેવામાં પણ સંક્લેશ નથી, કિન્તુ તત્પરતા રહે છે. આહાર વિના ય તેઓની બુદ્ધિ પવિત્ર, હૃદય શુદ્ધ, મન શાંત રહી શકે છે તથા તેઓ મલિનાથી રહિત શુભ ધ્યાનમગ્ન રહી શકે છે.

મહિનાઓ સુધી મિઠાઈઓવાળા આહારની ઇચ્છાએ પણ ન જાગે, છતાં સતત શુભ ધ્યાનની સરિતામાં સ્નાન કરવાનું સૌભાગ્ય તપસ્વી સજ્જનોને જ સાંપડેલું હોય!
તપની ટેવ વગરનાને સરસ આહાર મળે, તો પણ તેની થોડી ન્યૂનતાને અંશ પણ સહન ન કરી શકે.
તપની ટેવ વગરનાને ભાતુ શાક ભળ્યાનો ભડકો હોય છે, તપધરાધરને તપસ્યામાં તરબોળતા – અનશનમાં આદરતા.
ઈન્દ્રિયોની આસક્તિના અસીમ અગ્નિકુંડમાં આત્માને હોમેલાને રસનાને જીતવા રૂપી જવાહરતનું ગ્રહણ સ્વપ્ને પણ ન હોય. અન્ય ઈંદ્રિયોને પોષનાર રસનેન્દ્રિય છે. સર્વ ઈંદ્રિયોનું દમન ઇષ્ટ હોય, તે જ રસનાને દમે. રસનાને જીતવા, તે જ સર્વને જીતવા બરાબર છે.
અન્ય ઈંદ્રિયોની આસક્તિ મનને બાળે, શરીરને નહીં. ચામડાની ઝૂંપડીની કાળજીની આગનો ભડકો ભભૂકી ઉઠે છે. તપરૂપી મહાતીર્થમાં તરબોળ થયેલાં તારકાત્માને શરીરની કૃશતા, જ્વર, ગ્લાનતા, ઉલ્ટીની શંકાદિ કશું નહિ.

## નમસ્કરણીય તપશ્ચર્યાયુક્ત આત્માઓ

દૈત્ય - દાનવ - ગાંધર્વ - યક્ષ - રાક્ષસ - કિન્નર - સુર - અસુર - મનુષ્યથી નમસ્કરણીય તપશ્ચર્યાયુક્ત આત્મા છે. વાનર સમ ચપળ મનમાં મનની શુદ્ધિ જ અવિદ્યમાન એવા ગૃહનો સમુદાય પણ ક્ષણવત્, ક્ષણમાત્રમાં નષ્ટ તત્ક્ષણ પ્રગટ થાય છે, તે મોહમલ્લને મચ્છરની માફક મસળી નાશ કરી શકે છે. ઘૃતાદિ વિગઈઓ રૂપ રસમય પદાર્થો બ્રહ્મચારીઓએ વગર કારણે ઉપયોગમાં લેવા જ નહીં. જો તે પદાર્થો ખાવામાં આવે, તો તે ખાનારને વિગઈઓના તે રસો મોહનું દેદીપ્યમાનપણું કરનાર છે. અન્ય ઇંદ્રિયોના વિકારોની વૃદ્ધિ એમ રસનાથી થાય, તેમ માનસિક વિકલ્પોનો રાફડો પણ રસનાથી જ છે.

બ્રહ્મચર્યનું પરમ કારણ, ચારિત્રના પ્રાણરૂપ બ્રહ્મચર્ય માટે તપ ન કરવાવાળા સમર્થ ન થઈ શકે. ઇંદ્રિય અને માનસિક વિકારો બ્રહ્મના પ્રતિપક્ષી છે. વિગઈઓ જરૂર છોડવી. મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું.

સાધુઓ દુર્ગતિથી ડરેલાં છે. સ્ત્રીપુત્ર - ધનધાન્ય - આરંભ - પરિગ્રહ - વિષય - કષાયના ત્યાગરૂપ સાધુપણું છે.

દુર્ગતિના ડર વિના સાધુપણું લેવાય જ નહીં.

તેથી સાધુ પણ જો વિગઈથી બનેલાં પદાર્થો ખાય છે, તો વિકાર થા મોહ ઉદય કરવાનો સ્વભાવ છે જેનો, એવી વિગઈઓ વિકાર કરે, જે બળાત્કારે દુર્ગતિએ લઈ જાય છે. વિગઈ રસનેન્દ્રિયની આસક્તિ કરનાર છે. ઇંદ્રિયો મનના દલાલ - ઈન્દ્રિયવિકાર મનના દલાલ છે.

આસક્તિથી રસ, રસથી વિકાર, વિકારથી દુર્ગતિ.

રસના ત્યાગથી બ્રહ્મચર્ય - બ્રહ્મચર્યથી મનગુપ્તિ.

તપસ્વીઓ ભડકે તે ભગવાનની છત્રછાયાથી ભડકનારા છે.

સ્વતંત્રપણે ત્યાગવું મુશ્કેલ, મૂળ કારણને ત્યાગવાથી સહેલ.

ભોજના જાયે આવેલો જાય. પુદ્ગલવીર્ય રૂપ મોહનો ઉદય.

જીવનું પ્રથમ કાર્ય આહારપર્યાપ્તિએ પર્યાપ્તો.

વિગ્રહ ગતિમાં જો ચાર સમય, સમુદ્ઘાતમાં આઠ સમય, શૈલેશી - અયોગીપણું વખતે પાંચ હ્રસ્વાક્ષર સમય.

<u>ઉપયોગે ભાવ સંજ્ઞા, પ્રવૃત્તિએ આહારસંજ્ઞા.</u>

શરીર એ શ્રાપ અને કર્મનું કેદખાનું છે.

શરીર-ઈંદ્રિય-વિષયની ઇચ્છા નથી, એકમાત્ર આહારની. તૈજસના તાપથી તરફડાટ. ઓજઆહારમાંથી મળ થાય, રસ ન થાય. મળભાગો નહીં પણ રસભાગો બાંધીએ છે. શરીર એ સંકટ છે, સંકડામણ - દુઃખામણ છે, શરીર એ જીવન-મરણના સ્થાનરૂપ છે. શરીરધારણ એ જીવનું જીવન અને શરીરવિયોગ એ જીવનું મરણ. સમ્યગ્ દર્શનના આદરની જેમ રસનાને જીતાવનાર તપનો પણ આદર કરવો જોઈએ. કર્મની તક્ષા કરવામાં સમાન લેખું.

<u>પાંચે ઈંદ્રિયો લાભ દેનારી નથી, પરન્તુ</u>
<u>જીવનાં અનંત લાભમાં અંતરાય કરનારી છે.</u>

સહસ્ત્રવેધીના હાથમાં બાણને બદલે સોય,
દેવાલના પરવાળા ચિત્રકારને પીંછીના બદલે જો વાળ,
સેંકડો ગાઉ જઈ શકનાર કાસદને આપી ઊંટના બદલે
બકરાની સવારી. દોડવામાં સાધન - પરમાર્થથી બાધન.

તપધર્મને અંગે ઉત્તરાધ્યયન સૂત્ર, આવશ્યક નિર્યુક્તિ,
શ્રી તત્ત્વાર્થ સૂત્ર, વિશેષાવશ્યક ભાષ્ય, ધર્મબિન્દુ,
દશ વૈકાલિક સૂત્ર ઉપરાંત ચૂલિકા, શ્રી કલ્પસૂત્ર તથા
નવ તત્ત્વાદિમાં અનેક શાસ્ત્રપાઠો આપેલાં છે.

કર્મશુદ્ધિ માટે તપ ઉપાદાન નથી, નિમિત્ત કારણ છે.

*તપ એ ગુણરૂપ નથી, કિન્તુ ધર્મરૂપ છે.*

અનશન વગેરે બાહ્ય તપો આહારના નિષેધ, સંક્ષેપ કે
ઓછાશ માટે છે તથા શરીર - ઈંદ્રિય વગેરેના પીડન,
સંલીનતારૂપ છે, તે પુદ્ગલની સાથે સંબંધ ધરાવે છે.

નામકર્મ એ પુદ્ગલકર્મની પ્રકૃતિ છે.

યોગોની સ્થિરતા અને શુભતાને ઉદ્દેશીને થતો અભ્યંતર
તપ પણ પુદ્ગલની અપેક્ષા રાખે છે. વ્રતાદિમાં લાગેલાં
અને વ્રતાદિને ધારણ કરનાર પ્રત્યે વિનય - ભક્તિ

તપ પણ પુદ્ગલાપેક્ષ છે.

જેવું લક્ષણ તપ, ત્યાં તપ અનાહારી પણ લેવાનો છે.
કર્મક્ષય માટે કરાતાં બાહ્ય - અભ્યંતર તપ ભિન્ન જ છે.

કયા દેવીએ કયું તપ કરી દેવીપણું પ્રાપ્ત કર્યું?

રોહિણી : કનકાવલિ, રત્નાવલિ, મુક્તાવલિ તપ.

ગંગા : સિંહનિષ્ક્રીડિત. સોભાગ્યા : ચંદ્રપ્રતિમા.

મંદપુણ્યિકા : જ્ઞાન, પાંચમ, અરિહંતાદિ પદ આરાધના.

સર્વસંપદા : યવ મધ્ય - વજ્ર મધ્ય.

શ્રુતદેવી : પ્રકીર્ણક તપ - પંચાશક તપ.

શાંતિદેવી : સર્વાંગ સુંદર તપ.

કાલી : નિરૂજ શેખર, પરમ ભૂષણ તપ.

સિદ્ધાયિકા : આયતિજનક - સૌભાગ્ય તપ તથા તેમણે કલ્પવૃક્ષ નામના તપ કર્યા હતાં.

અષ્ટક તથા પંચાશકમાં કહ્યું છે કે:

ભવ્યોને હિતકારક પ્રકીર્ણક તપ છે. જેઓ વ્યુત્પન્ન બુદ્ધિવાળા નથી, તેઓ સૌને પણ તપમાં જોડવા માટે પ્રધાન સ્થાની અર્હત અવ્યુત્પન્ન મતિવાળાને પ્રકીર્ણક તપ અત્યંત હિતકારી છે, તેથી અનુક્રમે માર્ગાનુસારી - ભાવશુદ્ધિ - ચારિત્ર અને મોક્ષ મળે છે.

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં... બારમું સ્વપ્ન દેવવિમાન.



નવોદિત સૂર્યબિંબ સમાન પ્રભાસ્વર, અગરૂ અને
લોબાનની સુગંધથી સુવાસિત એવું દેવવિમાન
આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ બાળકનો પૂર્વજન્મ દેવલોકમાં થયો હશે,
જેથી તેની પુણ્યરાશિને તે ભોગવીને આવી રહ્યો છે.



: ત્રણ વાતને રોજે છોડોઃ ક્રોધ, લોભ અને મમતા :

ત્રણ વસ્તુની કદર કરોઃ સૌજન્ય, નમ્રતા તથા શીલ.

કામથી કર્મ - ક્રોધથી જ્ઞાન - લોભથી ભક્તિ હણાય છે.

ભક્તિ વધે, ત્યારે અભિમાન મરે તથા દીનતા આવે છે,

કિન્તુ અભિમાન વધે, તો માનજો કે ભક્તિમાં અવશ્ય ભૂલ છે.

કામ - ક્રોધ - માન - માયા - લોભ - મોહ - મદ - મત્સર આદિ

શત્રુઓનો નાશ કરવા અરિહંતનું નામ જપો, બેડો પાર થશે.

www.fiestadesigns.in